Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations
GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

FRIDAY, 14 JUNE, 2024 Vol. 22, No. 23 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## મૃતકોમાં કેરળ, મલયાલી અને ઉત્તર ભારતના લોકો સામેલઃ કંપની અને તેના માલિકોની લાલચને કારણે કરુણાંતિકા સર્જાઈ

# કુવૈત અગ્નિકાંડમાં 51 ભારતીયના મોત, 50 દાઝ્યા

**તહેરાન**

કુવૈતનાં મંગાફ શહેરમાં બુધવારે એક ઈમારતમાં લાગેલી ભીષણ આગમાં કુલ 51 મોત થયાં હતા જે પૈકી 49 ભારતીયો હતા. તેમજ તે આગને લીધે 50થી વધુને ઝાળ લાગી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. મોટાભાગના મૃત્યુ ધુમાડો શ્વાસમાં જવાના લીધે થયા છે, કારણ કે આગ લાગી ત્યારે રહેવાસીઓ સૂઈ રહ્યા હતા. જો કે ખાસ્સા લોકોને બચાવી લેવાયા હતા. છ માળના બિલ્ડિંગમાં 200થી વધુ ભારતીયો રહેતા હતા. તેમા મુખ્યત્વે મલયાલી, કેરાલિયન અને ઉત્તર ભારતીયો હતા. આ આગ સવારે છ વાગે લાગી હતી. મંગફ વિસ્તારના છ માળના બિલ્ડિંગમાં આવેલા રસોડામાં આગ લાગી હતી. બિલ્ડિંગમાં રહેતા ભારતીયો એક જ કંપનીમાં કામ કરતા હતા.

ગૃહ મંત્રાલયે જણાવ્યુ હતું કે હાલમાં તો પોલીસ કર્મચારીઓ સાઈટ પર મૃતકોને ઓળખવાનું કામ કરી રહ્યા છે. તેમણે આગનું કારણ શોધ્યું છે અને હવે તે નિયમોનો ભંગ કરનારા માલિકો સામે આકરા પગલાં લેશે. કમનસીબે અમને આ ઘટનાની જાણકારી સવારે નવ વાગે મળી હતી. મૃત્યુ પામેલા મોટાભાગના લોકો ભારતના કેરળ, તમિલનાડુ અને ઉત્તર ભારતીય રાજ્યોના છે. તેમની વય 20થી 50 વર્ષની વચ્ચેની છે.



## કોઈને છોડવામાં આવશે નહીં : અમીર શેખ મેશાલ

કુવૈતના અમીર શેખ મેશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહે અધિકારીઓને અગ્નિકાંડ મામલે તપાસ કરવાનો આદેશ આપ્યો હતો અને કહ્યું હતું કે જેણે આ દુર્ઘટના સર્જી તેમને જવાબદાર ગણવામાં આવશે. કુવૈતના ગૃહમંત્રી શેખ ફહદ અલ-યૂસુફે આ ઘટના માટે બિલ્ડિંગના માલિકને જવાબદાર ઠેરવ્યા છે અને તેની ધરપકડના આદેશ આપ્યા છે. આ ઉપરાંત જે કંપનીના શ્રમિકોને એકસાથે અહીં રાખવામાં આવ્યા હતા તે કંપનીના માલિકની ધરપકડ કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

## તમામ મૃતદેહોને ભારત પરત લાવવા તૈયારી

કુવૈતના મંગાફમાં સાત માળની ઈમારતમાં લાગેલી આગમાં અત્યાર સુધીમાં 45 ભારતીયોના મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે. 45 મૃતદેહોનો ડીએનએ ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. આ સાથે, કુવૈત સરકારે મૃતદેહોને ભારત પરત લાવવામાં સંપૂર્ણ મદદનું આશ્વાસન આપ્યું હતું. દરમિયાન, વાયુસેનાએ મૃતદેહોને ભારત લાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

## ફ્લોરિડામાં ટ્રોપિકલ ડિસ્ટર્બન્સને કારણે પૂર, ઈમરજન્સી જાહેર કરાઈ



ફ્લોરિડા : ટ્રોપિકલ ડિસ્ટર્બન્સને કારણે અચાનક પૂર આવ્યું છે. પૂરને કારણે ફ્લોરિડા સંપૂર્ણપણે ડૂબી ગયું છે. દક્ષિણનો વિસ્તાર સૌથી ખરાબ છે. અહીં ફ્લડ ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. જેથી લોકોને સાવચેત રહેવા તંત્રએ જણાવ્યું હતું. ફ્લોરિડા પર ટ્રોપિકલ ડિસ્ટર્બન્સ એ ભારત પરના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જેવી કુદરતી પ્રક્રિયા છે. પરંતુ તે ઓછું છે. જેના કારણે આવા ભયંકર પૂર આવવાની શક્યતા ઓછી છે. બુધવારે એટલો વરસાદ પડ્યો કે ફ્લોરિડા સહિતના વિસ્તારોમાં પૂર આવ્યું હતું. કેનેડામાં સ્ટેનલી કપ રમતો રદ કરાઈ હતી.




ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનાં ૨ પર
ABOWATH.COM

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe
Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 / 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban
આપ કે પ્યાર ઔર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ક્યુબા નજીક રશિયન યુદ્ધ જહાજો પર નજર રાખતાં કેનેડિયન સશસ્ત્ર દળો

**ક્યુબા**

ડિપાર્ટમેન્ટ ઓફ નેશનલ ડિફેન્સ (ડીએનડી)એ મીડિયાને જણાવ્યું કે, કેનેડિયન સશસ્ત્ર દળો બુધવારે ક્યુબા પહોંચેલા રશિયન યુદ્ધ જહાજોના કાફલાની હીલચાલ અને પ્રવૃત્તિઓ પર નજર રાખી રહ્યા છે. કેનેડિયન સશસ્ત્ર દળો, તેના યુએસ સમકક્ષો સાથે અમારા ખંડીય સંરક્ષણ મિશનના સમર્થનમાં નિયમિતપણે (દરિયાઈ અને હવાઈ કામગીરી સહિત) કામગીરી કરે છે. રોયલ કેનેડિયન એરફોર્સ CP-140 ઓરોરા એરક્રાફ્ટ અને HMCS વિલે ડી ક્વિબેક "રશિયન ફ્લોટિલાની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી રહ્યાં છે. ઉત્તર અમેરિકા તરફના અભિગમોનું નિયમિતપણે નિરીક્ષણ કરવું એ કેનેડા અને ઉત્તર અમેરિકાનો બચાવ



કરવાના અમારા આદેશનો એક ભાગ છે. રશિયન કાફલો, જે કેરેબિયનમાં આયોજિત લશ્કરી કવાયત પહેલા ક્યુબા પહોંચ્યો હતો, તે પરમાણુ સંચાલિત સબમરીન, એક તેલ ટેન્કર અને બચાવ ટગથી બનેલો છે.

# અલ્બર્ટા વિસ્તારના મોરેન લેકનું નામ વિશ્વના સૌથી સુંદર તળાવમાં સામેલ

**અલ્બર્ટા**

અલ્બર્ટાની રોકી પર્વતમાળામાં આવેલું એક તળાવ વિશ્વના સૌથી સુંદર તળાવની રૂપરેખામાં સામેલ છે. કોન્ડે નાસ્ટ ટ્રાવેલર મેગેઝિન દ્વારા આપવામાં આવેલી સૂચિ જોર્ડનથી ફ્રેન્ચ પોલિનેશિયા સુધીના મનમોહક જળાશયો વિશે વાત કરે છે. લેખમાં જણાવાયું છે કે, જ્યારે બૅન્ફ નેશનલ પાર્કમાં સુંદર સરોવરોની કોઈ કમી નથી, ત્યારે મોરેન લેક એક અદભૂત લેક છે. તેમાં દર્શાવ્યું છે કે, તળાવ તેના આકર્ષક રંગ અને આસપાસની હિમ નદીઓમાંથી ખનિજ-સમૃદ્ધ પ્રવાહને આભારી છે. જેમાંથી કેટલાક તમે દસ પર્વતોની ખીણમાં જોઈ શકો છો. 10 પર્વતોની પંક્તિ જે એક સમયે કેનેડિયન $ 20 બિલ પર લાંબા અંતરે દેખાયા હતા. આ લેખ નજીકના મોરેન લેક લોજમાં રહેવાનું સૂચન કરે છે, જ્યાં તળાવ તરફ બાલ્કનીઓ છે. આ વર્ષે પ્રવાસીઓ પાસે પાર્ક્સ કેનેડા શટલ ઉપરાંત મોરેન લેકને ઍક્સેસ કરવા માટે ઓન-ઈટ પ્રાદેશિક પરિવહનનો ઉપયોગ કરવાનો વિકલ્પ છે.

અન્ય કેનેડિયન તળાવો કે જેમણે આ યાદી બનાવી તેમાં લેક વિનીપેગ અને લેક સુપિરિયરનો પણ સમાવેશ થાય છે, જે યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ જાય છે.

# કેરોલીન પેરીસ મિસીસાગાના મેયર બન્યાં : જનહિતના કાર્યો કરવા વચન

**મિસાસાગા**

કેરોલીન પેરિશે મિસીસાગા મેયરની પેટાચૂંટણીમાં વિજય મેળવ્યો હતો. મિસીસાગા કન્વેન્શન સેન્ટર ખાતે સમર્થકોની મોટી ભીડ સોમવારે રાત્રે ઉત્સાહિત થઈ હતી. કારણ કે, CBC ન્યૂઝે અનુમાન કર્યું હતું કે, પેરિશ તેના નજીકના હરીફ એલ્વિન ટેડજોને હરાવી દેશે.

આજે અમે માત્ર ચૂંટણીમાં મળેલી જીતની જ નહીં, પરંતુ અમારા શહેરના ભવિષ્યની જીતની ઉજવણી કરીએ છીએ," પેરિશે તેના વિજેતા ભાષણ દરમિયાન તેના સમર્થકોને કહ્યું હતું કે,



"આ જીત તમારી જીત છે." 35 વર્ષથી રાજકારણમાં રહેલાં પેરિશે, શહેરના બજેટને મર્યાદિત કરીને જીવનનિર્વાહના વધતા ખર્ચ સાથે સંઘર્ષ કરી રહેલા લોકોને મદદ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. મિસીસાગાને ઓન્ટેરિયોમાં ત્રીજા, સૌથી મોટા શહેર અને કેનેડામાં સાતમા, સૌથી મોટા શહેર તરીકે વિકસાવ્યું છે.

# સંબંધો સુધારવા માટે કેનેડા અને ભારતે એકબીજાની ચિંતા સમજવી પડશે :મોદી

## જસ્ટિન ટ્રુડોને ભારતના PM મોદીએ 4 દિવસ પછી ટ્વીટનો જવાબ આપ્યો

**નવીદિલ્હી**

ટ્રુડોએ 6 જૂને મોદીને ચૂંટણી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે લખ્યું હતું કે, કેનેડા બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા પીએમ મોદીની સરકાર સાથે કામ કરવા તૈયાર છે. અમે માનવ અધિકાર, વિવિધતા અને કાયદાના પાલન પર કામ કરીશું. મોદીએ 4 દિવસ પછી તેનો જવાબ આપ્યો હતો.

ટ્રુડોના ટ્વીટના જવાબમાં મોદીએ લખ્યું, 'તમારા અભિનંદન બદલ આભાર. ભારત પરસ્પર સમજણ અને એકબીજાની ચિંતાઓનું સન્માન કરીને કેનેડા સાથે કામ કરવા તૈયાર છે. હકીકતમાં, કેનેડામાં થઈ રહેલી ભારત વિરોધી ગતિવિધિઓ સામે ભારત સતત વાંધો ઉઠાવી રહ્યું છે. જ્યારે કેનેડા અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે તેમની સામે પગલાં લેતું નથી. પોતાના જવાબ દ્વારા મોદીએ ફરી એ વાતનો પુનરોચ્ચાર કરવાનો પ્રયાસ કર્યો છે કે, કેનેડા અને ભારતે સંબંધો સુધારવા માટે એકબીજાની ચિંતાઓને સમજવી પડશે.

ટ્રુડો અને મોદી વચ્ચે વાતચીત ત્યારે થઈ જ્યારે થોડા દિવસો પહેલા કેનેડાની સંસદીય પેનલે ભારતને તેના માટે બીજો સૌથી મોટો ખતરો ગણાવ્યો હતો. ખાલિસ્તાની આતંકવાદીઓ કેનેડામાં સતત ભારત વિરોધી રેલીઓ કરી રહ્યા હતા. ભારતે વારંવાર આ રેલીઓ સામે વાંધો ઉઠાવ્યો હોવા છતાં કેનેડા કોઈ પગલાં લઈ રહ્યું ન હતું.

# કેનેડામાં ભારતીય મૂળના યુવાનની હત્યા, પોલીસને ટાર્ગેટ કિલિંગની શંકા

**બ્રિટિશ કોલંબિયા**

કેનેડાના સરેમાં ભારતીય મૂળના યુવાનની ગોળી મારી હત્યા કરી દેવાની ઘટના બની હતી. બનાવ બાદ પોલીસે ટાર્ગેટ કિલિંગનો મામલો હોવાની આશંકા સેવી હતી. કેનેડિયન પોલીસે જણાવ્યું કે યુવરાજ ગોયલ નામનો યુવક ૭ જૂનના રોજ તેના ઘરે જ મૃત હાલતમાં મળી આવ્યો હતો. તેને ગોળી મારી દેવાઈ હતી. યુવરાજ ૨૦૧૯માં પંજાબના લુધિયાણાથી કેનેડા ગયો હતો અને ત્યાં સરેમાં સેલ્સ એક્ઝિક્યૂટિવ તરીકે નોકરી કરતો હતો. સરે બ્રિટિશ કોલંબિયા વિસ્તારમાં આવેલું શહેર છે. યુવરાજને તાજેતરમાં જ કેનેડામાં કાયમી રહેવાશ (ઁઈ) માટેનો અધિકાર મળ્યો હતો. સરે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસના અહેવાલ



પ્રમાણે આ મામલે ચાર શકમંદોની અટકાયત કરાઈ છે. તેમની સામે ફર્સ્ટ ડિગ્રી મર્ડરનો આરોપ મૂકાયો છે. આરોપીઓની ઓળખ મનવીર બસરામ (ઉ.વ.૨૩), સાહિબ બસરા (ઉ.વ.૨૦), હરકિરત ઝૂટ્ટી (ઉ.વ ૨૩) તરીકે થઈ છે. આ તમામ લોકો સરેના રહેવાસી છે, જ્યારે ચોથો આરોપી ઓન્ટારિયોનો રહેવાસી છે, જેની ઓળખ કિલિયોન ફ્રાન્સકોઈસ (ઉ.વ. ૨૦) તરીકે થઈ છે.










# હોલ્ટન સિનિયર્સ પરિવારની પિકનિક ફોલ્સ-મંદિરની મુલાકાત, ગીતો ગૂંજ્યા



## વિવિધ કસરત બાદ સભ્યોએ રમતોમાં ભાગ લીધો, હસુબેન સ્થાનકીયાનું સન્માન કરાયું : નૃત્ય રજૂ થયું

**નાયગ્રા**

નાયગ્રા ફોલ્સની મુલાકાત, ભગવાન બુદ્ધના મંદિરની મુલાકાત તથા મોજ, મજા અને મસ્તીને આવરી લેતી હોલ્ટન સિનિયર્સની પિકનિક સભ્યો માટે યાદગાર રહી હતી. રવિવાર તા. ૦૯-૦૬-૨૦૨૪ના રોજ કવીનસ્ટોન હાઈસ્ટ્સ પાર્કમાં ભેગા થયેલા સભ્યોએ સૌપ્રથમ નાઈગરા ફોલ્સ શહેરમાં આવેલા ભગવાન બુદ્ધના મંદિરની મુલાકાત લીધી હતી. આ તકે મંદીરના ગુરુજી, મિસ કેમએ સર્વેનું ભાવભીનું સ્વાગત કર્યું હતુ. વિક્રમભાઈ વિભાકરે ભગવાન બુદ્ધનાં અવતાર વિષે સૌને માહિતી આપી હતી. રમણીકભાઈ રાચએ સભ્યોએ તરફથી “ડોનેશન” આપીને ગુરુજીનો ખુબ આભાર વ્યક્ત કર્યો હતો. મંદિરના કેન્ટીનમાં સૌને સુરેશભાઈ પડિયા તરફથી “જ્યુશ” અને મંજુલાબેન રાચ દ્વારા સ્વાદિષ્ટ સેવ ઉપપમાંનો નાસ્તો કરાવાયો હતો. જે બાદ સૌ “નાઈગરા ઓન લેક”માં આવેલા “ Queenston Heights Park” ખાતે પહોંચ્યા હતા. જયાં પ્રમિલાબેન મજીથીયાએ, કસરત કરાવીને દરેકને રમત રમવા માટે તૈયાર કર્યા હતા. લીંબુ ચમચાની રમત, ભાઈઓને સાળી પહેરવાની હરીફાઈ-આનંદ, મસ્તીનો એક અનેરો હતો. દીપકભાઈ તેમના ધર્મ પત્ની સંદયાબેન શાહ અને કિરીટભાઈ સોજાણીના મધુર કંઠે બૉલીવુડના ગીતો ગવાયા હતા.

બિહારીભાઈ અને હંશસુબેન સ્થાનકિયાએ બૉલીવુડનું ગીત “ હમ રસ્તે સે જા રહે થે, હમ ભેલ પુરી ખા રહે થે”ના પ્રખ્યાત ગીત પર નૃત્ય કરી સર્વેને મનોરંજન કરાવ્યું હતુ. જે પછી હસુબેન સ્થાનકીયાનું પણ શાલ આપી સન્માન કરાયું હતુ. હસુબેને રમણીકભાઈને એક વડીલ તરીકે, સમાજના “ સલાહકાર-મુખ્યા અને Trustee”ની માટે, ધોષણા કરી હતી.










તંત્રી સ્થાનેથી

# ભારતમાં એનડીએ સરકાર, ખાતાની ફાળવણી બાદ સાથીપક્ષોમાં કચવાટ



તંત્રી - સ્વદેશ

2014 અને 2019માં ભારતમાં સરકાર રચનાર મોદી 2024માં સાથી પક્ષોને સહારે છે. એકલા ભાજપને 240 બેઠક અને એનડીએને 290 જેટલી બેઠકો મળતાં મોદીએ હવે પછીના પાંચ વર્ષ ચંદ્રાબાબુ નાયડુ અને નીતિશકુમારના ટેકાથી એનડીએને નામે સરકાર ચલાવવી પડશે. ગત રવિવારે દિલ્હીમાં નવી સરકારનું ગઠન થયું અને નવા 70 જેટલા મંત્રીઓએ પાડેશી દેશો અને હિંદ મહાસાગર આસપાસના 7 પ્રદેશના નેતાઓની હાજરીમાં શપથગ્રહણ કર્યા બાદ મંગળવારે ખાતાઓની વહેચણી કરાઈ, આ વખતે ટેકાથી ચાલનારી સરકાર હોવાથી ખાતાંની ફાળવણીમાં તેની અસર વર્તાશે તેવી ગણતરી સૌ કોઈએ માંડી હતી. ખુદ ટીડીપી અને નીતિશની જનતા દળ (યુ)એ પણ મહત્વના ખાતા માંગ્યા હતા.

પરંતુ સાથીપક્ષો સામે ઝુક્યા વગર પ્રાથમિક તબક્કે મંત્રીઓની પસંદગીની જેમ ખાતાંની ફાળવણીમાં પણ વહેચણી કરી દેવાઈ છે. એટલું જ નહીં, મહત્વના મોટાભાગના ખાતા ભાજપના સાંસદો પાસે રાખવામાં આવ્યા છે. નવા મંત્રી મંડળમાં 31 કેબિનેટ, પાંચ સ્વતંત્ર પ્રભાર સાથેના રાજ્યમંત્રી અને 36ને રાજ્યકક્ષાના મંત્રી બનાવાયા છે. મોદી કેબિનેટમાં 31 કેબિનેટ કક્ષાના મંત્રી છે અને તેમાંથી પાંચ મંત્રી સાથીપક્ષોના છે.

લોકસભામાં આ વખતે ચૂંટાયેલા પૈકી 46 ટકા એટલે કે 28 મંત્રીઓ સાંસદો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તો 103થી વધુ સાંસદ તો 12 ધોરણ સુધી પણ ભણ્યા નથી. નવા મંત્રી મંડળમાં 11 મંત્રીઓ તો માત્ર 12 ધોરણ પાસ થયેલા છે. જયારે અન્ય 57 જણાં સ્નાતક કે તેથી વધુ ભણેલા છે. કેબિનેટમાં સાત મંત્રીઓ ડોકટરેટની ડિગ્રી ધરાવે છે તો 3 મંત્રી ડિપ્લોમાં ધારક છે. જાતિગત સમીકરણો સાચવવાના પ્રયાસ પણ કરાયા છે કારણે કે 42 મંત્રીઓ એસસી, એસટી અને ઓબીસી છે. પીએમ મોદીએ પોતાની પાસે કાર્મિક, લોક-ફરિયાદ અને પેન્શન, પરમાણુ, અવકાશ વિભાગ, નીતિવિષયક બાબતો અને નહીં ફાળવાયેલા તમામ વિભાગ રાખ્યા છે.

મોદીએ મંત્રાલયોની કરેલી વહેચણીમાં મનસુખ માંડવિયા, ગજેન્દ્રસિંહ શેખાવત અને જ્યોતિરાદિત્ય સિંધિયાના મંત્રાલયને બાદ કરતાં કોઈ મોટા ફેરફાર નથી કર્યા. ભાજપના પાંચ દિગ્ગજ મંત્રીઓનાં ખાતાં યથાવત્ રખાયાં છે. જેમાં રાજનાથ સિંહને સંરક્ષણ, અમિત શાહને ગૃહ અને સહકાર, નિર્મલા સીતારામનને નાણાં અને અને કોર્પોરેટ બાબતો, નીતિન ગડકરીને રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે અને એસ. જયશંકરને પાછા વિદેશ મંત્રી બનાવી દેવાયા છે. નવી સરકારમાં જે પી નડ્ડાને પણ સ્થાન મળ્યું છે. ૨૦૧૪ની કેબિનેટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નડ્ડાને આરોગ્ય ખાતાનો હવાલો આપ્યો હતો. જે બાદ નડ્ડા ૨૦૧૯માં ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનતાં મંત્રીમંડળમાંથી બાકાત થઈ ગયા હતા. પાંચ વર્ષ પછી તેમણે આરોગ્ય મંત્રી તરીકે પુનરાગમન કર્યું છે.

ભાજપના બીજી હરોળના નેતાઓમાં ધર્મેન્દ્ર પ્રધાનને શિક્ષણ, અશ્વિની વૈષ્ણવને રેલવે મંત્રી, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી તથા પીયૂષ ગોયલને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય ફરી આપી દેવાયાં છે. હરદીપસિંહ પુરીને પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલય તથા ભૂપેન્દ્ર યાદવને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય પાછાં મળ્યાં છે. નવા મંત્રી બનેલા ભાજપના બે ધુરંધર અને ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓમાંથી શિવરાજસિંહ ચૌહાણને કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રાલય જેવાં દમદાર ખાતાં મળ્યાં છે તો મનોહરલાલ ખટ્ટરને આવાસ અને શહેરી બાબતો અને ઊર્જા મંત્રી બનાવાયા છે.

મોદીએ જેમનાં ખાતાં બદલ્યાં તેમાં મનસુખ માંડવિયાને સૌથી મોટું નુકસાન થયું છે. જ્યારે જ્યોતિરાદિત્ય સિંધિયા ફાયદામાં છે. માંડવિયા પાસે છેલ્લી સરકારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ જેવાં દમદાર ખાતાં હતાં. સાથી પક્ષોના મંત્રીઓમાં સૌથી વધારે ફાયદામાં કુમારસ્વામી છે, જેમને ઉદ્યોગ અને સ્ટીલ મંત્રાલય મળ્યાં છે. જેડીએસના લોકસભામાં બે જ સભ્યો હોવા છતાં કુમારસ્વામીને દમદાર મંત્રાલય આપી દેવાયું છે. જેડીયુના રાજીવ રંજન સિંહ ઉર્ફે લલનસિંહને પંચાયતી રાજ અને મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી બનાવાયા છે. આ મંત્રાલયો બહુ મોટાં છે. તેથી જેડીયુ પણ ફાયદામાં છે. ટીડીપીના રામમોહન નાયડુને સિધિયાનું નાગરિક ઉડ્ડયન મંત્રાલય, જ્યારે જિતનરામ માંઝીને માઈક્રો, સ્મોલ અને મીડિયમ ઈન્ડસ્ટ્રી અપાયાં છે. માંઝી પોતાની પાર્ટીના એકલા સાંસદ હોવા છતાં મોટું મંત્રાલય મળી જતાં ફાયદામાં રહ્યા છે. ચિરાગ પાસવાનને તેમના પિતાએ વરસો સુધી સંભાળ્યું એ ફૂડ પ્રોસેસિંગ મંત્રાલય પાછું અપાયું છે. આ પહેલાં આ મંત્રાલય ચિરાગના કાકા પશુપતિ પારસ પાસે હતું.

રાજ્ય કક્ષાના સ્વતંત્ર મંત્રીઓમાં અર્જુનરામ મેઘવાલને કાયદા અને ન્યાય મંત્રાલય પાછું મળ્યું છે એ વજનદાર ખાતું છે પણ સાથી પક્ષોના બંને મંત્રી જયંત ચૌધરી (આરએલડી) અને પ્રતાપરાવ જાધવ (શિવસેના)ને સાવ હલકાં ખાતાં આપીને સંતોષ માનવા કહેવાયું છે. આરએલડીના તો બે જ સાંસદ છે. પણ શિવસેનાના સાત સાંસદ હોવા છતાં કેબિનેટ મંત્રાલયમાં મળ્યું નથી અને રાજ્ય કક્ષાના સ્વતંત્ર હવાલામાં પણ સાવ હલકું મંત્રાલય મળ્યું એ આશ્ચર્યજનક છે.

આ મંત્રીમંડળમાં ફરી ગુજરાતનો દબદબો છે. કેમ કે બધા મંત્રીઓને દમદાર ખાતાં મળ્યાં છે. અમિત શાહ ફરી એક વાર કેન્દ્રીય મંત્રી અને સહકાર મંત્રી બન્યા છે. સૌથી જુનિયર કેબિનેટ મંત્રી સી.આર. પાટીલને જલ શક્તિ મંત્રાલયની કમાન આપવામાં આવી છે. અત્યાર સુધી ગજેન્દ્રસિંહ શેખાવત આ મંત્રાલય સંભાળતા હતા. મનસુખ માંડવિયાને મોદી કેબિનેટમાં આરોગ્ય સ્વાસ્થ્ય મંત્રાલય સંભાળવા માટે આપવામાં આવ્યું હતું. ગુજરાતનાં એક માત્ર મહિલા મંત્રી નીમુબેન બાંભણિયાને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયની ફાળવણી કરવામાં આવી છે. હવે નવી સરકારમાં સૌથી મહત્વની બાબત એ છે કે, મોદી-સરકાર-2ના 37 મંત્રીઓની બાદબાકી કરાઈ છે. આ ઉપરાંત સાથીપક્ષ એનસીપીમાંથી કોઈને મંત્રીપદ અપાયુ નથી. ભાજપની દલીલ એવી છે કે, એનસીપીએ કેબિનેટમાં મંત્રી પદ માંગતા મામલો ગૂંચવાડે પડ્યો હતો. જેને કારણે એનસીપીનો કોઈ મોટો નેતા શપથગ્રહણ સમારોહમાં હાજર રહ્યો ન હતો. એટલું જ નહીં, સાથીપક્ષો પૈકી જદયુએ ચૂંટણીના પરિણામો બાદથી અગ્નિવીર યોજનાની સમીક્ષાની માંગ કરી હતી. જેને કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. ઉપરાંત ખાતાની વહેંચણી બાદ નીતિશકુમાર નારાજ થયાની ચર્ચા પણ જોરશોરથી ચાલી રહી છે. એટલે જ આંધ્રપ્રદેશમાં નાયડુએ સીએમ તરીકે શપથગ્રહણ કર્યા અને ઓરિસ્સામાં માંઝીના શપથ સમારોહથી નીતિશ દૂર રહ્યા હતા.

**અનુસંધાન પેજ નં. 16**

manoj1968@yahoo. ca






# ઉમરપાડાના કબ્રસ્તાનમાંથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહો મળ્યા, તપાસ થતાં ડબલ મર્ડરનો ખુલાસો

## સુરત શહેર AIMIMના માજી પ્રમુખ ખુરશીદઅલી સૈયદની અટકાયત કરવામાં આવી

**ઉમરપાડા**

સુરતના ઉમરપાડાના એક કબ્રસ્તાનમાં ત્યાંનાં રખેવાળને નવી બે કબરો જોઈને આશ્ચર્ય થયું અને આ બાબત તેમણે અજુગતિ લાગતા તેમણે ગામના સરપંચને જાણ કરી હતી. આ દરમિયાન જાણવા મળ્યું હતું કે ગામમાં કોઈ  પણ વ્યક્તિનઉઈ મૃત્યુ થયું નથી. તો પછી આ કબરો કોને ખોદી અને કોને દફનવવામાં આવ્યા છે એ પ્રશ્ન ઊભો થતાં આખો મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટના આદેશ બાદ બંને મૃતદેહોને પોસ્ટ માર્ટમ માટે બહાર કાઢવામાં આવ્યા હતા. આ બાદ બંને મૃતદેહોની ઓળખ થઈ હતી, બંનેની હત્યા થયાનું પણ બહાર આવ્યું હતું. બંને સુરતના લિંબાયતના રહેવાસી છે અને નામ બિલાલ સૈયદ અને અજરૂદ્દીન કાદિર શેખ તરીકેની ઓળખ થઈ છે. બિલાલ સૈયદના મોટાભાઈ કાદિર સૈયદે જણાવ્યું હતું હતું કે તેઓ દસ સભ્યોનો પરિવાર છે અને સયુંકત રહે છે. જો કે 8 મી જૂનના રોજ બિલાલ સૈયદ ઘરેથી સાંજે કહ્યા વગર નીકળી ગયો હતો અને બે દિવસ સુધી પરત ફર્યો ન હતો. આથી પરિવાર દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જો કે બાદમાં જાણવા મળ્યું હતું કે બિલાલનો મિત્ર અજરૂદ્દીન કાદિર શેખ  પણ બે દિવસથી ઘરે પાછો નથી ફર્યો. આ ઘટનામાં પોલીસે AIMIMના માજી સુરત શહેર પ્રમુખ ખુરશીદઅલી સૈયદની અટકાયત પણ કરી  છે.  આથી પરિવારના લોકોએ એવું માન્યું હતું કે બંને કોઈ કામથી બહાર ગયા હશે પરંતુ આ અરસામાં ઉમરપાડા પોલીસ સ્ટેશનથી જાણવા મળ્યું હતું કે કબ્રસ્તાનમાંથી મળેલા મૃતદેહોમાંથી એક મૃતદેહ તમારા ભાઈનો છે.

# સુરતમાં ખૂની ખેલઃ બે ઈસમોએ દિવ્યાંગ યુવકને રહેંસી નાંખ્યો

**સુરત**

અમરોલી કોસાડ આવાસમાં રહેતા 26 વર્ષીય સંદીપ શૈલેષ નિશાદ પોતાના મિત્રની દુકાન પર ગઈકાલે રાત્રે બેઠા હતા. આ દરમિયાન કોસાડ આવાસમાં એચ 1 બિલ્ડીંગમાં રહેતા ચિરંજીત અને રોશન સહાની નામના બે ઈસમો સંદીપ પાસે આવ્યા હતા અને અચાનક સંદીપને પગના પાછળના ભાગ પર ચપ્પુના ઘા જીકી દીધા હતા. જેથી સંદીપની હાલત ગંભીર થતા તેના ભાઈ અને પરિવારજનો સારવાર અર્થે સુરતની હોસ્પિટલ લઈ આવ્યા હતા. હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન સંદીપનું મોત નીપજ્યું હતું.

આ મામલે મૃતકના ભાઈએ જણાવ્યું હતું કે મારો ભાઈ સંદીપ છેલ્લા દસ વર્ષથી સુરતમાં રહે છે. અમે મૂળ ઉત્તર પ્રદેશના છીએ. ગઈકાલે મારો ભાઈ તેના મિત્રની દુકાન પર બેઠો હતો તે દરમિયાન આ બંને ઈસમોએ આવી મારા ભાઈને ચપ્પુના ઘા મારી દીધા હતા. આ હત્યા ઝઘડાની અદાવતમાં કરાઈ હોવાની આશંકા છે. રોશન સહાની અને ચિરંજીત શર્મા ઉર્ફે બિહારી એચ વન બિલ્ડીંગમાં રહે છે. આ બંને ઈસમો ઉપર અન્ય એક વ્યક્તિનો હાથ છે. અમે આ મામલે અમરોલી પોલીસમાં તાત્કાલિક ફરિયાદ કરી દીધી છે.

# પાલ વિસ્તારમાં સાતમાં માળેથી નીચે પટકાયેલા બે વર્ષના માસૂમનું મોત

**સુરત**

શહેરના પાલ વિસ્તારમાં સાતમાં માળેથી બે વર્ષનો બાળક નીચે પટકાયો હતો. બાળકને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો. વ્હાલસોયા બાળકનું મોત થતા સ્વાભાવિક રીતે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. સુરતના વરાછા રોડ ખાતે રહેતા રેશમાબેન બાળકને લઈને પાલ સ્થિત પોતાને પિયર ગયા હતા. ત્યાંથી તેઓ કામ માટે પાલ ગૌરવપથ રોડ સ્થિત એક સેલિબ્રેશન ખાતે ગયા હતા. જ્યાં તેમનો બાળક રમી રહ્યો હતો. રમતા રમતા બાળક સાતમા માળેથી નીચે પટકાતા ગંભીર ઈજાઓ થઈ હતી. માતાને જાણ થતા દોડી આવી બાળકને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.

# ડુમસના જમીન કૌભાંડ મામલે વલસાડ કલેક્ટર આયુષ ઓકને સસ્પેન્ડ કરાયા

**સુરત**

સુરતના ડુમસમાં સરકારી જમીન ખોટી રીતે કોઈ અન્ય ખાનગી વ્યક્તિના નામે ચડાવીને આશરે 2000 કરોડ રૂપિયાની જમીનના કૌભાંડમાં વલસાડના કલેકટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. IAS અધિકારી આયુષ ઓક જ્યારે સુરતમાં કલેકટર હતા ત્યારે આ જમીન વેચીને રાજ્યના મહેસુલ વિભાગને નુકસાન પહોંચાડવા બદલ રાજ્ય સરકાર દ્વારા આખરી કાર્યવાહી કરવામાં આવી છે. જોકે સરકારના આ પગલાં પર કલેકટર કક્ષાના અધિકારીઓ પણ અચંબિત રહી ગયાં છે.

ચૂંટણીઓની કામગીરીને લઈને આઈપીએસ અધિકારીઓની બદલી કરાઈ. જેના લીધે સુરતના કલેક્ટર આયુષ ઓકની વલસાડ જિલ્લાના કલેક્ટર કચેરી ખાતે બદલી કરવામાં આવી હતી. વલસાડ જિલ્લાના કલેક્ટર આયુષ ઓક કોકને આ જમીન કૌભાંડ બાદ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ વલસાડના ADM અનસુયા જહાને કલેક્ટર તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જોકે આ જમીન કૌભાંડ કેસ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના નેતા ચૌધરીએ કરેલી ફરિયાદ બાદ તપાસ વખતે ખુલ્યો હતો. આબાદ રાજ્ય સરકારે જમા તપાસ કર્યા બાદ આજે સાંજે અચાનક જ સસ્પેન્ડનો ઓર્ડર કરાયો હતો.

# ભરૂચમાં વ્યાજ નહીં આપતા ભડકોદરાના વેપારીને નર્મદા નદીમાં ફેંકી દેવાયો

**ભરૂચ**

ભરૂચના સામાજીક કાર્યકર ધર્મેશ સોલંકી અંકલેશ્વર તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેમણે બ્રિજ પર એક મોટર સાયકલ જોઈ હતી. જેના કારણે શંકા જતા નીચે નદી તરફ જોતા એક વ્યકિત દોરડા વડે લટકેલો જણાયો હતો. જેથી ધર્મેશ સોલંકીએ તેમના સાથી કાર્યકરો સાથે તેને બચાવવા પ્રયાસ કરતા પ્રથમ આ વ્યકિત નદીમાં પટકાયો હતો. ત્યારબાદ નાવિકોએ તેને બચાવી લીધો હતો. આ યુવાન સાથે વાતચીત દરમ્યાન એવી માહિતી મળી હતી કે, તે ભડકોદ્રા ખાતે મોબાઈલની દુકાન ધરાવે છે તેમજ તેનું નામ રવિન્દ્ર શા છે. તખતસિંહ સરદાર પાસેથી રૂા.5 લાખ વ્યાજે લીધા હતા, પરંતુ નાણાં ન આપી શકતાં અજાણ્યા માણસો દ્વારા રવિન્દ્ર શાને મોટર સાયકલ પર ઉચકી લવાયો હતો. બ્રિજ પર આવ્યા બાદ તેને નદીમાં ફેંકી દેવામાં આવ્યો હતો.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# મહેમદાવાદના વડદલાના પતિએ નદીમાં ધક્કો મારી પત્નીને મોતને ઘાટ ઉતારી

**ખેડા**

દસ્ક્રોઈ તાલુકાના હરણીયાવ ગામે રહેતા નવલભાઈ પરમારની સૌથી નાની બહેન હેતલ ઉર્ફે મિતલના લગ્ન આજથી 5 વર્ષ અગાઉ વડદરા ગામે રહેતા રાજેશ જાદવ સાથે થયા હતા. આ લગ્નજીવન થકી હેતલને સંતાનમાં એક બાળકી છે, જે હાલ ચાર વર્ષની છે. જો કે પુત્રીના જન્મ બાદ પતિ ત્રાસ ગુજારવા લાગ્યો હતો.

દોઢેક મહિના અગાઉ હેતલ પોતાની પુત્રીને લઈને પિયર આવી ગઈ હતી અને કહ્યું હતું કે, પતિ રાજેશ મારી સાથે નાની-નાની વાતોમાં ઝઘડા કરે છે અને મને રાખવા નથી માંગતા. આથી કંટાળીને તે પિયરમાં રહેવા આવી ગઈ હતી. જે બાદ મહેમદાબાદ પોલીસ મથકમાં રાજેશ વિરુદ્ધ અરજી આપી હતી. આખરે આ બાબતે સમાધાન થતાં હેતલને સાસરિયાઓ તેડી ગયા હતા. આ સમયે હેતલ સાસુ-સસરા સાથે કડદરા ગામે રહેતી હતી, જ્યારે રાજેશ વડદલા ગામે એકલો રહેતો હતો.

ગત 28 મેના રોજ હરણીયાવ સ્થિત હેતલના પિયરમાં પ્રસંગ હોવાથી સસરા તેને મૂકી ગયા હતા. જે બાદ તે રોકાઈ ગઈ હતી. ગત 4 જૂનના રોજ પતિ રાજેશ પત્ની હેતલને તેડવા આવ્યો હતો. જ્યાં તેણે પત્નીને સારી રીતે રાખીશ તેવી બાંહેધરી આપતા પિયરના સભ્યોએ હેતલને તેની સાથે વડદલા રહેવા મોકલી હતી. બીજી દિવસે રાજેશે પોતાના સાળા નવલભાઈને ફોન કરીને કહ્યું કે, હેતલ ગુમ થઈ ગઈ છે. જે બાદ પતિની પૂછપરછ થતા તેણે પત્નીને નદીમાં ધક્કો મારી મોતને ઘાટ ઉતાર્યાનું કબૂલ્યું હતું. આથી 7 જૂનના રોજ રાજેશે પોલીસ સ્ટેશનમાં હેતલ ગુમ થયા હોવાની ફરિયાદ આપી હતી. આ દરમિયાન ભાદરવા પોલીસને મહીસાગર નદીમાંથી હેતલની લાશ મળી આવી હતી.

# પત્નીને છૂટાછેડાના 10 લાખ ના આપવા પડે તે માટે હત્યા કરીને પતિ ભાગી ગયો

**વડોદરા**

બારડોલી તાલુકાના બામણી ગામે રહેતા પિનલભાઈ ભૂપેન્દ્રભાઈ પટેલે અટલાદરા પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારા પિતા અમેરિકા રહે છે. મારી મમ્મી ભવ્યતાબેન સાથે છૂટાછેડા થયા હતા. મારી સૌથી મોટી બહેન કરિશમા ઓસ્ટ્રેલિયા ખાતે રહે છે. તેનાથી નાની બહેન કાજલ અમેરિકા રહે છે. હું અને મારી માતા ભવ્યતાબેન તેમના પિયરમાં વાંકાનેર ગામ બારડોલી ખાતે રહે છે. મારી મમ્મીના છૂટાછેડા થયા તે વર્ષથી મારી મમ્મીએ કેતન પ્રવિણભાઈ પટેલ (રહે.ભાવનગર) સાથે લગ્ન કર્યા હતા. તેઓ જુદી - જુદી જગ્યાએ રહેતા હતા. મારી મમ્મી ફોન પર મારી તથા મારી બંને બહેનો સાથે સંપર્કમાં રહેતી હતી. મારી મમ્મીએ છેલ્લા બે મહિનાથી છૂટાછેડા લેવા માટે કોર્ટમાં કેસ કર્યો છે. કેતને મારી મમ્મીને પાંચ પાંચ લાખના બે ચેક આપ્યા હતા.ગત તા.૨૭ મી મે ના રોજ મારી મમ્મીએ મને કહ્યું હતું કે, કેતન છૂટાછેડા બાબતે ઝઘડા કરી માર મારે છે.બીજે દિવસે મારી બહેને પણ મમ્મી સાથે વાત કરી હતી. ત્યારબાદ મારી મમ્મીને અવાર - નવાર ફોન કરતા તે રિસિવ કરતા નહતા. જેથી, મેં પોલીસ સંકર્ક કરી દરવાજો ખોલાવતા મમ્મી મૃત હાલતમાં મળ્યા હતા.

# સાવલી પાસે સગાઈના પ્રસંગમાં આવેલા બે લોકોના મહી નદીમા ડૂબી જતાં મોત

**વડોદરા**

વડોદરાના સાવલી તાલુકાના અમરાપુર નજીકથી પસાર થતી મહી નદીમાં ડૂબી જવાથી બે લોકોના મેત થયા છે. સ્થાનિક તરવૈયા અને એનડીઆરએફની ટીમ દ્વારા ભારે જહેમત બાદ બન્નેના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા.

વડોદરાના પ્રતાપનગર વિસ્તારમા રહેતા સુગરા બેન ગરારીયા અને વિક્રમસિંહ ચૌહાણ સાવલી તાલુકાના ગોઠડામાં સગાઈ પ્રંસગમાં આવ્યા હતા. સગાઈ પ્રસંગ પૂરો થયા બાદ અમરાપુર નજીકથી પસાર થતી મહી નદીમા નહાવા માટે પડ્યા હતા. દરમિયાન બન્ને જણાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા સ્થાનિકો દોડી આવ્યા હતા અને ફાયર બ્રીગેડને જાણ કરી હતી. ભારે જહેમત બાદ સ્થનિકોની મદદથી નદીમાંથી બન્નેના મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટ માટે ખસેડવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વહીવટી તંત્ર દ્વારા લાછનપુરા ખાતે મહી નદીમાં નહાવા પર પ્રતિબંધ હોવા છતા બન્ને નદીમા ન્હાવા માટે પડ્યા હતા અને ડૂબી ગયા હતાં. પોલીસે બન્નેના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લંડનના વિઝા અપાવવાની લાલચ આપીને યુવક પાસેથી રૂ.17 લાખ પડાવી છેતરપિંડી

**નડિયાદ**

વસો તાલુકાના અલીન્દ્રા સરદાર ચોક પાછળ ભાવીનભાઈ પટેલ રહે છે. તેઓના મિત્ર દર્શન પટેલને લંડન જવાના વીઝા મળ્યા હોવાથી ભાવીને તેઓને વીઝા કેવી રીતે મેળવ્યા છે કેટલી ફી થાય છે તે અંગે પૂછતાં જણાવ્યું કે આણંદ તાલુકાના લાંભવેલના ભુમીતકુમાર પટેલ વીઝા મેળવી આપે છે. ભાવીને દર્શનભાઈને પોતાને પણ વિદેશ જવાની ઈચ્છા છે જેથી દર્શને ભુમીત સાથે વાતચીત કરી હતી. જેથી દર્શને માર્ચ-એપ્રીલ ૨૦૨૩માં ભૂમીત પટેલની અથર્વ ઈન્ટરનેશનલ વીઝા કન્સલટન્સીની ઓફિસે ગયા હતા. જયાં લંડનવ વીઝા પેટે રૂા. ૨૪.૫૦ લાખનો ખર્ચ થશો એને લંડનના વીઝા આપવાની પુરેપુરી જવાબદારી રહેશે. જેથી પ્રથમ રૂા. ૧૭ લાખ આપીશ તેમ ભાવીને જણાવ્યું હતું અને બાકીના રૂા. ૭.૫૦ લાખ વીઝા આપ્યા બાદ આપવાનું નક્કી થયું હતું. ત્યારબાદ ભાવીનભાઈ આણંદ ઓફિસે જઈ ભુમીતભાઈને રૂા. ૫ લાખ રોકડા આપ્યા હતા. અને તેઓએ કોઈ લખાણ આપ્યું ન હતું.

ત્યારબાદ ભાવીનભાઈ ભુમીતભાઈ પટેલની ઓફિસે ગયા હતા. અને તેઓએ આપેલા રૂા. ૧૨ લાખ રોકડાથી રસીદ આપેલ નહી અને લંડનના વીઝા આવી જશે તેવી બાહેધરી આપી હતી. બે માસનો સમય વીત્યો હોવા છતા વીઝા ન આવતા પૈસા પરત માગતા આઈ.સી.આઈ.સી.આઈ.ના બે ચેક આપ્યા હતા. જે ચેક બાઉન્સસ થયા હતા. ત્યારબાદ તેણે બાંહેધરી કરાર લાવી નડિયાદ સેશન્સ કોર્ટમાં નોટરી સમક્ષ રજૂ કર્યો હતો. જે બાદ ભુમીતે ૧૭ લાખ પૈકી ૮ લાખ ભાવીનને આપી દીધા હતા. પરંતુ ૯ લાખ હજુ સુધી આપેલ નથી અને વિશ્વાસઘાત કરતા ભાવીન પટેલની ફરિયાદના આધારે પોલીસે ભુમીત અશોકભાઈ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં બિમારી દૂર કરવાનું કહી મહિલા લેકચરર સાથે દુષ્કર્મ કરનાર તાંત્રિકની ધરપકડ

## કર્મકાંડી બ્રાહણ અને તાંત્રિકની ઓળખ આપનારે દાગીના અને રોકડ પણ પડાવ્યા

**વડોદરા**

પાદરા તાલુકાના એક ગામની સોસાયટીમાં રહેતી ૩૪ વર્ષની મહિલા લેક્ચરરે પાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યું હતું કે હું એન્જિનિયરિંગમાં લેક્ચરર તરીકે વડોદરાની યુનિવર્સિટીમાં નોકરી કરતી હતી ત્યારે મારી ઓળખાણ અમિત ચમનલાલ માંડલીયા (રહે. સુંદરીયાણા ગામ, તા.રાણપુર, જિલ્લો બોટાદ) સાથે થઈ હતી. અમિત નાડી વૈદ્ય અને આયુર્વેદિક ડોક્ટર છે, નાડી પારખવાનું સારી રીતે જાણે છે તેવી ઓળખ આપી હતી.

મને માઈગ્રેનની બીમારી હોવાથી મેં અમિત માંડલીયાની સલાહ લીધી હતી જેથી તે મને દવા આપતો હતો. તે મને હવાફેર કરવાનું કહેતાં હું તેની સાથે બહારગામ ફરવા માટે જતી હતી. મેં પાદરા પાસેના એક ગામ પાસે ઘર ભાડે રાખ્યું ત્યારે અમિત વારંવાર મારા ઘેર આવતો હતો અને બીમારી દૂર કરવાના બહાને મારી સાથે નગ્નાવસ્થામાં વિવિધ મુદ્રાઓ કરાવી દુષ્કર્મ આચરતો હતો. તેણે મારી પાસેના સોનાના દાગીના અને રોકડ પણ પચાવી પાડી હતી.

ઉપરોક્ત વિગતોની ફરિયાદના પગલે જિલ્લા પોલીસે હવસખોર અમિતની ગઈકાલે રાત્રે ધરપકડ કરી હતી. પોલીસે મહિલા લેક્ચરર તેમજ અમિતનું મેડિકલ કરાવવાની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે જણાવ્યું હતું કે ફરિયાદ નોંધાવનાર મહિલા હાલ ખાનગી ટ્યૂશન ક્લાસ ચલાવે છે જ્યારે અમિતને કોર્ટમાં રજૂ કરતાં રિમાન્ડ નામંજૂર થયા હતા અને તેને જેલમાં મોકલી આપ્યો હતો.

# આણંદની 32 ગ્રા. પંચાયત, 5 પાલિકા, જિલ્લા પંચાયતની ચૂંટણી નવેમ્બરમાં

**આણંદ**

આણંદ તાલુકાના ૧૭, ઉમરેઠ તાલુકાની ૧૨ અને આંકલાવ તાલુકાની ૩ ગ્રામ પંચાયતોમાં છેલ્લા બે વર્ષથી વહીવટદારનું શાસન ચાલે છે. જો કે છેલ્લા બે વર્ષથી વિલંબમાં પડેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી સહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આગામી નવેમ્બર માસમાં યોજાય તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. ઓબીસી અનામત બેઠકોને લઈ ખોરંભે પડેલી ચૂંટણીઓ હવે ઓબીસી અનામતનો મુદ્દો ક્લીયર થતાં જ ગાંધીનગર ખાતે તમામ બાકી ગ્રામ પંચાયતો તેમજ નગરપાલિકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ યોજવા માટે ગતિવિધિઓ તેજ કરાઈ છે. ૩૫૧ ગ્રામ પંચાયતો પૈકી વર્ષ ૨૦૨૧માં ૧૮૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. જો કે આણંદ તાલુકાની ૧૭, ઉમરેઠ તાલુકાની ૧૨ અને આંકલાવ તાલુકાની ૩ ગ્રામ પંચાયતો મળી કુલ ૩૨ ગ્રામ પંચાયતોની મુદત ગત ફેબુરઆરી, ૨૦૨૨માં પૂર્ણ થઈ જતા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરાઈ હતી. પરંતુ તંત્ર વિધાનસભા ચૂંટણીમાં વ્યસ્ત થઈ જતા ગ્રામ પંચાયતો ખાતે વહીવટદાર મુકી દેવાયા હતા. વિધાનસભાની ચૂંટણી બાદ ગ્રામ પંચાયતની ચૂંટણી અંતર્ગત મતદાર યાદી પ્રસિધ્ધ કરવા માટે કામગીરી શરૂ કરાઈ હતી.

# આણંદના ચિખોદરામાં 24 લોકોને ફૂડ પોઈઝનીંગ, 2ના શંકાસ્પદ મૃત્યુ થયા

**આણંદ**

ગાંધીનગર અને પાલનપુરમાં કોલેરાનો હાહાકાર છે ત્યારે આણંદ જિલ્લાના ચિખોદરામાં 24 લોકો ફૂડ પોઈઝનીંગનો ભોગ બન્યા છે. જેમાંથી 2 લોકોના શંકાસ્પદ મૃત્યુ પણ થયા છે, જ્યારે અન્ય 6 જેટલા લોકો હાલ સારવાર હેઠળ છે. ચિખોદરામાં ઝાડા ઊલ્ટીનો રોગચાળો ફાટી નીકળ્યો છે. 4 દિવસમાં 50થી વધુ ઝાડા ઊલ્ટીના કેસ નોંધાતા આરોગ્ય વિભાગ પણ હવે કામે લાગ્યું છે. ચીખોદરા ગામના ધડશાપૂરા વિસ્તારમાં 24 લોકોને ફૂડ પોઝનિંગની અસર થઈ છે. ચાર અસરગ્રસ્તો માંથી 6 લોકોની હાલ સારવાર ચાલી રહી છે, જો કે એક 14 વર્ષીય સગીર અને વૃદ્ધનું મોત થયું છે. રોગચાળો ફાટી નીકળ્યા બાદ આરોગ્ય વિભાગ પણ કામે લાગી ચૂક્યું છે. હાલ 2 ડૉક્ટર સહિતની મેડિકલની 6 ટીમો દ્વારા ગામમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. હાલ આરોગ્ય વિભાગની ટીમો દ્વારા 3 સેમ્પલ લઈને તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. 24 કલાક ડોકટરની ટીમ એમ્બ્યુલન્સની સાથે જ ગામમાં તૈનાત કરવામાં આવી હતી.

# કરજણમાં લંડનમાં બોગસ સ્પોન્સર લેટર આપી વડોદરાનાં પિતા અને પુત્રી દ્વારા લાખોની ઠગાઈ

**કરજણ**

કરજણમાં રહેતા રીતીષાબેન બ્યુટી પાર્લરનો કોર્ષ કરે છે. બે વર્ષ પહેલા તેમના લગ્ન થયા હતા. સાસરીપક્ષે પરિચિતના દિકરાના લગ્ન વડોદરાની શ્રેયાંસી સાથે થયા હતા. વર્ષ 2022માં શ્રેયાંસી લંડન અભ્યાસ માટે ગઈ હતી. શ્રેયાંસી પરિચીત થતી હોવાથી તેની જોડે વાતચીત થતી હતી. એક દિવસ તેણે કહ્યું કે, તારે લંડન આવવું હોય તો હું વર્ક પરમીટ વિઝા કરાવી આપીશ.

શ્રેયાંસીએ કહ્યું કે, તમારા બંનેના તમામ પ્રોસેસના રૂ.18 લાખ થશે, તમે મારા પપ્પાને પૈસા આપી દેજો. બાદમાં રૂ.6 લાખ તેમના પપ્પાને આપ્યા હતા. નાણાં લીધા બાદ પાવતી માંગતા સ્ટેમ્પ પેપર પર લખાણ કરી આપવાનું જણાવ્યું હતું. દરમિયાન વોટ્સએપ મારફતે જરૂરી ડોક્યૂમેન્ટ્સની આપ-લે કરવામાં આવી હતી. એક મહિના બાદ શ્રેયાંસી લંડનથી પરત આવતા તેણે મળતાં તમે વિઝા બાબતે ચિંતા ના કરો, જે બાદ રૂ.9 લાખ રોકડા આપ્યાં હતા. જે બાદ વિડીયો કોલ પર ઈન્ટરવ્યુ થયો હતો અને તમારો સર્ટીફીકેટ ઓફ સ્પોન્સરશીપ લેટર અમને આપ્યો હતો. ત્યારબાદ ખબર પડી કે, શ્રેયાંસીએ લંડનથી ભારત આવ્યા ત્યારે છુટાછેડા લઈ લીધા છે. વિઝા માટે તેને ફોન કરતા ગલ્લા-તલ્લા કરવાના શરૂ કરી દીધા હતા. સ્પોન્સર લેટરની ઓનલાઈન ખાતરી કરતા બોગસ જણાઈ આવ્યો હતો. આખરે બોગસ સ્પોન્સરશીપ લેટર પકડાવીને રૂ.15 લાખની ઠગાઈ મામલે શ્રેયાંશી યોગેશભાઈ જોશી અને યોગેશ કુમાર ડાહ્યાભાઈ જોશી સામે ફરિયાદ નોંધાઈ છે.

# MLAની ઓફિસમાં હે. કોન્સ્ટેબલે નશાની હાલતમાં હોબાળો મચાવ્યો

## લઘુશંકા કરી પોલીસે અપશબ્દો ઉચ્ચાયા, ડેડિયાપાડામાં ફરિયાદ

**ડેડિયાપાડા**

ગુજરાતમાં દારૂ બંધીના અમલના દવાઓ કરવામાં આવી રહય છે, ત્યારે નર્મદા જિલ્લામાં ડેડિયાપાડાના વિધાનસભ્ય ચૈતર વસાવાના કાર્યાલય નજીક એક ટ્રાફિક-પોલીસના હેડ કોન્સ્ટેબલે દારૂના નશામાં હોબાળો મચાવ્યો હતો. ટ્રાફિક પોલીસના હેડ કોન્સ્ટેબલ વિરુદ્ધ ચિક્કાર નશામાં ચૈતર વસાવાના કાર્યાલયના શટર પર લઘુશંકા કરી ગાળો બોલતો હોવાનો આરોપ છે, આ અંગે ડેડિયાપાડા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ચૈતર વસાવાના સહયોગી જગદીશ વસાવાએ આપેલી ફરિયાદ મુજબ એકતાનગર ટ્રાફિક-પોલીસના હેડ કોન્સ્ટેબલ પ્રદીપ વસાવાએ ગતરાત્રે ડેડિયાપાડાના લીમડાચોક વિસ્તારમાં આવેલા ચૈતર વસાવાના કાર્યાલયે ચિક્કાર નશાની હાલતમાં પેશાબ કરી ચૈતર વસાવા અને તેમનાં પરિવારજનોને બિભત્સ શબ્દો કહ્યા હતા. લોકો એકઠા એકઠા થઈ જતા કોન્સ્ટેબલ ત્યાંથી ભાગવા લાગ્યો હતો.

આ સમગ્ર બાબતે ડેડિયાપાડા પોલીસને જાણ કરતાં પોલીસે નશામાં ધૂત પ્રદીપ વસાવાને પોલીસ સ્ટેશનમાં લઈ ગયા હતા. પ્રદીપ અમરસિંહ વસાવાએ ડેડિયાપાડા પોલીસ મથકમાં પણ બુમો પાડી હતી. પોલીસે તેને કાબૂમાં લઈ જેલહવાલે કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસે પહેલાં ડેડિયાપાડા ખાતે ભરૂચ સાંસદ મનસુખ વસાવા અને ડેડિયાપાડા વિધાનસભ્ય ચૈતર વસાવા વચ્ચે જાહેરમાં બબાલ થઈ હતી. એ બાદ ચૈતર વસાવાએ ડીવાય એસપી. લોકેશ યાદવને ફરિયાદ કરી હતી આ ઉપરાંત ત્રણ દિવસ પહેલાં નર્મદા જિલ્લાના સાગબારા ખાતે PSI સહિત અન્ય પોલીસ સ્ટાફ દ્વારા ઢોરમાર માર્યો હોવાનો આક્ષેપ આદિવસી યુવાનોએ લગાવ્યો હતો.

# કામરેજમાં હોમગાર્ડ જવાનની હત્યાનો પ્રયાસ કરનારને 10 વર્ષની કેદ

**સુરત**

વર્ષ 2018માં કામરેજ પોલીસ સ્ટેશનનો જી.આર.ડી જવાન નીલ કાંતિ રાઠોડ રાત્રે સેવણી ચાર રસ્તા પર ફરજ બજાવી રહ્યો હતો. આકાશ ભીખાભાઈ રાઠોડ (રહે. સુરત) જીઆરડી જવાન નીલ રાઠોડ પાસે આવ્યો હતો અને જણાવ્યું હતું કે અત્યારે આસ્તા ગામના ગૌચરમાં ઈંગ્લિશ દારૂ ઉતરે છે. નીલ તેના કહેવા મુજબ તે રસ્તા ઉપર બાઈક લઈ જઈ રહ્યો હતો. રસ્તામાં તક મળતાં જ જાનથી મારી નાંખવાના ઈરાદે આકાશે તેની પાસે રહેલા ચપ્પુથી નીલના માથા પર હુમલો કર્યો હતો. તે બાઈક પરથી નીચે પટકાયો હતો. તેણે આકાશને પૂછ્યું કે તું શું કામ મને મારે છે, આકાશે કહ્યું હતુ કે તેં મારી માતાને દેશી દારૂમાં પકડીને જેલમાં મોકલાવી હતી. આ ઘટના બાદ હોમગાર્ડ જવાન નીલ ત્યાંથી બચીને ભાગ્યો હતો. આ બનાવ અંગે ગુનો નોંધાયા બાદ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. જેમાં કોર્ટે આરોપી આકાશ રાઠોડને આ ગુનામાં દોષિત ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા અને 10,000નો દંડ ફટકાર્યો હતો.

# સુરતમાં મિત્રનો મોબાઈલ ફોન ચોરી રૂ.3 લાખ ટ્રાન્સફર કરનાર ઝડપાયો

## સેવાચાકરી કરતાં સંદીપ દેસાઈએ મિત્રની કેન્સરની સારવાર વેળા એપના પાસવર્ડ જાણી લીધા હતા

**સુરત**

સાવરકુંડલાના આકોરડાના વતની અને સુરતમાં નાના વરાછા રહેતા 41 વર્ષીય એમ્બ્રોઈડરી કારખાનેદાર નરેન્દ્રભાઈ ગોવિંદભાઈ ગજેરાના નાના ભાઈ નિકુલભાઈ કેન્સરની બિમારીને લીધે ગત 17 મે ના રોજ અવસાન પામ્યા હતા.ગત 28 મે ના રોજ તેમની બારમા અને પાણીઢોળની વિધી ઘરે રાખવામાં આવી હતી તે સમયે નિકુલભાઈની પત્ની રૂચિતાબેને મકાનના બીજા માળે ખુલ્લા રૂમમાં શેટી ઉપર મુકેલો નિકુલભાઈનો રૂ.10 હજારની મત્તાનો મોબાઈલ ફોન કોઈક ચોરી ગયું હતું.

મોબાઈલ ફોન ત્યાર બાદ સ્વીચ ઓફ હોય બે દિવસ બાદ નરેન્દ્રભાઈએ ફરિયાદ કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે મોબાઈલ ચોરાયા બાદ તેના ગુગલપે માંથી રૂ.3 લાખ એક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા છે.આથી પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી આજરોજ મોબાઈલ ફોનની ચોરી કરી રૂ.3 લાખ ટ્રાન્સફર કરનાર સ્વર્ગસ્થ નિકુલભાઈના નાનપણના મિત્ર સંદીપ વિનુભાઈ દેસાઈની ધરપકડ કરી તેની પાસેથી રોકડા રૂ.3 લાખ અને ચોરેલો મોબાઈલ ફોન કબજે કર્યા હતા. ટેક્ષટાઈલ લેબર વર્ક કરતા સંદીપની પુછપરછમાં જાણવા મળ્યું હતુ કે તેણે જુદીજુદી બેન્કમાંથી રૂ.20 લાખની હોમલોન લીધી છે.તે ભરપાઈ કરવા માટે તેણે આ ચોરી કરી હતી.

સ્વર્ગસ્થ નિકુલભાઈ નાનપણના મિત્ર હોય અને સેવાચાકરી પણ કરતો હોય તે દરમિયાન તેના મોબાઈલ અને પેમેન્ટ એપના પાસવર્ડ જાણી લીધા હતા.પાણીઢોળની વિધી દરમિયાન તેણે મોબાઈલ ફોન ચોરી પૈસા પોતાના અન્ય મિત્રના એકાઉન્ટમાં તેમ કહીને ટ્રાન્સફર કર્યા હતા કે મારું પેમેન્ટ આવવાનું છે.પૈસા આવ્યા બાદ તેણે ઉપાડી લીધા હતા.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટ અગ્નિકાંડના 18મા દિવસે 9 આરોપીઓ જેલ હવાલે

## ચાર્જશીટ કરવા સિટની તજવીજ : એક આરોપી હજૂ વોન્ટેડ, એક આરોપીનું અગ્નિકાંડમાં મોતઃ વધુ, આરોપીઓની ધરપકડ બાબતે રહસ્ય

રાજકોટ

ગુજરાતને હચમચાવનાર અને સત્તાવાર રીતે બાળકો સહિત ૨૭ જણાનો ભોગ લેનાર રાજકોટના ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડનાં અઢારમાં દિવસે તમામ નવ આરોપીઓ હવે જેલ હવાલે થઈ ગયા છે. આ અગાઉ કિરીટસિંહ જાડેજા અને ત્યારબાદ યુવરાજસિંહ સોલંકી, નિતીન લોઢા, રાહુલ રાઠોડ અને ધવલ ઠક્કર સહિત પાંચ આરોપીઓ રિમાન્ડ પુરા થતાં જેલ હવાલે થયા હતા. રાજકોટ મનપાના વિવાદાસ્પદ અને સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠીયા, એટીપી ગૌતમ જોશી, બીજા એટીપી મુકેશ મકવાણા અને ફાયર બ્રિગેડના અધિકારી રોહિત વીગોરાના રિમાન્ડ પુરા થતાં તપાસ કરતી સિટે કોર્ટમાં રજૂ કરતાં જેલ હવાલે કરાયા હતા. આ કેસમાં કુલ નવ આરોપીઓની ધરપકડ થઈ હતી. જયારે મુખ્ય આરોપી પ્રકાશ હિરન અગ્નિકાંડમાં જ ભુંજાઈ ગયો હતો. જયારે એક આરોપી અશોકસિંહ જાડેજા હજુ વોન્ટેડ છે. બીજા કોઈ આરોપીઓ વિરૂધ્ધ જો દસ્તાવેજી અને સાંયોગિક પુરાવાઓ મળશે તો તેમની પણ ધરપકડ કરાશે. અત્યાર સુધીમાં જે પણ સાક્ષીઓના નિવેદનો લેવાયા છે તેના આધારે બીજા જરૂરી પુરાવા મેળવવાની પ્રક્રિયા હાલ ચાલુ છે. આરોપીઓ વિરૂધ્ધ સજ્જડ પુરાવા સાથેનું ચાર્જશીટ કોર્ટમાં ફાઈલ કરાશે. અત્યાર સુધીની સિટની તપાસમાં કોઈ પોલીસ અધિકારી કે નેતાઓની સંડોવણી નહીં ખુલ્યાનું જાહેર કરી દેવાયું છે. એટલું જ નહીં માર્ગ મકાન વિભાગ અને પીજીવીસીએલના અધિકારીઓને પણ મહદ અંશે કલીનચીટ અપાઈ ગઈ છે.

## અગ્નિકાંડમાં વધુ એક અધિકારી સસ્પેન્ડ કરાયા

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમા વધુ એક અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અગાઉ નવ સામે પગલા લેવાયા બાદ ડે. ચીફ ફાયર ઓફિસર બી. જે. ઠેબા સામે અપ્રમાણસર મિલકતનો ગૂનો નોંધી ધરપકડ થયાના 48 કલાક પુરા થતા મનપાએ તેમને સસ્પેન્ડ કર્યા છે.

## અગ્નિકાંડ મામલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ભૂલ સ્વીકારી

ગાંધીનગરઃ આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાજ્યની નગરપાલિકા અને મહાનગરપાલિકાના વિકાસકામો માટેની ગ્રાન્ટના 2111 કરોડના ચેક વિતરણનું શહેરી વિકાસ દ્વારા કરવામાં આવેલ આયોજનમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ (Bhupendra Patel) ઉપસ્થિત રહ્યા હતા. જો કે અહીં તેમણે રાજકોટમાં સર્જાયેલ ગેમ દુર્ઘટના અંગે નિવેદન આપ્યું હતું. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે રાજકોટની દુર્ઘટના બન્યા પછી આપણને એમ થાય કે આટલું બધુ કામ કરીએ છતાં ક્યાંક કે ક્યાંક આપણી ભૂલ થાય છે, કેવી રીતે થાય છે? એ આજે સૌથી પહેલી પ્રાયોરિટી માણસના જીવ બચાવવાની હોવી જોઈએ., એમાં કોઈપણ જાતનું સમાધાન કોઈપણ પક્ષે ન હોવું જોઈએ. અધિકારી હોય કે પદાધિકારી હોય કોઈપણ પક્ષે સમાધાન ન હોવું જોઈએ.

# મનપા અધિકારીને રેપ કેસમાં ફસાવાની ધમકી આપીને રૂપિયા 20 લાખ માંગણી

જુનાગઢ

જુનાગઢ મનપામાં નોકરી કરતા એક અધિકારી જે રાયજીબાગ વિસ્તારમાં રહેતા હોય તેમણે ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા.22 એપ્રીલના રોજ સવારે 11, 12ની વચ્ચે જેતલસર ગામની મહિલા રીટાબેન વિનોદરાય ખેરડીયાએ અધિકારી સાથે ઓળખ કરી પોતાના આધાર કાર્ડ તેમજ સરકારી કામોમાં મદદ કરવાનું કહી અધિકારી સાથે સબંધો કેળવ્યા બાદ રીટાબેને ચામડીના રોગની દેશી દવા ઓસળીયા આપવા માટેનું કહી વીડિયો કોલ કરાવીને અધિકારીને કપડા ઉતારવાનું અને ન્યુડ હાલતમાં નગ્ન શરીર પરના ચામડી પરનો રોગ બતાવવાનું કહ્યું હતું.

જેથી મહિલાના કહેવા પ્રમાણે અધિકારીએ કરતા મહિલાએ વીડિયો રેકોર્ડીંગ કરી અધિકારીને મળવા પહોંચી હતી અને કચેરીની ચેમ્બરમાં બે વખત દુષ્કર્મ આચરી અને નગ્ન (ન્યુડ) થઈ વીડિયો કોલથી વાત કર્યાની અરજી મહિલાએ મનપા અધિકારી વિરૂધ્ધ પોલીસમાં આપી હતી. ત્યારબાદ સમાધાન કરવા અલગ અલગ વ્યકિતઓ મારફત તેમજ રૂબરૂ અધિકારી પાસે પ્રથમ રૂા.14 લાખ બાદમાં 20 લાખની માંગણી કરી પોલીસમાં કેસ કરી ફસાવી દેવાની ધમકી આપી હતી અને 20 લાખ કઢાવવાની કોશીષ કરી હતી.

# કંથારિયા ગામે જૂથ અથડામણ કેસમાં બન્ને પક્ષના સાત શખ્સને અદાલતે સજા ફટકારી

ભાવનગર

વલ્લભીપુર તાલુકાના કંથારિયા ગામે પોણા છ વર્ષ પૂર્વે અથડામણના કેસમાં કોર્ટે સાત જણાને કેદ અને 2000નો રકમનો દંડ ફટકાયો છે.

વલ્લભીપુરના કંથારિયા ગામે ગત તા.૪-૯-૨૦૧૮ના રોજ રાત્રિના સમયે શંભુભાઈ ઉર્ફે સાંગાભાઈની દીકરી અને દાનાભાઈ અમરશીભાઈના દિકરાની માથાકૂટ ચાલતી હોય, જે માથાકૂટના સમાધાન માટે થયેલી બેઠકમાં ઉગ્ર બોલાચાલી થતાં બે પક્ષ એક-બીજા ઉપર ધારિયા, લોખંડના પાઈપ, સળિયા સહિતના હથિયારો લઈ તૂટી પડયા હતા. જે મારામારીની ઘટનામાં જગદીશસિંહ કરણસિંહ ગોહિલ, હરપાલસિંહ રઘુવીરસિંહ ગોહિલ, જીતેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહને નાની-મોટી ગંભીર ઈજા પહોંચી હતી. સામા પક્ષે એક યુવતી સહિત ત્રણ વ્યક્તિને પણ ઈજા થતાં તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે હરપાલસિંહ રઘુવીરસિંહ ગોહિલએ લાલજી ઉર્ફે લાલા બચુભાઈ પીપળિયા, દાના અમરશીભાઈ દલસાણિયા, દીપક ઉર્ફે દીપો દાનાભાઈ દલસાણિયા, શંભુ રમુભાઈ દલસાણિયા, લાલજી દલસાણિયા અને સંજય દલસાણિયા સામે ફરિયાદ હતી. સામા પક્ષે ઉમાબેન દાનાભાઈ દલસાણિયાએ ફરિયાદ કરી હતી. આ કેસમાં કોર્ટે આરોપી ધર્મેન્દ્રસિંહ પથુભા ગોહિલ, જગદીશસિંહ ઉર્ફે જગભા કરણુભા ગોહિલ અને હરપાલસિંહ ઉર્ફે કનુભા રઘુવીરસિંહ ગોહિલને આઈપીસી ૩૨૩ હેઠળ એક વર્ષની સજા, રોકડ રૂા.૨૦૦૦નો દંડ, આઈપીસી ૩૨૪માં બે વર્ષની સજા, રોકડ રૂા.૨૦૦૦નો દંડ, આઈપીસી ૧૧૪ હેઠળ એક વર્ષની સજા, એક હજારનો દંડ, આઈપીસી ૧૩૫ હેઠળ એક વર્ષની સજા, રોકડ રૂા.૧૦૦૦નો દંડનો હુકમ કર્યો હતો.

# ધારાસભ્યના પુત્રની દબંગગીરીનાં વિરોધમાં દલિત સમાજની વિશાળ રેલી અને સંમેલન

## ધારાસભ્યનાં પુત્રનાં સમર્થનમાં ગોંડલ યાર્ડ, વિવિધ ગામો સજ્જડ બંધ, દલિત યુવાનો ઉમટ્યા

ગોંડલ

ગોંડલના ધારાસભ્યના પુત્રની દબંગગીરીનાં વિરોધમાં આયોજિત બાઈક રેલીમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી મોટી સંખ્યામાં દલિત યુવાનો ઉમટયા હતાં. રેલી બાદ ગોંડલમાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દલીત યુવાનને માર મારવાની પોલીસ ફરિયાદમાં ગુજસીટોકની કલમનો ઉમેરો કરવા સહિત ચાર માંગ દલિત આગેવાનોએ દોહરાવી હતી. બીજી બાજુ ગોંડલનાં ધારાભ્યનાં પુત્રનાં



સમર્થનમાં ગોંડલની મુખ્ય બજારો, માર્કેટીંગ યાર્ડ અને ગામો સજ્જડ બંધ રહ્યા હતાં. અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ સ્થળોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં વ્યો હતો. ગોંડલના ધારાસભ્યના પુત્ર અને તેના સાગરિતો દ્વારા જૂનાગઢના દલિત સમાજનાં આગેવાનનાં પુત્રને માર મારવાનાં ચર્ચાસ્પદ પ્રકરણનાં વિરોધમાં આજરોજ અહી જૂનાગઢથી ગોંડલ સુધીની વિશાળ બાઈક રેલી આવી પહોંચ્યા બાદ ખટારાસ્ટેન્ડ ખાતે વિશાળ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં ગોંડલ, રાજકોટ, જૂનાગઢ ઉપરાંત સૌરાષ્ટ્ર - ગુજરાતમાંથી મોટી સંખ્યામાં દલિત સમાજનાં આગેવાનો ઉમટયા હતાં.

# કચ્છમાં આડાસંબંધોની શંકા રાખી પતિએ પત્નીની છરી મારી હત્યા કરી

કચ્છ

ભાવનાબેન વાણીયાના પિતા વેલજીભાઈ કાયાભાઈ વાણીયાએ આદીપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, પોતે પૈસા માંગતા હતા એટલે ગઈ કાલે પૈસાની ઉઘરાણી કરવા ગયા હતા અને તેથી મનદુઃખ રાખી અને આડા સંબંધ બાબતે શંકા વહેમ રાખી પોતાની દીકરી ભાવનાની તેના પતિ હરેશ દાનાભાઈ મહેશ્વરીએ છરીના ઘા ઝીંકી હત્યા કરી હોવાનું જણાવ્યું હતું. આદીપુર પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ વેલજીભાઈ કાયાભાઈ વાણીયાએ ફરિયાદ નોંધાવી છે કે પોતાની દીકરી ભાવનાએ આરોપી હરેશ મહેશ્વરી સાથે પ્રેમ લગ્ન કર્યા હોય આરોપી કોઈ કામ ધંધો ન કરતો હોય પોતાની દીકરીનું ઘર સંસાર સારી રીતે ચાલે તે માટે તેને રીક્ષા અપાવી હતી. જેના ભાડા પેટે ૭૦,૦૦૦ લેવાના નીકળતા હોય તેની પાસે રૂપિયાની માંગણી કરી હતી. જે બાબતનું આરોપીએ મનદુઃખ રાખી તેમજ આડા સંબંધ બાબતે વહેમ રાખી તેમની દીકરી ભાવનાને શરીરના જુદા જુદા ભાગે ફરીને આડેધડ ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી. પોલીસે આરોપી વિરૂદ્ધ હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# દ્વારકાના જગતમંદિરના જીર્ણોદ્ધાર માટે 18 કરોડનો ખર્ચનો અંદાજ, કામ શરૂ કરાયું

દ્વારકા

દ્વારકામાં જગતમંદિરના જીર્ણોધ્ધાર કરવા પુરાતત્વ વિભાગની ટીમ દ્વારા કામ શરૂ કરાયું છે. આ કામ માટે રૂ. 18 કરોડનો ખર્ચ થવાનો અંદાજ લગાવામાં આવ્યો છે. મંદિરના શિખરના જર્જરીત ભાગોના પુનઃ જીર્ણોધ્ધાર માટેની પ્રાથમિક તબક્કાની કામગીરી શરૂ કરવામાં આવી છે. રાજકોટ ખાતેની ભારતીય પુરાતત્વ વિભાગની સર્કલ કચેરીના માર્ગદર્શન હેઠળની પુરાતત્વની ટીમના આઠ જેટલા એન્જીનીયર જગતમંદિરના ફ્લોરીંગથી લઈને લાડવા ડેરા તથા શક્તિ માતાજીના મંદિર સુધીના માળ અને ધ્વજાજીના દંડ સુધીના માળ ઉપર ત્રણ ટીમ બનાવીને સાધનો સાથે મંદિરની શિલ્પ કલાઓને કંડોરવામાં આવી છે

# કચ્છના જખૌ પાસેથી મરીન પોલીસને 5 કરોડનો ચરસનો જથ્થો મળી આવ્યો

કચ્છ

સરહદી જિલ્લા કચ્છના સંવેદનશીલ સાગરકાંઠા પરથી વીતેલા ચાર-પાંચ દિવસ દરમ્યાન દેશની વિવિધ સુરક્ષા એજન્સીઓને કરોડોની કિંમતના બિનવારસુ કેફી પદાર્થોના સેંકડો પડીકાઓ મળી આવ્યા બાદ વ્યાપક બનાવાયેલાં સર્ચ ઓપરેશન દરમ્યાન જખૌની મરિન પોલીસને ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમા પાસેના સિંધોડી અને સૈયદ સુલેમાન પીર નજીકના સમુદ્રકાંઠેથી નવ જેટલા બિનવારસુ ચરસના પડીકાં મળી આવતાં સુરક્ષા એજન્સીઓએ તપાસ હાથ ધરી છે.

કેન્દ્રીય ગૃહ વિભાગની સૂચના પ્રમાણે તેમની ટુકડી પાકિસ્તાનની સમુદ્રી સીમા નજીક આવેલા સૈયદ સુલેમાન પીર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે આશરે ૧૧૦૦ ગ્રામ વજનના સિલ્વર રંગના અગાઉ મળેલાં ચરસનાં પેકેટ જેવાં ડેલ્ટા કોફી અને મોટા અક્ષરમાં પ્લેટિનમ ચીતરેલા ચરસના પાંચેક કરોડની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતા વધુ નવ પેકેટ બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા.

# સૌરાષ્ટ્રમાં તાલાલા ગીરથી 11થી 15 કિ.મી.ની ઉત્તર દિશાએ સાસણ ગીરમાં ભૂકંપ

રાજકોટ

તાલાલા ગીરથી 11થી 15 કિ.મી.ની ઉત્તર દિશાએ સાસણ ગીર પંથકમાં 4થી 6 કિ.મી.ની ઉંડાઈએ ધરતીમાં સતત હલચલ થઈ રહી છે. આજે વધુ ઉપરાઉપરી 3 આંચકા આ જ વિસ્તારમાં નોંધાયા હતા જેના પગલે લોકોમાં ભય અને ચિંતા સર્જાઈ હતી. તાલાલાથી એક જ દિશામાં સાસણ ગીર વિસ્તારમાં જમીનની સરેરાશ 5 કિ.મી.ની ઉંડાઈએ કોઈ મોટી ફોલ્ટલાઈન કે ફોલ્ટ સક્રિય થયા હોય તેવું અનુમાન છે. આજે તાલાલાથી વિશેષ અહેવાલ મુજબ 14 કિ.મી.ના અંતરે એ જ વિસ્તારમાં સવારે 4.32 ના 1.2, 5.23ના 1.5 અને બપોરે 2.33 વાગ્યે 2.1ની તીવ્રતાના ઉપરીઉપરી ત્રણ હળવા ભૂકંપ નોંધાયા હતા.



## સની દેઓલે કરી બોર્ડર-2ની જાહેરાત

બોર્ડર ફિલ્મ 1997માં થિયેટરમાં રિલીઝ થઈ હતી અને બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. દર્શકોને આ દેશભક્તિની ફિલ્મ ખૂબ જ પસંદ આવી હતી. જયારે હવે બોર્ડર-2ની જાહેરાત બાદ ચાહકો ખુશ થશે. સની દેઓલે બોર્ડર-2ની જાહેરાત તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર કરી છે. બોર્ડરની 27મી વર્ષગાંઠ પર અભિનેતાએ એક વીડિયો શેર કરતા લખ્યું છે કે, ‘એક સૈનિક તેનું 27 વર્ષ જૂનું વચન પૂરું કરવા ફરી આવી રહ્યો છે. ભારતની સૌથી મોટી યુદ્ધ ફિલ્મ, બોર્ડર-2.’



# દીપિકા ફરી ત્રીજી ફિલ્મમાં પણ માતાના રોલમાં દેખાશે



મુંબઈ : દીપિકા પાદુકોણ રૂપેરી પડદે ત્રીજી વખત માતાની ભૂમિકામાં જોવા મળવાની છે. અગાઉ ‘બ્રહ્માસ્ત્ર’ અને ‘જવાન’ ફિલ્મમાં માતાનો રોલ કર્યા પછી હવે આવનારી ફિલ્મ ‘કલ્કિ ૨૮૯૮ એડી’માં પણ તે માતાના પાત્રમાં જોવા મળશે. ‘કલ્કિ ૨૮૯૮ એડી’નું ટ્રેલર રીલિઝ થયા બાદ દીપિકાના રોલ વિશે ચર્ચાઓ થઈ રહી છે. ટ્રેલર પરથી એ વાતનો અંદાજ મળે છે કે દીપિકા કોઈ એવાં સંતાનને જન્મ આપવાની છે જે નિર્ણાયક કામગીરી બજાવશે. ચાહકોએ નોંધ્યું છે કે એ યોગાનુયોગ છે કે દીપિકા હાલ અંગત જીવનમાં માતા બનવાની છે તેવા સમયે જ તે વધુ એક ફિલ્મમાં પણ માતાનો રોલ કરવાની છે. દર વખતે દીપિકા કોઈ સુપર હિરોને જન્મ આપતી હોય તેવું જોવા મળે છે. ‘જવાન’ ફિલ્મમાં દીપિકાની ભૂમિકા બહુ ટૂંકી હતી પરંતુ તેટલા રોલમાં પણ તે છવાઈ ગઈ હતી. ‘બ્રહ્માસ્ત્ર’માં તેણે કેમિયો જ કર્યો હતો. આ ફિલ્મના બીજા ભાગમાં તેની વિસ્તૃત ભૂમિકા હશે તેવીઅટકળો છે. ઉલ્લેખનીય છે કે દીપિકાને તાજેતરમાં કેટલાક લોકોએ એ બાબતે પણ ટ્રોલ કરી હતી કે તે જાતે સગર્ભા થઈ નથી પરંતુ સરોગેસીથી માતા બનવાની છે. જોકે, આ ટ્રોલિંગની બોલીવૂડના અનેક સ્ટાર્સ દ્વારા ભારે ટીકા કરવામાં આવી હતી અને સૌએ દીપિકાને સપોર્ટ કર્યો હતો.

# ઝહીર સાથે લગ્નનો સવાલો ઉઠતા સોનાક્ષી સિન્હાએ તોડ્યું મૌન, કહ્યું- લોકોને શું લેવા-દેવા?




‘હીરામંડી ધ ડાયમંડ બજાર’થી ફરી એક વખત ચર્ચામાં આવેલી અભિનેત્રી સોનાક્ષી સિન્હા હાલમાં પોતાના રુમર્ડ બોયફ્રેન્ડ ઝહીર ઈકબાલ સાથે લગ્ન અંગે ચર્ચામાં છે. સોનાક્ષી સિન્હા અને ઝહીર ઈકબાલના અફેર વચ્ચે બંને 22-23 જૂનના રોજ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. અહેવાલ તો એવા પણ સામે આવી રહ્યા છે કે, બંને પોતાના લગ્નને પ્રાઈવેટ રાખવા માગે છે. સોનાક્ષી સિન્હાની ગણતરી બોલિવુડની એ એક્ટ્રેસમાં થાય છે જે પોતાની વાત એકદમ સ્પષ્ટ કહેવાનું પસંદ કરે છે. અભિનેત્રીએ આગળ કહ્યું કે લોકો મને મારા માતા-પિતા કરતાં વધુ મારા લગ્ન વિશે પૂછે છે, તેથી મને તે ખૂબ જ રમુજી લાગે છે.

## સોનાક્ષીનાં લગ્નનાં પ્લાનિંગ વિશે શત્રુધ્ન અજાણ

સોનાક્ષી સિંહા તેના બોયફ્રેન્ડ ઝાહિર ઈકબાલ સાથે ૨૩ જુનના રોજ લગ્ન કરવાની હોવાના અહેવાલો છે. જોકે, સોનાક્ષીના પિતા શત્રુઘ્ન સિંહાએ દાવો કર્યો છે કે દીકરીનાં લગ્નનાં આયોજન વિશે પોતે અજાણ છે. શત્રુએ કહ્યું હતું કે મને સોનાક્ષીનાં લગ્ન વિશે મીડિયા અહેવાલો થકી જ માહિતી મળી છે. તે મને અને મારી પત્નીને પોતાના લગ્નના નિર્ણય વિશે જણાવશે ત્યારે અમે ચોક્કસ તેને આશીર્વાદ આપશું. તે સદાય ખુશ રહે એવું જ અમે વિચારીએ છીએ.

# ‘બધાનુ ઘર ચાલવુ જોઈએ’: કાર્તિકે કરી મેકર્સની તરફેણ, ફી પણ ઘટાડી



ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મ સ્ટાર્સની વધતી ફી અને ખર્ચને જોઈને મેકર્સ મોટા સ્ટાર્સને કાસ્ટ કર્યા બાદ ફિલ્મના બજેટને લઈને ખૂબ જ ચિંતિત છે. પરંતુ હવે કાર્તિક આર્યનએ આના પર પ્રતિક્રિયા આપી છે. કાર્તિક આર્યને કહ્યું કે, તે તેની ફી ઘટાડવા માટે તૈયાર છે અને દરેકનો ફાયદો ઈચ્છે છે.

કાર્તિકનું માનવું છે કે કોઈ પણ ફિલ્મ બનાવવા માટે ઘણા લોકો મહેનત કરે છે. તેથી બધાનું ઘર ચાલવુ જોઈએ. ઈન્ડસ્ટ્રીમાં છેલ્લા કેટલાક સમયથી સ્ટાર્સની ફીમાં નોંધપાત્ર વધારો થયો છે. કેટલાક સ્ટાર્સની ફી સાંભળીને જ હોશ ઉડી જાય. ત્યારે આ સ્ટાર્સની વધતી ફીને લઈને ચર્ચા ચાલી રહી છે. નિર્માતાઓ માટે ફિલ્મનું બજેટ અને સ્ટાર્સની ફીનું સંચાલન કરવું ખૂબ મુશ્કેલ બની રહ્યું છે. અનુરાગ કશ્યપ અને ફરાહ ખાન જેવા ઘણા ફિલ્મ નિર્માતાઓ પણ આગળ આવ્યા છે અને કહ્યું છે કે, સ્ટાર્સનું બજેટ ફિલ્મના બજેટને અસર કરે છે. દરમિયાન કાર્તિક આર્યને તેની ફી ઘટાડવાની જાહેરાત કરી છે.

# તૃપ્તિ ડિમરીએ મુંબઈમાં 14 કરોડ રૂપિયાનો વૈભવી બંગલો ખરીદ્યો



મુંબઈ : તૃપ્તિ ડિમરી ફિલ્મ એનિલમથી લોકપ્રિય થઈ છે. તેણે હાલમાં મુબંઈના બાંદરાના કાર્ટર રોડ વિસ્તારમાં બે માળી બંગલો રૂપિયા ૧૪ કરોડમાં ખરીદ્યો છે.તૃપ્તિ ડિમરી હાલ બિઝનેસમેન સૈમ મર્ચન્ટના કારણે પણ ચર્ચામાં છે. એક રિપોર્ટના અનુસાર, તૃપ્તિ ડિમરીનો આ બંગલો ૨,૨૨૬ સ્કે. ફૂટમાં ફેલાયેલો છે. જ્યારે તેનો બિલ્ટ અપ એરિયા ૨,૧૯૪ છે. કહેવાય છે કે આ બંગલા માટે તેણે ૩૦ હજાર રૂપિયા રજિસ્ટ્રેશન અને ૭૦ લાખ રૂપિયા સ્ટેમ્પ ડયૂટી ચુકવી છે. ઉત્તરાખંડની તૃપ્તિ ડિમરીએ ૨૦૧૭માં શ્રેયસ તળપદેની કોમેડી ફિલ્મ પોસ્ટર બોયઝથી એકટિંગ ડેબ્યુ કર્યું હતું. આ પછી તેણે ઘણી ફિલ્મો કરી હતી, પરંતુ તેને સફળતા મળી નહોતી. ફિલ્મ બુલબુલના કારણે તે ચર્ચામાં આવી હતી અને ફિલ્મ એનિમલે તેને રાતોરાત સ્ટાર બનાવી દીધી. તેની પાસે હાલ ધડક ટુ, બેડ ન્યુઝ,. વિક્કી વિદ્યા કા વો વાલા વિડીયો અને ભૂલ ભૂલૈયા ૩ સામેલ છે.





# ॥ સંસ્કૃતિ ॥


Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH

## અનેક કેસોમાં ફસાયેલા ટ્રમ્પે 50 કરોડનો દંડ ભરવા પોતાનું એક પ્લેન વેચી માર્યું

# યુએસમાં ચૂંટણી પહેલાં ટ્રમ્પના કારનામા ચર્ચાને ચગડોળે

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

જગત જમાદાર અમેરિકાના ઈતિહાસમાં કોઈ ભૂતપૂર્વ પ્રમુખને દોષિત ઠેરવાયા હોય એવું પહેલી વાર બન્યું છે. ટ્રમ્પના માથે જેલવાસની તલવાર પણ તોળાઈ રહી છે. ફેલોની ક્રાઈમમાં આજીવન કારાવાસ અને ફાંસી સુધીની સજા થઈ શકે પણ ટ્રમ્પ સામેના આરોપોને જોતાં તેમને ૪ વર્ષની જેલની સજા શકય છે. ટ્રમ્પને જેલની સજા કરવી કે નહીં તેનો નિર્ણય હવે જજ જુઆન મરકાન લેશે. જો કે, આ નિર્ણય લેવામાં જુઆનને ઓછામાં ઓછો એક મહિના લાગશે પણ ટ્રમ્પે હાલ તો જેલમાં જવું પડે એવી શક્યતા ઓછી છે.

આ ચુકાદાથી અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પની ઉમેદવારીને કોઈ ફરક નહીં પડે. કારણ કે, ટ્રમ્પ ચુકાદાને ઉપલી કોર્ટમાં પડકારી શકે તેવી જોગવાઈ ત્યાંના કાયદામાં હોવાથી અદાલતના ચુકાદાના કોઈ તાત્કાલિક પ્રત્યાઘાત પડે તેવી શકયતા જણાતી નથી. આવા સંજોગોમાં અંતિમ ચુકાદામાં ડોનાલ્ડ ટ્રમ્પ દોષિત નહીં ઠરે ત્યાં સુધી ટ્રમ્પની ઉમેદવારીને કોઈ વાંધો નહીં આવે. ટ્રમ્પ પહેલાંની જેમ જ પ્રચાર કરી શકશે. પણ આ વખતે સેક્સ કાંડથી માંડીને ખોટા બિઝનેસ રેકોર્ડ્સ ઉભા કરવા સુધીના આરોપોમાં ટ્રમ્પ ભેરવાયા છે. તેથી આ મુદ્દા ટ્રમ્પને નડી શકે છે. બાઈડેન આણિ મંડળી ટ્રમ્પ સામે કોર્ટ કાર્યવાહીનો મુદ્દો પ્રચાર દરમિયાન ચગાવશે. ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદ માટે લાયક નથી એ ટ્રમ્પ સામેનો મુખ્ય મુદ્દો બની જશે. આ ચુકાદાના બહાને ટ્રમ્પ સામેના બીજા કેસોની વાતો પણ ચગાવાશે. ટ્રમ્પ સામે એક રીતે મીડિયા ટ્રાયલ જ ચાલશે અને ટ્રમ્પે તેની અસરોને ખાળવાની છે. જો કે, ટ્રમ્પ આ બધી વાતોમા માહિર છે એટલે વિરોધીઓની નીતિ સામે પોતે પણ ચાલ રમશે તે નક્કી છે. ત્યારે દોષિત ટ્રમ્પને અમેરિકાની પ્રજા પોતાના ભાવિ પ્રમુખ તરીકે સ્વીકારશે કે કેમ એ સવાલ હાલ ચર્ચામાં છે.



અમેરિકાના મોટાભાગના વિશ્લેષકોના મતે ટ્રમ્પને હાલની કોર્ટ કાર્યવાહીથી ઝાઝી અસર થશે નહીં. અમેરિકાની પ્રજા પણ ટ્રમ્પને અને તેની કરતૂત સારી રીતે જાણે જ છે. સ્ટોર્મી સાથે તો ટ્રમ્પે તેની સહમતિથી સેક્સ માણ્યું હતુ. પણ ઘણી યુવતીઓને તો ટ્રમ્પે બળજબરીથી હવસનો શિકાર બનાવી હોવાના આક્ષેપો થયા છે. ૨૦૧૬ની ચૂંટણીમાં ટ્રમ્પે ઝંપલાવ્યું તે સમયે પણ લોકોને બધી જ ખબર હતી. ૨૦૧૬માં ટ્રમ્પ સામે બીજા પણ ગંભીર આક્ષેપો થયા હતા. આમ છતાં લોકોએ પ્રમુખપદનો તાજ ટ્રમ્પને પહેરાવ્યો હતો. ટ્રમ્પે બિઝનેસ રેકોર્ડ્સમાં ગોટાળા કર્યા, તેને પણ લોકો બહુ ગંભીર માને એવી શક્યતા ઓછી છે. એટલે કે, વિશ્લેષકો યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પના કારનામા કે તેની સામેના કેસની અસર પડવાની શક્યતાને તદ્દન નહિવત ગણે છે.

ટ્રમ્પ સામે બીજા ત્રણ ફેલોની ક્રાઈમના કેસ છે અને એ બધા વધારે ગંભીર છે. પણ ત્રણેય કેસના ચુકાદા નવેમ્બરમાં પ્રમુખપદની ચૂંટણી પહેલાં આવે તેવા સંજોગો નથી. ટ્રમ્પ લાંબા સમયથી અમેરિકાનું ન્યાયતંત્ર ભ્રષ્ટ છે અને પોતે રાજકારણીઓના ઈશારે કામ કરતી ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમનો ભોગ બન્યા છે એવું કહ્યા જ કરે છે. અમેરકામાં રીપબ્લિકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટીના વકીલો ચૂંટણી લડીને જજ બને છે. ટ્રમ્પ સામે ચુકાદા આપનારા જજ બિડેનની ડેમોક્રેટિક પાર્ટીના છે. ટ્રમ્પના વકીલોની પણ દલીલ છે કે, ટ્રમ્પ વરસોથી રાજકારણી હોવાથી અનેક યુવતી તેના પરિચયમાં આવી છે. આ યુવતી વરસો સુધી ચૂપ હતી. પણ ૨૦૧૬માં ટ્રમ્પે પ્રમુખપદની ચૂંટણીમા જેવું ઝંપલાવ્યું કે, તરત મેદાનમાં આવી ગઈ. તેથી તેની પાછળ કોઈનો દોરી સંચારની સંભાવના છે. ટ્રમ્પ સામેના આક્ષેપો ખંડણીખોરી માટે કરાયા હોવાની આશંકા પણ છે. હવે વિરોધીઓના આ પ્રકારના કાવાદાવ વચ્ચે ટ્રમ્પ પીડિત હોવાથી લોકોની સહાનુભૂતિ મેળવવા પેંતરી રચી શકે છે.

ટ્રમ્પને ડેનિયલ સ્ટોર્મી, માઈકલ કોહેન અને ડેવિડ પેકરની જુબાની ભારે પડી ગઈ છે. ટ્રમ્પ પોતાને પોર્ન સ્ટાર ડેનિયલ સ્ટોર્મી સાથે સેક્સ સંબંધો હતા કે પોતે સંબંધોને છૂપાવવા નાણાં આપેલાં એ વાત માની નથી. પરંતુ ટ્રમ્પના ભૂતપૂર્વ વકીલ માઈકલ કોહેને ટ્રમ્પે સ્ટોર્મી અને કેરેન મેકડોગલને નાણાં આપીને કઈ રીતે ચૂપ રાખેલી તેની વિગતો આપી છે. માઈકલ કોહેને 'ડિસલોયલ' પુસ્તકમાં સ્વીકાર્યું છે કે, પોતે સ્ટોર્મીને ૧.૩૦ લાખ ડોલર આપ્યા હતા અને સ્ટોર્મીને ચૂપ રહેવા માટે મનાવતાં પોતે હાંફી ગયા હતા. ટ્રમ્પના બીજી યુવતીઓ સાથે પણ સેક્સ સંબંધો હતા. આ યુવતીઓને રકમ ચૂકવવા નવી એલએલસી એટલે કે લિમિટેડ લાયેબિલિટી કંપની બનાવાઈ હતી.

સ્ટોર્મી અને ટ્રમ્પે સંબંધોની વિગતો બહાર નહીં પાડવા જે નોન-ડિસક્લોઝર એગ્રીમેન્ટ પર સહી કરી, તેમાં ટ્રમ્પનો ડેવિડ ડેનિસન અને સ્ટોર્મીનો પેગ્ગી પીટરસન તરીકે ઉલ્લેખ હતો. આ વાતો તેણે કોર્ટમાં પણ કહી હતી. નેશનલ એન્ક્વાયરના પેકરે ટ્રમ્પના સેક્સ સંબંધોની વાતો બહાર ના આવે એટલે યુવતીઓની સ્ટોરી ખરીદીને નો ડિસક્લોઝર કરાર કરાવી આપતો તેની માહતી આપી છે. સ્ટોર્મીએ કહેલું કે, લેક તાહો ટુર્નામેન્ટ વખતે ટ્રમ્પે તેની સાથે હોટલના સ્યુટમાં સેક્સ માણેલું. સ્ટોર્મીએ ટ્રમ્પ સાથેના સેક્સને પોતે જીંદગીમાં સૌથી છેલ્લે યાદ કરવા જેવો સેક્સ સંબંધ ગણાવ્યો છે. આ ઉપરાંત ટ્રમ્પ સામે બાકીના ત્રણેય કેસ અત્યંત ગંભીર છે. ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ હતા, ત્યારે વ્હાઈટ હાઉસમાંથી અતિ સંવેદનશીલ દસ્તાવેજો ઘરે લઈ ગયા પછી પરત કર્યા ન હતા. બાદમાં કેટલાક દસ્તાવેજ ટ્રમ્પના ઘરેથી મળી આવ્યા હતા. ટ્રમ્પે બીજા મહત્વના દસ્તાવેજો સગેવગે કર્યા અને પોતાના ફાયદા માટે તેનો ઉપયોગ કર્યો હતો તેની તપાસ ચાલી રહી છે. એક સ્પેશિયલ કાઉન્સેલ નિમીને તપાસ કરાવાઈ રહી છે. બાઈડન જીતી ગયા પછી ટ્રમ્પે સમર્થકોને અમેરિકન સંસદ બહાર બોલાવીને હંગામો કરાવ્યો હતો.

ટ્રમ્પની ઉશ્કેરણીના કારણે સમર્થકોએ સંસદમાં ઘૂસીને તોડફોડ કરી હોવાના આક્ષેપો સાચા હોવાનો અહેવાલ પણ સંસદની સમિતીએ આપ્યો છે. સંસદીય સમિતીએ ટ્રમ્પ તથા તેમના સાથીઓ પર પ્રમુખપદની ચૂંટણીને ખોરવી નાંખવા ષડયંત્ર રચીને રાજદ્રોહ કરવાનો આરોપ મૂક્યો છે. ટ્રમ્પ ૨૦૨૦માં જો બાઈડન સામે હારી રહ્યા હતા, ત્યારે જ્યોર્જિયાની ફુલટન કાઉન્ટીમાં ચૂંટણીમાં દખલ કરીને ૧૧, ૭૮૦ મતની વ્યવસ્થા કરવા દબાણ કરેલું. ટ્રમ્પે જ્યોર્જિયાના સેક્રેટરી ઓફ સ્ટેટ બ્રેડ રેફનસ્પર્ગરને ૧૧,૭૮૦ મતની વ્યવસ્થા કરવા કહ્યાનું કોલનું રેકોડગ પણ છે. ડોનાલ્ડ ટ્રમ્પની આટલી મુસીબત ઓછી હોય તેમ નવી મુશ્કેલી પણ ઉભી થઈ છે.

ટ્રમ્પની વાસ્તવિક સંપત્તિ 260 કરોડ ડોલરની છે. કિન્તુ એમણે કાગળ પર 360 કરોડ ડોલર બતાવી છે, આમ બેંકોને ઉલ્લુ બનાવીને છેતરપિંડી કરવાના ૨ ટ્રમ્પ પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ સાથે સેક્સથી માંડીને કરચોરી અને મહિલા પત્રકાર સાથે સ્ટોરના ચેન્જ રૂમમાં પરાણે સેક્સ માણવા સુધીના કેસોમાં ફસાયેલા છે. આ કેસોમાં ટ્રમ્પને અલગ અલગ કોર્ટે 50 કરોડ ડોલરનો દંડ ફટકાર્યો છે. ટ્રમ્પ પાસે આ દંડ ભરવા પૂરતી રોકડ નહીં હોવાથી પ્લેન વેચવાની નોબત આવી છે. ટ્રમ્પની કંપનીએ મહેરદાદની કંપનીને 13 મેના રોજ પ્લેનની માલિકી ટ્રાન્સફર કરી દીધી હતી એ જોતાં બહુ પહેલાં જ સોદો કરી દેવાયો હશે એ કહેવાની જરૂર નથી. ટ્રમ્પ પાસે બે પ્રાઈવેટ પ્લેન હતાં. તેમાંથી એક તેમણે મહેરદાદને વેચી દીધું છે.

**ફેલોની ક્રાઈમમાં દોષિત ઠરેલા ટ્રમ્પને સજા સંભવ છે, પરંતુ આ ચુકાદાથી ચૂંટણીમાં ઝાઝી અસર થવાની શકયતા વિશ્લેષકોને લાગતી નથી. બાઈડેન ટ્રમ્પ સાથે સંકળાયેલા વિવાદોને પ્રચારમાં રજૂ કરશે, પરંતુ અમેરિકનો તો ટ્રમ્પના કારનામાથી વાકેફ જ છે**

# ગુજરાતી સિનિયર ગ્રુપ ઓફ્ બ્રામ્પટન દ્વારા પિકનિક

**બ્રામ્પટન**



ગુજરાતી સિનિયર ગ્રુપ ઓફ્ બ્રામ્પટન દ્વારા પિકનિકનું સુંદર આયોજન **Paul Coffey -A** ખાતે કરાયું હતુ. સૌ પ્રથમ સભ્યોએ આઈસ્ક્રીમની મજા માણી હતી. જે બાદ પ્રાર્થનાથી થયા પછી બંને દેશના રાષ્ટ્રગીત **Oh Canada** અને જન ગણ મનનું સમુહમાં ગાન કરાયું હતુ. દક્ષાબેન રાજાએ સૌને પ્રેમથી આવકાર્યા બાદ હર્ષદભાઈ- રંજનબેનની ટીમ દ્વારા તૈયાર કરેલા ગરમા ગરમ સ્વાદીષ્ટ મેથીના ગોટા, મરચાંના ભજીયા સાથે ચટણી અને ગરમ-ગરમ શિરો પીરસવામાં આવ્યા હતા. નૈસર્ગિક વાતાવરણનો સૌએ આનંદ માણ્યો હતો. રસિકભાઈ રાજાએ રમાડેલી **BINGO**માં પણ સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ક્લબના પાયોનિયર મેમ્બર ડાહ્યાભાઈની ૯૦મી બર્થ ડેની નિર્મળાબેન અને તેમના પરિવાર દ્વારા **Cake kutting** કરીને ઉજવણી કરાઈ હતી. દક્ષાબેન રાજાએ સૌનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો. જમણની વાનગીઓમાં હર્ષદભાઈ-રંજનબેન અને તેમની ટીમે બનાવેલી સ્વાદિષ્ટ વઘારેલી ખીચડી, મસાલાવાળી છાસ, કેપ્સીકમ- ગાજરનું અથાણું , ટામેટા-ડુંગળીનું સલાડ હતું. સૌએ સ્વાદિષ્ટ ભોજન પ્રેમથી આરોગી ૨૩ જૂને મળવાના કોલ સાથે સૌ છૂટા પડયા હતા.

# કેનેડામાં ૪૦ વર્ષ સુધી મહિલાઓનું શોષણ કરનાર ૯૦ વર્ષીય ઉદ્યોગપતિની ધરપકડ

**ઓટાવા**

કેનેડાના મશહૂર ઉદ્યોગપતિ ફ્રેન્ક સ્ટ્રોનકની યૌનશોષણના આરોપમાં ધરપકડ કરાઈ હતી. સ્ટ્રોનક વિશ્વની સૌથી મોટી ઑટોપાર્ટ્સ કંપનીના સ્થાપક છે. બાદમાં પોલીસે તેને કેટલીક શરતો પર છોડી દીધા હતા. કેનેડાની પીલ રિજનલ પોલીસે એક નિવેદનમાં કહ્યું કે, ૯૧ વર્ષના સ્ટ્રોનક સામે ૮૦ના દાયકાથી લઈને ૨૦૨૩ સુધી મહિલાઓના યૌનશોષણનો આરોપ છે. ઉદ્યોગપતિને દુષ્કર્મ, મહિલાઓને જબરદસ્તીથી કેદમાં રાખવા સહિત પાંચ અપરાધોમાં આરોપી ઠેરવાયા હતા. ઉદ્યોગપતિ વિરુદ્ધ એકથી વધુ મહિલાના યૌનશોષણનો આરોપ છે. જોકે કેટલી મહિલાઓએ આ આરોપ મૂક્યો છે તે માહિતી આપવામાં આવી નથી. આ એક હાઈપ્રોફઈલ કેસ છે. અમારી ટીમની પાસે પીડિતોની સુરક્ષાની જવાબદારી છે. તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલી મહિલાઓએ તેમની વિરુદ્ધ ફિયાદ દાખલ કરી છે તે કહી શકાય નહીં. વર્ષ ૧૯૫૭માં તેમણે ઘરના જ ગેરેજમાં જ એક કંપનીનો પાયો નાખ્યો અને ઑટો પાર્ટ્સનો બિઝનેસ શરૂ કર્યો હતો. અત્યારે મેગના ઈન્ટરનેશનલ ૩૪ દેશોમાં બિઝનેસ કરે છે અને તેમાં ૧,૭૦,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે.

# Aarav Associates દ્વારા વ્રજ અને BAPS અક્ષરધામનો ધાર્મિક પ્રવાસ





**બ્રામ્પટન**

**Aarav Associates** દ્વારા વ્રજ અને **BAPS** અક્ષરધામનો ધાર્મિક પ્રવાસ ઈટોબિકોક સિનિયર્સ ગ્રુપના સહયોગથી યોજાયો હતો. આમ તો રાજેશ અને ચેતન શાહ ઘણા બધાં સામાજિક કાર્યો સેવાભાવનાથી કરતા જ હોય છે, પરંતુ આ વખતથી તેઓએ સૌ પ્રથમ વાર ***Aarav Associates***ના નેજા હેઠળ કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. જાહેરાત થવાની સાથે જ, લગભગ ૧ મહિના પહેલા જ **booking** ફુલ થઈ જતા તથા લોકોના આગ્રહને કારણે ફરીથી બીજા પ્રવાસનું આયોજન કરવા નિર્ણય કરાયો છે. હાલ થયેલા પ્રવાસ માટે સ્પોન્સર્સનો સાથે મળ્યો હતો. જેઓનો આભાર માનવમાં આવ્યો હતો.

# ઓન્ટેરિયોની ગીચ જેલોમાં કેદીઓ માટે વધુ પથારીઓની સુવિધા ઉપલબ્ધ કરવા કવાયત

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો સરકારે લંડન અને ટોરોન્ટોની જેલોમાં 200 જેટલા નવા સુધારાત્મક સ્ટાફની ભરતી કરવા સાથે સેંકડો બેડ ઉમેરવાની યોજનાનું અનાવરણ કર્યું હતુ. કેનેડિયન પ્રેસના તાજેતરના અહેવાલ મુજબ, આ પગલાનો ઉદ્દેશ ઓન્ટેરિયો જેલોમાં વધુ પડતી ભીડના મુદ્દાઓને ઉકેલવાનો છે, જેમાંથી મોટાભાગની 2023માં ક્ષમતા કરતાં વધુ ગીચ હતી. લંડનમાં એલ્ગિન-મિડલસેક્સ ડિટેન્શન સેન્ટર (EMDC) અને ટોરોન્ટો સાઉથ ડિટેન્શન સેન્ટર ખાતે પ્રાંતે જણાવ્યું હતું કે, તે ન્યૂનતમ અને મધ્યમ જોખમવાળા કેદીઓ માટેની સવલતો પર છુટાછવાયા કેન્દ્રો ફરીથી બનાવશે અને ફરીથી ખોલશે. આ પગલાથી 2026 સુધીમાં 430 પથારીનો ઉમેરો થશે. પ્રાંત દ્વારા મંજૂર છૂટાછવાયા અપરાધીઓ માટે જીપીએસ મોનિટરિંગનો ઉપયોગ વિસ્તાર્યા પછી કોવિડ-19 રોગચાળા દરમિયાન છૂટાછવાયા કેન્દ્રો બંધ કરવામાં આવ્યા હતા. અન્યત્ર, નેપાનીમાં ક્વિન્ટે ડિટેન્શન સેન્ટરને કેદી પ્રોગ્રામિંગ અને સ્ત્રી ક્ષમતા ઉમેરવા માટે વિસ્તૃત કરવામાં આવશે, જેમાં 18 નવી પથારીનો સમાવેશ થાય છે. આયોજિત બ્રોકવિલે કરેક્શનલ કોમ્પ્લેક્સ, સરકાર પૂર્વી ઓન્ટેરિયોમાં બે નવી જેલોમાંથી એક જેલ બનાવી રહી છે, તે જાહેરાત અનુસાર 184 વધારાની પથારી સાથે તેની ક્ષમતા બમણી કરતાં પણ વધુ જોવા મળશે. ક્ષમતા વધારાને ટેકો આપવા માટે 200થી વધુ વધારાના સુધારણા કર્મચારીઓને રાખવામાં આવશે. જેમાં નર્સો, સુધારાત્મક અધિકારીઓ અને સહાયક સ્ટાફનો સમાવેશ થઈ શકે છે. પ્રીમિયર ડગ ફોર્ડે માર્ચમાં કેદીઓના ધસારાને પહોંચી વળવા વધુ જેલ બનાવવાનું વચન આપ્યું હતું, જેમાંથી મોટા ભાગના નિર્દોષ છે અને ટ્રાયલની રાહ જોઈ રહ્યા છે.






# વિશ્વમાં ન્યૂડ, પીચ, પિંક મેકઅપની વચ્ચે આવ્યો નવો ટ્રેન્ડ 'સનસેટ બ્લશ'

મેકઅપની દુનિયા પણ રંગીન છે. એમાં ન્યૂડ મેકઅપ, પીચ મેકઅપ, પિંક મેકઅપની વચ્ચે હવે નવો ટ્રેન્ડ આવ્યો છે એ છે સનસેટ બ્લશ. આ મેકઅપ ટ્રેન્ડ દુનિયાભરની યુવતીઓનો ફેવરિટ છે. સનસેટ બ્લશ મેકઅપ એ પિંક, ઓરેન્જ, પીચ અને ગોલ્ડનું એક પરફેક્ટ કોમ્બિનેશન છે. જેનાથી તમને



સ્ટનિંગ લુક મળે છે. ખાસ વાત એ છે કે આ મેકઅપ સ્ટાઈલ દરેક સ્કિન કોમ્પ્લેક્શન અને ટેક્સચર પર સારી લાગે છે. આ મેકઅપ તમને સમર ફ્રેન્ડલી વાઈબ્સ આપશે. મેકઅપના આ ટ્રેન્ડને પરફેક્ટ માનવામાં આવે છે. સનસેટ બ્લશ મેકઅપ તમને કૂલ અને સટલ લુક આપે છે. જે યુવતીઓને કેઝ્યુઅલ અને સિમ્પલ લુક જોઈએ છે તેમના માટે આ મેકઅપ બેસ્ટ ઓપ્શન છે. આ મેકઅપ તમને સોફ્ટ ગર્લ લુક આપશે જે વધારે લાઈટ પણ નહીં લાગે અને વધારે બ્રાઈટ પણ નહીં લાગે. તેની હળવી શાઈન તમારા ચહેરાને ગ્લો પણ આપશે.

## સનસેટ બ્લશ લુક

સનસેટ બ્લશ લુક મેળવવો આમ જોવા જઈએ તો કંઈ મુશ્કેલ નથી. એ માટે ત્રણ અંડરટોન શેડ્સ યૂઝ કરવા પડશે. બ્રાઈટ ઓરેન્જ, કૂલ પીચ શેડ અને હાર્ટ પિંક ટિન્ટ. આ બધાને તમે લિક્વિડ ટેક્સચરમાં લો. જેથી સરળતાથી બ્લેન્ડ થઈ શકે. હવે ફાઉન્ડેશનનો બેઝ બનાવો. જેથી લાંબા સમય સુધી મેકઅપ તમારા ફેસ ઉપર રહે. એ પછી જે શેડ લીધા છે તેને સારી રીતે મિક્સ કરી લો અને પછી ફેસ પર લગાવો. જ્યારે તમે સંપૂર્ણ મેકઅપ કરી લો, ત્યારબાદ શિમર સ્પ્રિંકલરનો સ્પ્રે કરો. ગોલ્ડન હાઈલાઈટરથી તમારા મેકઅપને ચમક મળશે.

## લાઇનર

સનસેટ બ્લશ ટોનને કેરી કરી રહ્યાં હોવ તો તમારા આઈ મેકઅપ ઉપર પણ ફોકસ કરવું જોઈએ. પાંપણ પર વધારે પડતું મસ્કારા ન લગાવો અને સારી ફ્લેટ વિંગ્ડ લાઈનર લગાવો. લાઈનરમાં બ્લેક શેડ લગાવવાનું પસંદ કરવાને બદલે બ્રાઉન અથવા પિકોક ગ્રીન, બ્લૂ વગેરે તમારા આઉટફિટને ધ્યાનમાં રાખીને લાઈનરની પસંદગી કરો.

## લિપસ્ટિક

આઈ મેકઅપની જેમ લિપ કલરનું પણ ખાસ ધ્યાન રાખો. તમારા લિપ્સ પર લિપસ્ટિકનો મિક્સ શેડ લગાવો. એ માટે રેડ, પિંક અને ગ્લોસી શેડ મિક્સ કરીને લગાવો. એનાથી તમને શાનદાર ટોન મળશે. તમારા ચિકબોન્સને હળવા હાઈલાઈટ કરો.

## જો જો આ ભૂલ ન થાય

તમે પરફેક્ટ લુક ઈચ્છો છો તો અમુક વાતનું ધ્યાન રાખવું જરૂરી છે. સૌથી પહેલાં એ વાતનું ધ્યાન રાખો કે આ સમર મેકઅપ ટ્રેન્ડ છે તેથી તમારા મેકઅપને મેટ કે ડ્રાય ન રાખો. તમારી સ્કિન હાઈડ્રેટ દેખાય છે. બેઝને હંમેશાં સારી રીતે બ્લેન્ડ કરો. ચિકબોન્સને વધારે હાઈલાઈટ ન કરો.

# કેવા પ્રકારના નેકમાં કેવા નેકલેસ પહેરવા જોઇએ?



## નેકલેસના પ્રકાર

હવે બ્લાઉઝ, ડ્રેસ તેમજ અલગ અલગ આઉટફિટ્સના નેક આપણે અલગ અલગ ડિઝાઈનના બનાવડાવતાં હોઈએ છીએ. આવા અલગ અલગ ડિઝાઈનવાળા નેક સાથે નેકલેસની પસંદગીમાં પણ ખાસ ધ્યાન આપવું પડે છે, કારણ કે તમારાં કપડાંના નેકનો આકાર જેવો હોય એ પ્રમાણે જો નેકલેસ ન પહેરવામાં આવે તો આખા ડ્રેસના લુકની મજા મરી જાય છે.

- જો તમે વી નેકની પસંદગી કરો છો તો એમાં વી શેપ નેકલેસ પહેરવો, વી નેકમાં બેથી ત્રણ લેયરનો નેકલેસ પહેરી શકો છો.
- જો સ્કૂપ મતલબ કે ડીપ રાઉન્ડ નેક પહેરો છો તો એમાં જાડો શોર્ટ પેન્ડન્ટવાળો નેકલેસ પહેરવો. ગળું ભરાયેલું લાગે એવો નેકલેસ પહેરવો.
- ટર્ટલ નેક મતલબ કે પેક નેક હોય તો લાંબી કે ટૂંકી કોઈ પણ ચેઈન કે નેકલેસ પહેરી શકાય છે.
- સ્વીટહાર્ટ, સ્ટ્રેપલેસ અને ઓફ શોલ્ડર નેકમાં ચોકર નેકલેસ પહેરવો સારો રહેશે.
- હોલ્ટર નેકમાં ભારેભરખમ નેકલેસને બદલે પાતળી ચેઈન ઉપર પસંદગી ઉતારવી જોઈએ.
- બોટ નેક પહેરવાના હોવ તો લોંગ બીડ્સ માળા પહેરવાથી લુક સારો લાગશે.
- કોલરવાળું ગળું હશે તો ટૂંકી અને ડેલિકેટ ચેઈનની સાથે નાનું સુંદર પેન્ડન્ટ પહેરવું.
- કાઉલ નેકમાં નેકલેસ એવોઈડ કરવો.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

17 ROOM MOTEL - $1.8 Million
Fully Renovated and Upgraded
Very profitable motel
Hwy 17, Sault Ste Marie

21 ROOM MOTEL - $1.9 Million
+ Restaurant on long lease
100% occupancy weekly & monthly
Hwy 11, Muskoka Area

19 ROOM MOTEL- $2.5 Million
Ideal for Owner Operator
Located in Niagara Falls

35 ROOM MOTEL- $3.3 Million
Highway 11, Northern Ontario

30 ROOM MOTEL $2.4 Million
Near Ottawa

FRANCHISE HOTEL - $6.9 Million
Near Kingston

BURRITO FOR SALE
Fat Bastard Burrito Mississuaga
Fat Bastard Burrito Kingston
Fat Bastard Burrito Belleville
Burrito Boyz Appleby, Burlington SOLD
Burrito Boyz Plains Rd, Burlington SOLD
Burrito Boyz Hamilton SOLD COND.

URGENT LISTING REQUIRED FOR MOTELS AND HOTELS
Any Size, Any Price, Any Location
I have Serious and Qualified Buyers Looking to Buy & Close in 1 to 2 months

Need Working Partner to Run Motels
Wiling to invest min $100,000
% partnership + salary

Motel Jobs Avaiable
Housekeeping, General work, Front-desk
Location: 4 Hrs to 8 Hrs from Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# રોકાણના નામે ૨૦૦ કરોડની ઠગાઈ કરનાર દંપતી ઝબ્બે

## ગુજરાતમાં પણ અમદાવાદ સહિતના શહેરોમાં અનેક લોકોને છેતર્યા હતા : સોશિયલ મીડિયા પર પ્રલોભનો અપાયા

**અમદાવાદ**

દેશભરમાં ડીઆઈએફએમ નામની એપ્લીકેશન દ્વારા આઈડી બનાવીને વિવિધ ફંડમાં રોકાણ કરાવીને થતા નફામાં ૭૦ ટકા જેટલો નફો અપાવવાની લાલચ આપીને ૨૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરનાર દંપતિની ચાંદખેડા પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે મુંબઈથી ધરપકડ કરી છે. સોશિયલ મિડીયા પર લોકોને રોકાણની સામે વળતરની લાલચ આપીને મોટાપ્રમાણમાં છેતરપિંડી કરવામાં આવી હતી. આ કેસમાં મુંબઈની આર્થિક ગુના નિવારણ શાખાના અધિકારીઓએ ૧૬૦ કરોડ રૂપિયાની રકમ ફ્રીઝ કરી હતી. મહેતા દંપતિએ ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત અને ધાનેરા સહિતના શહેરોમાં અનેક લોકોને ટારગેટ કર્યા હતા. શહેરના જગતપુર રોડ પર આવેલા ગણેશ જેનીસીસ એપાર્ટમેન્ટમાં રહેતા શોભનાબેન મહેતાએ નિવૃતિ બાદ આવેલા બચતની રકમ પર સારૂ વળતર મળી રહે તે માટે તેમના મિત્રોની સલાહથી ડીઆઈએફએમ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરીને



લોગઈન કરીને રૂપિયા ૨૫ લાખનું રોકાણ કર્યું હતું. આ એપ્લીકેશનની માલિકી ધરાવનાર બ્લીસ કન્સલ્ટન્ટના આશિષ શૈલેષભાઈ મહેતા અને તેના પત્ની શિવાંગી મહેતા ( બંને રહે. વી વર્ક એબોરોય કોમર્સ, એબોરોય સીટી,ગોરેગાવ, મુંબઈ)એ શોભનાબેનને ખાતરી આપી હતી કે રોકાણ પણ જે નફો મળશે તે નફાના ૭૦ ટકા ભાગ અપાવશે. શરૂઆતના તબક્કાનાં વિશ્વાસ જીતવા માટે તેમણે થોડા મહિના નાણાં જમા કરાવ્યા હતા. જો કે ત્યારબાદ જમા કરાવવાનું બંધ કર્યું હતું. બીજી તરફ નાણાંની જરૂર પડતા શોભનાબહેને નાણાં પરત માંગતા આપવાની મનાઈ કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી. પોલીસે તપાસ કરતા આશિષ શૈલેષભાઈ મહેતાએ તેના પત્ની સાથે મળીને દેશભરમાંથી ૨૦૦ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી. મુંબઈની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા ગુનો નોંધાયા બાદ આશિષ મહેતા અને શિવાંગી મહેતા ફરાર હતા. મુંબઈ પોલીસે તેમની સુરતથી ધરપકડ કરી હતી. સાથેસાથે બંને જણા તેમના એકાઉન્ટમાં રહેતા હવાલાથી વિદેશમાં મોકલે તે પહેલાં મુંબઈની આર્થિક ગુના નિવારણ શાખાએ રૂપિયા ૧૬૦ કરોડ જેટલી માતબર રકમ ફ્રીઝ કરી હતી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હજુ અટવાઈ ઝવેરી કમિશનના રિપોર્ટ બાદ નિર્ણય થશે

**ગાંધીનગર**

રાજ્યમાં છેલ્લા લાંબા સમયથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ગોરંભે ચડી ચૂકી છે. જો કે હાલ હવે ચોમાસા બાદ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાય તેવા સંકેતો મળી રહ્યા છે. હાલ સુધી ઓબીસી અનામતના મુદ્દે આ ચૂંટણીઓ થઈ શકી નહોતી અને આથી જ રજીમી અનેક ગ્રામ પંચાયતો અને નગરપાલિકાઓ સહિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સત્તા વહીવટદારોના હાથમાં છે. અહી પ્રજાના પ્રતિનિધિઓની ચૂંટાયેલી બોડીનું અસ્તિત્વ શક્ય બન્યું નથી.

રાજ્યમાં ઓબીસી સમુદાયની વસ્તી 52 ટકા જેટલી છે પરંતુ તેમને સ્થાનિક સ્વરાજ્યમાં માત્ર 10 ટકા જ અનામત મળતું હતું અને જેને લઈને વિપક્ષે અનેક વખત સરકારને ભીંસમાં લીધી હતી. જો કે સુપ્રીમ કોર્ટે પણ તેમના આદેશમાં કહ્યું હતું કે ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકા કે મહાનગરપાલિકાની ચૂંટણીમાં OBCની વસ્તીના આધારે બેઠકો અનામત હોવી જોઈએ. આથી સરકારે જુલાઈ 2022માં ઝવેરી કમિશન નિમ્યુ હતું અને તેને 90 દિવસમાં રિપોર્ટ સોંપવાની વાત કરવામાં આવી હતી. જો કે તેમ ખૂબ જ લાંબો સામે વિત્યો હતો અને જુલાઈ 2023માં કમિશને આ રિપોર્ટ સરકારને સોંપી દીધો છે.

હાલ સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થવાના એંધાણ છે અને આગામી સમયમાં ચોમાસુ સત્ર મળે ત્યારે ઝવેરી કમિશનની ભલામણોને ધ્યાને રાખી સરકાર સ્થાનિક સત્તામંડળ સુધારા વિધેયક -2023માં પરિવર્તન કરી શકે છે.

# ફિલિપાઇન્સની મહિલા રૂ. ૬.૫૦ કરોડના હેરોઇન સાથે ઝડપાઇ

**અમદાવાદ**

એનસીબીના અમદાવાદ ઝોનલ યુનિટના એડીશનલ ડાયરેક્ટર બાલીરામ પાટીલને ચોક્કસ બાતમી મળી હતી કે અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફિલિપાઈન્સથી એક મહિલા ડ્રગ્સનો જથ્થો લઈને આવવાની છે. જે અમદાવાદમાં જ સપ્લાય કરવાનો છે. જે બાતમીને આધારે એનસીબીની ટીમ દ્વારા ફિલિપાઈન્સથી આવેલા પેસેન્જરો પર વોચ ગોઠવીને જીનાલીન લિમોનને શંકાને આધારે ઝડપીને તેની પાસે રહેલી સ્કૂલ બેગની સ્ટ્રીપમાં છુપાવેલો ૨.૧૨ કિલો હેરોઈનનો જથ્થો જપ્ત કર્યો હતો. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત આશરે ૬.૫૦ કરોડ અંદાજવામાં આવી છે. એનસીબીએ મહિલા પેડલરની પુછપરછ કરતા તે બે વર્ષમાં ભારતમાં ટુરીસ્ટ વિઝા પર ૨૦ વાર આવી ચુકી છે. જે પૈકી અમદાવાદ ત્રણ વાર આવી હતી. એક ટ્રીપમાં તે બે થી અઢી કિલો હેરોઈનની હેરફેર કરતી હતી. આમ, તેણે અત્યાર સુધીમાં ૧૦૦ કરોડથી વધારાની કિંમતનો ડ્રગ્સ ભારતમાં ઘુસાડી ચુકી હોવાની શક્યતા એનસીબીએ વ્યક્ત કરી છે. આ અંગે વધુ તપાસમાં મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કૌભાંડનો પર્દાફાશ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# અમદાવાદમાં આરોપીઓની હિંમત, પોલીસકર્મીને ફટકાર્યો

**અમદાવાદ**

અમદાવાદના પોલીસ હેડક્વાર્ટર ખાતે એલઆરડી તરીકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ જયદેવસિંહ ઝાલા સોમવારે પોતાનું મોટરસાયકલ લઈને રાતના સમયે કઠવાડાથી નરોડા તરફ પસાર થતા હતા. તે દરમિયાન હંસપુરા બ્રિજ પહેલા એક મોટરસાયકલ ઉપર ત્રણ બેફામ રીતે વાહન ચલાવતા અને તેઓને ઓવરટેક કરતા તેઓએ ત્રણે જણાને મોટરસાયકલ ધીમે જોઈને ચલાવવાનું જણાવ્યું હતું. તે બાદ તે આગળ પહોંચતા હંસપુરા સર્કલ ખાતે ત્રણે જણાએ પોલીસકર્મી જયદેવસિંહ ઝાલાને ઉભા રાખી બોલાચાલી કરી હતી. પોલીસકર્મી આ આરોપીઓને વાહન આ રીતે ચલાવવાથી અન્ય વાહન ચાલકો ને નુકસાન થાય તેવું જણાવતા ત્રણેય જણા ઉશ્કેરાયા હતા અને માર માર્યો હતો. આ ગુનામાં સામેલ ત્રણેય આરોપી મયુર ઉર્ફે ટીનો સોલંકી, આર્યન ઉર્ફે ગોગો સોલંકી અને રોનક ઉર્ફે રાહુલ વાઘેલા ઓની ધરપકડ કરી છે.

# અમદાવાદમાં રથયાત્રાની તૈયારીઓ શરૂ, ભગવાન હવે વાઘા ધારણ કરશે

**અમદાવાદ**

શહેરમાં 7મી જુલાઈ અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા નીકળશે. જેની અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરે અને ભગવાનના મોસાળ સરસપુર ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે આ વખતે રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને બળભદ્રજી ત્રણ જાગ્યાએથી મંગાવેલા કાપડમાંથી બનેલા વિશેષ વાઘા ધારણ કરી નગરચર્યાએ નીકળશે એવુ જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીના જણાવ્યુ હતું. તેમણે વધુમા જણાવ્યુ હતુ કે આગામી અષાઢી બીજના દિવસે યોજાનારી 147મી રથયાત્રાની અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ 22મી જુને જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે રથયાત્રાના દિવસે ભગવાન જે વાઘા ધારણ કરશે તે માટેનું મટિરીયલ મથુરા, વૃંદાવન અને ગુજરાતમાંથી મંગાવવામાં આવ્યું છે. આ વખતે ભરત કામ અને ઝરી કામ કરેલા વાઘા ધારણ કરી ભગવાન નગરચર્યાએ નીકળશે.

# પેટા ચૂંટણીમાં જીતેલા પાંચ ધારાસભ્યોએ શપથ લીધા

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકની પેટા ચૂંટણીમાં તમામ બેઠક પર ભાજપની જીત થઈ છે. ત્યારે અધ્યક્ષની હાજરીમાં વિજાપુરથી સી. જે. ચાવડા, પોરબંદરથી અર્જુન મોઢવાડિયા, ખંભાતથી ચિરાગ પટેલ, માણાવદરથી અરવિંદ લાડાણી અને વાઘોડિયાથી ધર્મેન્દ્રસિંહે ધારાસભ્ય પદના શપથ લીધા હતા. આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલ સહિત અનેક નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતા. સાતમી મેના રોજ લોકસભાની સાથે રાજ્યની પાંચ વિધાનસભાની બેઠકો પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના તમામ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો હતો. વાઘોડિયા બેઠક પર ધર્મેન્દ્રસિંહ વાઘેલાને 1,27,446 મત મળ્યા હતા. હવે, વિધાનસભામાં ભાજપનું સંખ્યાબળ 161 થઈ ગયું છે.

# જમાલપુરના ધારસભ્યને મારી નાખવા ધમકી મળતાં મુખ્યમંત્રીને પત્ર લખાયો

**અમદાવાદ**

ગુજરાતના જમાલપુરના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેમના ઘરની બાજુમાં ઓફિસ ધરાવતા ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરી નામના યુવકે મકાન બનાવવાની બાબતને લઈને ઈમરાન ખેડાવાલાની ભત્રીજી સાથે બોલચાલ કરીને કહ્યું હતું કે, હું સવારમાં કોઈ એકની વિકેટ પાડી દઈશ. જાનથી મારી નાખવાની ધમકીને પગલે ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરી સામે ગાયકવાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આ બાબતે ઈમરાન ખેડાવાલાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. તેમણે પોતાના પરિવારની સુરક્ષાને ધ્યાને લઈને આવા ગુંડાઓ પર આકરી કાર્યવાહી કરવાની માંગ કારી છે. હાલ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના જૂન મકાનનું કામ ચાલે છે, જેને લઈને આરોપી અને ધારાસભ્યના ભાભી અને ભત્રીજી સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં આરોપીએ આ મકાન નહિ થવા દઉ અને જો થશે તો કોઈ એકે જીવ દેવો પડશે એવી ધમકીઓ આપી હતી.

# 24 કલાકમાં પાંચ લાંચિયા અધિકારી પકડાયા

**અમદાવાદ**

ગુજરાતમાં ભ્રષ્ટાચાર નાબૂદીની વાતો માત્ર કાગળ પર જ હોય તેમ છેલ્લા 24 કલાકમાં દક્ષિણ ગુજરાતમાં એક સાથે ત્રણ-ત્રણ રેડ કરીને લાંચિયા અધિકારીઓને ઝડપી લીધા છે. જેમાં સુરતના ખાણખનીજ વિભાગમાં મદદનીશ નિયામક અને મળતિયા લાંચ લેતા ઝડપા છે જયારે સુરત મનપામાં કર્લાકની ફરજ બજાવતા બે ટેક્સ રેક્વિજિશનની કાર્યવાહી કરવાના અવેજ પેટે લાંચ લેતા ઝડપાયા છે. આ ઉપરાંત વલસાડના ઉમરગામમાં ઈલેક્ટ્રીકલ કોન્ટ્રાકટર લાંચ લેતા ઝડપાયા છે.



સુરતના ખાણખનીજ વિભાગમાં મદદનીશ નિયામક નરેશ જાની અને મળતિયા કપિલ પ્રજાપતિને રેતી અંગેની કામગીરીમાં કોઈ હેરાનગતિ નહીં કરવા બદલ બે લાખની લાંચ લેતા ઝડપી લીધા છે જયારે સુરત મનપામાં કર્લાકની ફરજ બજાવતા જીજ્ઞેશ પટેલ અને મેહુલ પટેલને ટેક્સ રેક્વિજિશનની કાર્યવાહી કરવાના અવેજ પેટે 35 હજારની લાંચ લેતા ઝડપી લીધા છે. ઉપરાંત એસીબીની ત્રીજી ટેપ વલસાડના ઉમરગામમાં ઈલેક્ટ્રીકલ કોન્ટ્રાકટર દિનેશ કરાંચીવાલાને ફરિયાદી પાસેથી વીજ મીટર નવું લગાવવા માટે અને ઓનલાઈન અરજી કરવા માટે 12,500ની લાંચ લેતા ઝડપી લીધા છે. છેલ્લા 11 દિવસમાં કુલ 20થી વધુ લાંચિયા બાબુ અને કર્મીઓને ઝડપી લીધા છે જેમાં પોલીસ ઈન્સપેકટરથી લઈને કોમ્પ્યુટર ઓપરેટર સુધીનો સમાવેશ થાય છે. નાગરિકો પાસેથી માત્ર 1500 જેવી લાંચની માગણી કરતા લાખોનો પગાર લેતા આ સરકારી બાબુઓ કેમ ખચકાતા નથી અને તેમને રાજ્ય સરકારનો ડર કેમ નથી તે સવાલ છે.

# ચાર ગમખ્વાર અકસ્માતમાં બે યુવાન સહિત પાંચના મોત

**અમદાવાદ**

રાજ્યમાં ચાર ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોના જીવ ગયા છે. ખેરાલુ- સિદ્ધપુર હાઈવે પર રામદેવપીરના મંદિર મલેકપુર ગામ નજીક બેફામ ડમ્પર ચાલકે કારને ટક્કર મારી હતી. જેમાં બે યુવકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. બીજી તરફ મહેમદાવાદની ખાત્રજ ચોકડી પાસે બે મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાતા એકનું મોત નીપજ્યં હતું. જામનગરમાં ડમ્પર અને ત્રિપલ સવારી બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એકનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઉપરાંત વડોદરા શહેરના સમા વિસ્તારમાં સ્કોર્પિયો કાર ચાલકે ચાલવા નીકળેલા દંપતીને અડફેટે લીધું હતું. આ ઘટનામાં પત્નીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત થયું હતું.



ખેરાલુ- સિદ્ધપુર હાઈવે પર રામદેવપીરના મંદિર મલેકપુર ગામ નજીક બેફામ ડમ્પર ચાલકે કારને ટકકર મારી હતી. જેમાં કાર પલટી મારીને રોડની સાઈડમાં ખાબકી હતી. આઅકસ્માતમા વલાસણા અને મલેકપુર ગામના બે યુવકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જો કે, અકસ્માત સર્જી ડમ્પર ચાલક ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો. આ મામલે ખેરાલુ પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહેમદાવાદ ખાત્રજ ચોકડી નજીક રોંગ સાઈડથી આવેલી બાઈકે સામેથી આવતી બાઈક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ખેડા એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે નોકરી મહેશભાઈ ચૌહાણનું મોત થયું હતું. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા શહેરના સમા વિસ્તારમાં ગઈકાલે (નવમી જૂન) મોડી રાત્રે સ્કોર્પિયો કાર ચાલકે ચાલવા નીકળેલા દંપતીને અડફેટે લીધું હતું. આ ઘટનામાં પત્નીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત થયું હતું, જ્યારે પતિને હાથ, પગ અને પાંસળીઓના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં સમા પોલીસ દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપી કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

જામનગર નજીક ચેલા ચંગા રોડ પર આજે સવારે એક ડમ્પર અને ત્રિપલ સવારી બાઈક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે, જ્યારે અન્ય બે યુવાનો ઘાયલ થયા છે. સમગ્ર બનાવની જાણ થતાં પંચકોશી બી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ઘટના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલે દોડી ગયા છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

## ભાવનગરમાં બે સગાભાઈઓ ઉપર ફાયરિંગ, એકનું મોત

**ભાવનગર**

ભાવનગરના વિઠ્ઠલવાડી વિસ્તારમાં બે યુવાન ઉપર ધડાધડ પાંચથી છ રાઉન્ડ ફાયરિંગ કરી એક યુવાનની સરાજાહેર હત્યા કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. વિઠ્ઠલવાડી વિસ્તારમાં આજે (13મી જૂન) બપોરના સમયે કેટલાક મિત્રો વિઠ્ઠલવાડી હનુમાન દાદાના મંદિર પાસે ભેગા થયા હતા. ત્યારે કેટલાક શખસોએ આવી જૂની અદાવતની દાઝ રાખી બે સગાભાઈ ઉપર ચારથી પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. આ ઘટનામાં કુલદીપસિંહ ઘનશ્યામસિંહ ઝાલા નામના યુવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે તેમના નાનાભાઈ ઋતુરાજસિંહ ઝાલાને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ચકચારી ઘટનાને પગલે પોલીસનો મસમોટો કાફલો બનાવ સ્થળ અને હોસ્પિટલ દોડી ગયો હતો. હાલ પોલીસે પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો નોંધી ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

## ચોરી કર્યા બાદ માલિકને જ રેપ કેસમાં ફસાવી દેવા ધમકી, 3 કરોડ પણ માંગ્યા

**અમદાવાદ**

સાબરમતી અચેર બસ સ્ટેન્ડ પાસે આવેલા શાશ્વત સ્કાય એપાર્ટમેન્ટમાં રહેતા સીતાકુમારી જૈનના પતિ મદનલાલ જૈન શાહીબાગ અસારવા ખાતે સીતા કન્સલટન્ટ નામથી બ્રોકર તરીકે કામ કરે છે. ગત ફેબ્રુઆરી મહિનામા તેમને ત્યાં શ્વાતી શર્મા (નામ બદલેલ છે, રહે., મોટેરા)એ નોકરી માટે ઈન્ટરવ્યુ આપ્યો હતો. જે બાદ હોળીના દિવસે શ્વાતી ઘરેથી ચાલી ગઈ હતી. સીસીટીવી તપાસ કરતા તેણે દાગીના, ૫૦ હજારની રોકડ અને જરૂરી દસ્તાવેજો સહિત ૩.૨૦ લાખની મતાની ચોરી કરી હોવાનું જાણવા મળ્યું હતું. આ બાબતે શ્વાતીને માતા પિતા અને ભાઈને જાણ કરતા તેણે ચોરીની કબુલાત કરી હતી. પરંતુ માફીનામુ લખીને ચોરીની વસ્તુ આપવાનું કહેતા શ્વાતી શર્મા અને તેના ભાઈએ મદનલાલ અને તેમના પરિવારને મદનલાલ વિરૂદ્ધ બળાત્કારનો ગુનો દાખલ કરવાની ધમકી આપીને ત્રણ કરોડની માંગણી કરી હતી. જેથી ડરીને મદનલાલે ચોરીની ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

## ગુજરાતનાં તંત્રને મળશે મજબૂતી; નવા 5 IAS અધિકારી જોડાશે

**ગાંધીનગર**

રાજ્યના અધિકારીઓના તંત્રમાં મજબૂતી હોય તો જ વહીવટી તંત્ર ટકાઉ બને છે. ગુજરાતમાં વધુ પાંચ આઈએસ અધિકારીઓની નિમણૂક થવા જઈ રહી છે જેનાથી ગુજરાતનો વહીવટીતંત્ર ઘણું મજબૂત બનશે. હાલ પ્રાપ્ત થતી વિગતો મુજબ ગુજરાત સ્ટેટ સિવિલ સર્વિસિસના પાંચ અધિકારીઓને આવનાર ટૂંક સમયમાં આઈએએસ અધિકારી તરીકે નિમણૂક આપવામાં આવવાની છે. આ અધિકારીઓની નિમણૂકને લઈને પરસોનલ વિભાગ આ બાબતે ટૂંક સમયમાં જ જાહેરાત કરી શકે છે . જોકે હાલ આ આઈએએસ તરીકે નિમણૂક પામનારા અધિકારીઓને પ્રોબેશન પર મૂકવામાં આવશે. આઈએએસની નિમણૂક ઘણી વખત રાજ્ય સરકાર અને ભારત સરકાર વચ્ચે વિવાદનું કારણ બનતી હતી જેને લઈને બીકેન્દ્ર સરકારે ભારતીય વહીવટી સેવાનો નિયમોમાં કેટલાક સુધારાના પ્રસ્તાવ મૂક્યો છે.

## જામનગરની હોસ્પિટલના ડ્રેસિંગ રૂમમાં ખૂની ખેલ! કાયદો અને વ્યવસ્થા સામે ઉઠ્યા સવાલ

### ચાર યુવાનોએ જૂની અદાવતને કારણે એકને ચપ્પુના ઘા ઝીંક્યા

**જામનગર**

જામનગરની જી.જી.હોસ્પીટલમાં આવેલ ડ્રેસિંગ રૂમ નજીક વધુ એક ખૂની ખેલ ખેલાયો હતો. જામનગર શહેરના શાંતિનગર વિસ્તારમાં રહેતા ધર્મરાજસિંહ સુરુભા ઝાલા નામના યુવાન પર તેમના પાડોશમાં જ રહેતા આરોપી જયદિપસિંહ ચુડાસમા સહિત ચાર શખ્સો છરી વડે તૂટી પડ્યાં હતા. અગાઉના મન દુ:ખનો ખાર રાખી યુવાનને છરીના આડેધડ ઘા ઝીંકતા યુવાનની લોહીલુહાણ હાલત થઈ હતી.

પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો અનુસાર હત્યાના બનાવ અગાઉ જ બંને પક્ષે જૂની અદાવતનો ખાર રાખી અને હુમલો થયો હતો. જેમાં ધર્મરાજસિંહ સુરુભા ઝાલા માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને આ ઈજાની સારવાર અર્થે યુવાન જામનગરની જીજી હોસ્પિટલ ખાતે આવ્યો હતો. પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો અનુસાર હત્યાના બનાવ અગાઉ જ બંને પક્ષે જૂની અદાવતનો ખાર રાખી અને હુમલો થયો હતો. જેમાં ધર્મરાજસિંહ સુરુભા ઝાલા માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને આ ઈજાની સારવાર અર્થે યુવાન જામનગરની જીજી હોસ્પિટલ ખાતે આવ્યો હતો. જ્યારે આ ઘટના મામલે જી.જી.હોસ્પિટલમાં લાખોનો કરવામાં આવતા ખર્ચથી ગોઠવવામાં આવેલ સિક્યુરિટી સામે પણ અનેક સવાલો ઊભા થાય છે અને એકસ આર્મી મેન સહિતના જવાનો સિક્યુરિટીમાં ફરજ બજાવતા હોય તેમ છતાં આવી ઘટના સરાજાહેર બની છે.

## 'પાર્ટીને સરસાઈ ના અપાવી શક્યો, હું ખુબ જ દુ:ખી છું : MLAની વ્યથા

**અમદાવાદ**

લોકસભા ચૂંટણી પુરી થઈને પરિણામ આવી ચૂક્યા છે. મોદી સરકાર 3.0માં નવા કેબિનેટની રચના પણ થઈ ચૂકી છે, પરંતુ હજુ પણ ગુજરાતના કેટલાંક નેતાઓ હારને પચાવી શક્યા નથી, ત્યારે ચાણસ્માના કોંગ્રેસના ધારાસભ્ય દિનેશ ઠાકોરે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખને પત્ર લખ્યો છે. ભાજપ ઉમેદવારને 27,000ની લીડ મળતાં ધારાસભ્ય દુખી થયા છે અને તેમણે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની થતી હોય તો તેનો સ્વીકાર કરવાનો પત્રમાં ઉલ્લેખ કર્યો છે.

ચાણસ્માના ધારાસભ્ય દિનેશ ઠાકોર દુ:ખ સાથે પત્ર લખીને હારની જવાબદારી સ્વીકારી છે. તેમને કહ્યું કે, અહીંથી ભાજપને મોટી લીડ મળી અને ચંદનજી ઠાકોર હારી ગયા હતા. જેથી ચાણસ્માના ધારાસભ્ય દિનેશ ઠાકોરે પ્રદેશ કોંગ્રેસને પત્ર લખીને પોતાનું દુ:ખ ઠાલવ્યું છે. ચાણસ્મા વિધાનસભા બેઠક પર ભાજપને 27 હજારથી વધુની લીડ મળતા કોંગ્રેસના ધારાસભ્ય દુ:ખી થયાં છે. ધારાસભ્ય દ્વારા કોગ્રેસનો પ્રચાર પ્રસાર કરવા પર ખુબ જ મહેનત કરી હોવા છતા પરિણામ ન મળતા પ્રદેશ કોગ્રેસને પત્ર લખ્યો છે. ચાણસ્મા બેઠક પર કોગ્રેસને લીડ ન મળતા પ્રદેશ દ્વારા જે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની થતી હોય તેનો સ્વીકાર કરીશ તેમ પત્રમાં ધારાસભ્ય દિનેશ ઠાકોરે ઉલ્લેખ કર્યો છે.

**ચૌહાણ વિરુદ્ધ થોડા સમય પહેલા ભ્રષ્ટાચાર તેમજ પરિવારના સભ્યોને સરકારની મંજૂરી વગર હવાઈ મુસાફરી કરાવી હોવાનો આક્ષેપો થયા હતા**

## લાખોનું કૌભાંડ : ગુજસેલનાં તત્કાલિન કેપ્ટન ચૌહાણ સહિત 3 સામે ફરિયાદ

**અમદાવાદ**

ગુજસેલના તત્કાલીન કેપ્ટન અજય ચૌહાણ સહિત ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ગુજરાત ACB એ લાખો રૂપિયાના ભ્રષ્ટાચારની ફરિયાદ નોંધી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યા છે.

અજય ચૌહાણ વિરુદ્ધ થોડા સમય પહેલા ભ્રષ્ટાચાર તેમજ પરિવારના સભ્યોને સરકારની મંજૂરી વગર હવાઈ મુસાફરી કરાવતા હોવાનો આક્ષેપો થયા હતા. જેના પગલે ફરજ મોકૂફ કરવામાં આવ્યા હતા. જે આધારે ગુજસેલના સિનીયર ચીફ સિક્યોરિટી ઓફિસર અને જનરલ મેનેજર, વહીવટ અધિકારીએ ગુજરાત એસીબીમાં એક ફરિયાદ આપી હતી. જે આધારે ગુજરાત એસીબી એ તપાસ શરુ કરી હતી. by TaboolaSponsored LinksYou ગુજરાત એસીબીની પ્રાથમિક તપાસમાં કેપ્ટન ચૌહાણએ ભ્રષ્ટાચાર કર્યો હોવાનું સામે આવતા એસીબીએ કેપ્ટન અજય ચૌહાણ સહિત ત્રણ એકાઉન્ટન્ટ અલ્પેશ કુમાર પ્રજાપતિ તેમજ કેશમેક એવીએશનના ડાયરેક્ટર



અલ્પેશ ત્રિપાઠી વિરુદ્ધ ભ્રષ્ટાચાર આચર્યાની ફરિયાદ નોંધી છે. અજય ચૌહાણ એ તેમની કામગીરીના સમય દરમિયાન એટલે કે વર્ષ 2017 બાદ અલગ અલગ રીતે ભ્રષ્ટાચાર કર્યો હતો.

1 - કેપ્ટન ચૌહાણએ સરકાર એરક્રાફ્ટનો ઉપયોગ પોતાના સગા સંબંધીઓ તેમજ મિત્રોને હવાઈ મુસાફરી કરવામાં કર્યો હતો, જેનાથી સરકારી પેટ્રોલ તથા અન્ય સાધનોનો દુરુપયોગ થયા હોવાનું સામે આવ્યું છે

2 - કેપ્ટન અજય ચૌહાણ ગુજસેલ સિવાય આર્યન એવીએશનમાં ફ્લાઈંગ ડ્યુટી કરી લાખો રૂપિયા મેળવ્યા છે

3 - ગુજસેલમાં મેનપાવર પૂરો પાડવા માટે કેસમેક એવીએશન સાથે ગેરકાયદેસર કરાર કરી કેશમેક એવીએશનના ડિરેક્ટર અલ્પેશ ત્રિપાઠી સાથે મળી પોતાના ખાનગી એકાઉન્ટમાં કંપની તરફથી દસ લાખ રૂપિયા મેળવ્યા હતા.

4 - ગુજસેલના એકાઉન્ટન્ટ અલ્પેશ પ્રજાપતિએ કેસમેક કંપનીનો કર્મચારી નહીં હોવા છતાં પણ અજય ચૌહાણ અને અલ્પેશ ત્રિપાઠી સાથે મળી કંપનીના ચાર લાખથી વધુના બિલો અને વાઉચરમાં સહી કરી ભ્રષ્ટાચાર કર્યો હોવાનું સામે આવ્યું છે.

# મહારાષ્ટ્રમાં સરકાર બદલવામાં 4-6 મહિના લાગશે, ભાજપનું ટેન્શન વધારતા શરદ પવાર

**મુંબઈ**

દેશમાં તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં I.N.D.I.A. ગઠબંધને ભાજપની આગેવાની હેઠળના એનડીએ સામે મોટો પડકાર ફેંક્યો. એનડીએને બહુમતી મળી, પરંતુ I.N.D.I.A.એ પણ 235 બેઠકો જીતી હતી. મહારાષ્ટ્રમાં પણ વિપક્ષી છાવણીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન 48માંથી 41 બેઠકો જીતી હતી. લોકસભા ચૂંટણી પહેલા મહારાષ્ટ્રના રાજકારણના બે મોટા નેતાઓ ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારને પાર્ટીમાં વિભાજનનો સામનો કરવો પડ્યો હતો. જો કે, ચૂંટણી પરિણામો તેમની તરફેણમાં આવતા તેઓ ખૂબ જ ખુશ છે અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં એનડીએને હરાવવા તૈયાર છે તેઓ દાવો પણ કરી રહ્યા છે.

પક્ષના કાર્યકારો અને અધિકારીઓને આપ્યો આદેશ ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારે તેમના પક્ષના નેતાઓ, અધિકારીઓ અને કાર્યકરોને વિધાનસભા ચૂંટણીની તૈયારી કરવાનો આદેશ આપ્યો છે. શરદ પવારે તેમના પ્રવાસો શરૂ કરી દીધા છે. આ દરમિયાન શરદ પવારે ખેડૂતો અને ગ્રામજનો સાથે વાત કરી અને કહ્યું કે, ચાર-છ મહિના રાહ જુઓ, હું રાજ્યમાં સરકાર બદલવા માંગુ છું. ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે દરેકે રસ્તા પર ઉતરવું પડશે."

# પેમા ખાંડુ ફરી અરુણાચલના CM બનશે, ભાજપની બેઠકમાં નિર્ણય

**ઈટાનગર**

ભાજપે ફરી એકવાર અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે પેમા ખાંડુની પસંદગી કરી છે. ભાજપ 60 સભ્યોની રાજ્ય વિધાનસભામાં 46 બેઠકો જીતીને સતત ત્રીજી વખત સત્તામાં પરત ફર્યું છે. ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામને મંજૂરી આપવામાં આવી છે. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રાજ્યની 60માંથી 46 બેઠકો જીતી છે. પેમા ખાંડુ બિનહરીફ ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. ભારતીય જનતા પાર્ટીએ 10 વિધાનસભા બેઠકો બિનહરીફ જીતી હતી, જેમાં નવનિયુક્ત મુખ્યમંત્રી પેમા ખાંડુ પણ બિનહરીફ જીત્યા હતા. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 41 બેઠકો જીતી હતી. અરુણાચલ પ્રદેશમાં વિધાયક દળના નેતાની ચૂંટણી માટે ભાજપે પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ અને પાર્ટીના મહાસચિવ તરુણ ચુગને કેન્દ્રીય નિરીક્ષકો તરીકે નિયુક્ત કર્યા હતા.

# પુરીમાં પવિત્ર ધામના ચારેય કપાટ ખુલ્યાં, સરકારનો નિર્ણય

નવી દિલ્હી : ભાજપની એક દિવસ જૂની ઓડિશા સરકારે મોટો નિર્ણય કર્યો છે. ગુરુવારે જગન્નાથ પુરી મંદિરના ચારેય કપાટ ખોલી દેવાયા હતા. એક દિવસ પહેલા જ તેના સંબંધિત પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેના પર આજે સવારે મંજૂરીની મોહર મારી દેવાઈ હતી. ખાસ વાત એ છે કે ભાજપે ઓડિશા વિધાનસભા ચૂંટણી પહેલા મંદિરના દરવાજા ખોલવાનો વાયદો કર્યો હતો. ગુરુવારે ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ મંદિરમાં પૂજા કરી હતી. આ દરમિયાન ભાજપના સાંસદ સંબિત પાત્રા, પ્રતાપ ચંદ્ર સારંગી સહિત અનેક મોટા નેતાઓ હાજર રહ્યા હતા. તેમણે પત્રકારો સાથેની વાતચીત દરમિયાન તમામ કપાટ ખોલવા અંગે જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે અમે કાલે કેબિનેટની બેઠકમાં જગન્નાથ મંદિરના ચારેય કપાટ ખોલી નાખવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો આગામી બજેટમાં મંદિરના મેનેજમેન્ટ માટે 500 કરોડ રૂપિયાના ફંડની ફાળવણી પણ કરાશે.

# મોદીની હાજરીમાં આંધ્રમાં નાયડુ ઓડિશામાં માંઝીના CM પદે શપથ

**અમરાવતી/ભુવનેશ્વર**

આંધ્ર પ્રદેશમાં ટીડીપીએ ફરી સત્તા પ્રાપ્ત કરી લીધી છે, ટીડીપીના વડા અને કેન્દ્રમાં એનડીએની સરકારમાં ટેકો આપનારા ચંદ્રાબાબુ નાયડુએ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રીપદે શપથ ગ્રહણ કર્યા હતા. ઓડિશામાં પ્રથમ વખત સત્તા પ્રાપ્ત કરનારા ભાજપના મોહન માંઝીએ પણ મુખ્યમંત્રીપદે શપથ ગ્રહણ કર્યા હતા. બન્ને મુખ્યમંત્રીઓના શપથ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહ્યા હતા. જ્યારે અરુણાચલમાં ગુરુવારે પેમા ખાંડૂ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરશે. આંધ્ર પ્રદેશના અમરાવતીમાં ટીડીપી વડા ચંદ્રાબાબુ નાયડુએ મુખ્યમંત્રીપદે શપથ ગ્રહણ કર્યા હતા, જ્યારે તેમના સાથી સનસેના પ્રમુખ અને પૂર્વ અભિનેતા પવન કલ્યાણ અને નાયડુના પુત્ર નારા લોકેશે મંત્રીપદે શપથ લીધા હતા. આંધ્ર પ્રદેશના રાજ્યપાલ એસ અબ્દુલ નઝીરે ૨૪ ધારાસભ્યોને મંત્રી જ્યારે નાયડુને મુખ્યમંત્રીપદે શપથ લેવડાવ્યા હતા. જે દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, નિતિન ગડકરી, જે. પી. નડ્ડા સહિતના કેન્દ્રીય મંત્રીઓ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે પણ હાજર રહ્યા હતા.

# ગાઝિયાબાદમાં બિલ્ડિંગમાં આગ, બાળકો સહિત 5ના મોત

**ગાઝિયાબાદ**

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં ત્રણ માળની બિલ્ડિંગમાં લાગેલી ભીષણ આગમાં પાંચ લોકોના કરુણ મૃત્યુ થયા હતા. મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. આ ઘટના લોની બોર્ડર પોલીસ સ્ટેશન વિસ્તારના બેહટા હાજીપુર ગામમાં રાત્રે લગભગ 8 વાગ્યે બની હતી. આગ ઝડપથી ફેલાઈ જેના કારણે લોકોને બચવાની તક મળી ન હતી. આગ લાગ્યા બાદ ઘરમાં ત્રણ બાળકો, બે મહિલાઓ અને એક બાળકી ફસાઈ ગઈ હતી. ફાયર વિભાગના કર્મચારીઓએ પાંચ મૃતદેહો બહાર કાઢ્યા છે. મળતી માહિતી મુજબ, બિલ્ડિંગમાં ફોમનો ધંધો ચાલતો હતો. શોર્ટ સર્કિટના કારણે ઘરમાં આગ લાગી હતી. ફાયર વિભાગની ટીમ રાહત અને બચાવ કાર્ય કર્યું હતું. સાંકડી શેરીઓમાં મકાનો હોવાના કારણે ફાયર ફાયટરોને રાહત અને બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# NDA સરકાર 3.0માં 72 સાંસદોને ખાતાની ફાળવણી કરાઈ

| નામ | મંત્રાલય | પક્ષ |
|---|---|---|
| નરેન્દ્ર મોદી | કાર્મિક, લોક-ફરિયાદ અને પેન્શન, પરમાણુ, અવકાશ વિભાગ, નીતિવિષયક બાબતો અને નહીં ફાળવાયેલા તમામ વિભાગ | ભાજપ |
| | **કેબિનેટ મંત્રી** | |
| **નામ** | **મંત્રાલય** | **પક્ષ** |
| રાજનાથ સિંહ | સંરક્ષણ | ભાજપ |
| અમિત શાહ | ગૃહ, સહકારી વિભાગ | ભાજપ |
| નીતિન ગડકરી | માર્ગ અને પરિવહન | ભાજપ |
| જે.પી. નડ્ડા | આરોગ્ય, કેમિકલ અને ફર્ટિલાઇઝર | ભાજપ |
| શિવરાજ સિંહ ચૌહાણ | કૃષિ, ખેડૂત કલ્યાણ, ગ્રામીણ વિકાસ | ભાજપ |
| નિર્મલા સીતારમણ | નાણા, કોર્પોરેટ બાબતો | ભાજપ |
| એસ. જયશંકર | વિદેશ | ભાજપ |
| મનોહરલાલ ખટ્ટર | ઊર્જા અને શહેરી વિકાસ | ભાજપ |
| એચ.ડી. કુમારસ્વામી | ભારે ઉદ્યોગ અને સ્ટીલ | જેડીએસ |
| પિયુષ ગોયલ | વાણિજ્ય અને ઉદ્યોગ | ભાજપ |
| ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ | ભાજપ |
| જીતનરામ માંઝી | લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગ | હમ |
| રાજીવ રંજન | પંચાયતી રાજ, મત્સ્ય-પશુપાલન | જેડીયુ |
| સર્બાનંદ સોનોવાલ | પોર્ટ અને શિપિંગ, જળમાર્ગ | ભાજપ |
| વીરેન્દ્ર ખટીક | સામાજિક ન્યાય | ભાજપ |
| રામમોહન નાયડુ | નાગરિક ઉડ્ડયન | ટીડીપી |
| પ્રહલાદ જોશી | ખાદ્ય, ગ્રાહક સુરક્ષા બાબતો, રિન્યુએબલ એનર્જી | ભાજપ |
| જુએલ ઓરામ | આદિવાસી બાબતો | ભાજપ |
| ગિરિરાજ સિંહ | ટૈક્સ્ટાઈલ | ભાજપ |
| અશ્વિની વૈષ્ણવ | રેલવે, માહિતી અને પ્રસારણ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ભાજપ |
| જ્યોતિરાદિત્ય સિંધિયા | ટેલિકોમ, ઉત્તર પૂર્વ રાજ્યોનો વિકાસ | ભાજપ |
| ભૂપેન્દ્ર યાદવ | પર્યાવરણ, જંગલો, ક્લાઈમેટ ચેન્જ | ભાજપ |
| ગજેન્દ્ર શેખાવત | પ્રવાસન, સાંસ્કૃતિક બાબતો | ભાજપ |
| અન્નપૂર્ણા દેવી | મહિલા અને બાળવિકાસ | ભાજપ |
| કિરેન રિજિજુ | સંસદીય કાર્ય, લઘુમતી બાબતો | ભાજપ |
| હરદીપ સિંહ પુરી | પેટ્રોલિયમ | ભાજપ |
| મનસુખ માંડવિયા | શ્રમ-રોજગાર, સ્પોર્ટ્સ, યુવા બાબતો | ભાજપ |
| જી. કિશન રેડ્ડી | કોલસો અને ખાણ | ભાજપ |
| ચિરાગ પાસવાન | ફૂડ પ્રોસેસિંગ | એલજેપી |
| સી.આર. પાટીલ | જળશક્તિ | ભાજપ |
| | **રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો)** | |
| **નામ** | **મંત્રાલય** | **પક્ષ** |
| રાવ ઈન્દ્રજિત સિંહ | સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન, લઘુમતી યોજનાઓ અને સાંસ્કૃતિક બાબતો | ભાજપ |
| જીતેન્દ્ર સિંહ | સાયન્સ એન્ડ ટેક્નોલોજી, પીએમઓ, કાર્મિક, લોકફરિયાદ અને પેન્શન, પરમાણુ ઊર્જા, અવકાશ | ભાજપ |
| અર્જુનરામ મેઘવાલ | કાયદો અને ન્યાય, સંસદીય કાર્ય | ભાજપ |
| પ્રતાપરાવ જાધવ | આયુષ, આરોગ્ય, પરિવાર કલ્યાણ | શિવસેના |
| જયંત ચૌધરી | કૌશલ્ય વિકાસ, ઉદ્યોગસાહસિકતા, શિક્ષણ | RLD |
| | **રાજ્યમંત્રી** | |
| **નામ** | **મંત્રાલય** | **પક્ષ** |
| જિતિન પ્રસાદ | વાણિજ્ય અને ઉદ્યોગ, આઈટી | ભાજપ |
| શ્રીપદ નાઇક | પાવર એન્ડ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી | ભાજપ |
| પંકજ ચૌધરી | નાણા મંત્રાલય | ભાજપ |
| કૃષ્ણપાલ ગુર્જર | સહકાર મંત્રાલય | ભાજપ |
| રામદાસ આઠવલે | સામાજિક ન્યાય અને સશક્તિકરણ | RPI |
| રામનાથ ઠાકુર | કૃષિ અને ખેડૂત કલ્યાણ | જેડીયુ |
| નિત્યાનંદ રાય | ગૃહ વિભાગ | ભાજપ |
| અનુપ્રિયા પટેલ | આરોગ્યm પરિવાર કલ્યાણ | અપના દળ |
| વી. સોમન્ના | જળશક્તિ અને રેલવે | ભાજપ |
| પી. ચંદ્રશેખર | ગ્રામિણ વિકાસ અને સંચાર | ટીડીપી |
| એસ.પી. સિંહ બઘેલ | મત્સ્ય, પશુપાલન, ડેરી અને પંચાયતી રાજ | ભાજપ |
| શોભા કરંદલાજે | લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગ | ભાજપ |
| કીર્તિવર્ધન સિંહ | પર્યાવરણ, જંગલ અને ક્લાઈમેટ ચેન્જ, વિદેશ | ભાજપ |
| બી.એલ. વર્મા | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ, સામાજિક ન્યાય અને કલ્યાણ | ભાજપ |
| શાંતનુ ઠાકુર | પોર્ટ અને શિપિંગ | ભાજપ |
| સુરેશ ગોપી | પ્રવાસન, સાંસ્કૃતિક બાબતો | ભાજપ |
| એલ. મુરુગન | સૂચના અને પ્રસારણ, સંસદીય બાબતો | ભાજપ |
| અજય ટમ્ટા | માર્ગ અને પરિવહન | ભાજપ |
| બંડી સંજય કુમાર | ગૃહ | ભાજપ |
| કમલેશ પાસવાન | ગ્રામ્ય વિકાસ | ભાજપ |
| ભાગીરથ ચૌધરી | કૃષિ અને ખેડૂત વિકાસ | ભાજપ |
| સતીશ દુબે | કોલસો અને ખાણ વિભાગ | ભાજપ |
| સંજય શેઠ | સંરક્ષણ | ભાજપ |
| રવનીત સિંહ બિટ્ટુ | ફૂડ પ્રોસેસિંગ, રેલવે | ભાજપ |
| દુર્ગાદાસ ઉઈકે | આદિવાસી બાબતો | ભાજપ |
| રક્ષા ખડસે | સ્પોર્ટ્સ અને યુવા બાબતો | ભાજપ |
| સુકાંત મજુમદાર | શિક્ષણ, ઉત્તર પૂર્વ રાજ્યોનો વિકાસ | ભાજપ |
| સાવિત્રી ઠાકુર | મહિલા અને બાળવિકાસ | ભાજપ |
| તોખન સાહુ | હાઉસિંગ, શહેરી વિકાસ | ભાજપ |
| રાજભૂષણ ચૌધરી | જળશક્તિ | ભાજપ |
| ભૂપતિ રાજુ શ્રીનિવાસ વર્મા | ભારે ઉદ્યોગો અને સ્ટિલ | ભાજપ |
| હર્ષ મલ્હોત્રા | કોર્પોરેટ અફેર્સ, માર્ગ અને પરિવહન | ભાજપ |
| નિમુબેન બાંભણિયા | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ | ભાજપ |
| મુરલીધર મોહોલ | સહકાર વિભાગ, નાગરિક ઉડ્ડયન | ભાજપ |
| જ્યોર્જ કુરિયન | લઘુમતી બાબતો, મત્સ્ય ઉછેર-પશુપાલન અને ડેરી | ભાજપ |
| પબિત્રા માર્ગેરિટા | વિદેશ, ટેક્સ્ટાઈલ | ભાજપ |

# ઓન્ટેરિયો : શાળા અને ડે-કેર સ્થળે પાણીમાં સીસાનું જોખમી પ્રમાણ

## 2019 અને 2023ની વચ્ચે પાણીના થયેલા આશરે 100,000 પરીક્ષણોની વિગતો એકત્ર કરાઈ

**ટોરોન્ટો**

ટોરોન્ટો યુનિવર્સિટી ખાતે ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ બ્યુરો દ્વારા કરવામાં આવેલા નવા સરવે મુજબ સમગ્ર ઓન્ટેરિયોમાં શાળાઓ અને ડે-કેર સ્થળે પીવાના પાણીમાં સીસું મળવાની સમસ્યા છે.

અભ્યાસમાં 2019 અને 2023ની વચ્ચે ઓન્ટેરિયો પબ્લિક સ્કૂલના પીવાના પાણીમાં સીસા માટેના આશરે 100,000 પરીક્ષણોમાંથી સાર્વજનિક રીતે ઉપલબ્ધ ડેટા સંકલિત કરવામાં આવ્યો હતો. જેમાં જાણવા મળ્યું છે કે પ્રાંતની 4,875 જાહેર શાળાઓમાંથી લગભગ અડધાએ ઓછામાં ઓછા એક પરીક્ષણ પરિણામને લૉગ કર્યું છે, જે હેલ્થ કેનેડાની 5 પાર્ટ્સ પ્રતિ બિલિયન (ppb)ની મહત્તમ સલામતી માર્ગદર્શિકાને વટાવે છે.

ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ બ્યુરોના ડિરેક્ટર રોબર્ટ ક્રિબે



જણાવ્યું હતું કે, નિષ્ણાતોના મતે સીસાનું કોઈ સુરક્ષિત સ્તર નથી અને તેમ છતાં તે સમગ્ર પ્રાંતમાં શાળાઓ અને ડે-કેરમાં કેટલીકવાર મોટા પ્રમાણમાં દેખાય છે. અમે દર વર્ષે ડેટા જોઈએ છીએ અને તેમાં ક્યારેય સુધારો થતો નથી. સીસાનું પ્રમાણ એટલું જ રહે છે, અને તે સમગ્ર પ્રાંતમાં પીવાના પાણીથી લઈને સિંક સુધીની દરેક વસ્તુને દૂષિત કરે છે. ઓટ્ટાવા એવા વિસ્તારોમાંનો એક છે જ્યાં નોંધપાત્ર સંખ્યામાં ઉચ્ચ શાળાઓ અને ડે-કેર મોટી સંખ્યામાં આવેલાં છે."

ઓટ્ટાવામાં ફેડરલ માર્ગદર્શિકાને ઓળંગી ગયેલા પરીક્ષણોનો સૌથી વધુ દર ધરાવતી બે શાળાઓ ફર્સ્ટ એવન્યુ પબ્લિક સ્કૂલ અને કેમ્બ્રિજ સ્ટ્રીટ કોમ્યુનિટી પબ્લિક સ્કૂલ હતી. ઓટાવાની કેમ્બ્રિજ સ્ટ્રીટ પબ્લિક સ્કૂલમાં 44 માંથી 41 પરીક્ષણો ફેડરલ માર્ગદર્શિકા પરના સ્તરો સાથે જોવા મળ્યા હતા. જેમાં ચાર પરીક્ષણો 105 ppb અને 136 ppb વચ્ચેના હતા. ઓટ્ટાવાની ફર્સ્ટ એવન્યુ પબ્લિક સ્કૂલે 2019 અને 2023ની વચ્ચે 61 પરીક્ષણો હાથ ધર્યા હતા. જેમાં 80 ટકાથી વધુ 5 ppb કરતાં વધુ સીસું દર્શાવે છે, જેમાંથી બે 1,500 ppb અને 1,730 ppb સુધી પહોંચી ગયા છે.

# નાગપુરની ગન પાઉડર બનાવતી ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં 5ના મોત

**નાગપુર**

નાગપુર શહેરની પાસે ગન પાઉડર બનાવતી એક ફેક્ટરીમાં જોરદાર બ્લાસ્ટ થયો છે. આ બ્લાસ્ટમાં ૫ લોકોનાં મોત થયા છે. જ્યારે ૫ કર્મચારીઓ ઘાયલ થયા છે. આ પૈકીના ત્રણની સ્થિતિ ગંભીર છે. આ દુર્ઘટના નાગપુરથી લગભગ ૨૫ કિલોમીટર દૂર ધમના ગામમાં ચામુડી એક્સપ્લોસિવ પ્રાઈવેટ લિમિટેડમાં બની હતી. નાગપુર પોલીસ કમિશ્નરે કહ્યું કે ધમનામાં વિસ્ફોટક બનાવનારી ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં ૫ લોકોના મોત થયા છે અને ૫ લોકો ઘાયલ થયા છે. તેમણે વધુમાં કહ્યું કે વિસ્ફોટ બપોરે લગભગ એક વાગ્યે થયો હતો. જ્યારે કર્મચારીઓ વિસ્ફોટક પેક કરી રહ્યાં હતા. પોલીસ હાલ ઘટના સ્થળે જ છે. દુર્ઘટનાના કારણોની હાલ તપાસ કરવામાં આવી રહી છે.ઘટના સ્થળ પર હાજર એનસીપી નેતા અનિલ દેશમુખે કહ્યું કે ધમના ગામની પાસે દારૂગોળો બનાવતી ફેક્ટ્રીમાં આ દુર્ઘટના બની છે. ફેક્ટરીના મેનેજર અને માલિક ફરાર છે. ઘાયલોને સારવાર માટે હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. એક્સપ્લોસિવ ડિપાર્ટમેન્ટની એક ટીમ હાલ ઘટના સ્થળે તહેનાત છે. હાલ આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

# દિલ્હીના અક્ષરધામ મંદિર નજીક બંદૂકની અણીએ બે લોકો પાસેથી ૫૦ લાખની લૂંટ

**નવી દિલ્હી**

દેશની રાજધાની દિલ્હીમાં બંદૂકની અણીએ બે કર્મચારીઓ પાસેથી ૫૦ લાખ રૂપિયાની લૂંટ કરવામાં આવી હતી. અક્ષરધામ મંદિર પાસે ભીડભાડવાળા વિસ્તારમાં આ ઘટના બની હતી. આ દરમિયાન ચાર બદમાશોમાંથી એકને લોકોએ પકડીને પોલીસને હવાલે કર્યો હતો. લૂંટની આ ઘટના બાદ વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઘટના બાદ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. હાલ પોલીસ આ સમગ્ર ઘટનાની તપાસમાં વ્યસ્ત છે.એજન્સી અનુસાર, પોલીસે જણાવ્યું કે ગાઝિયાબાદના એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના બે કર્મચારીઓને પૂર્વ દિલ્હીમાં અક્ષરધામ મંદિર પાસે લૂંટવામાં આવ્યા હતા. અહીં બંને પાસેથી બંદૂકની અણીએ ૫૦ લાખ રૂપિયાની લૂંટ કરાઈ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના બુધવારે બપોરે મંદિરથી થોડાક મીટર દૂર પાંડવ નગરમાં બની હતી.પોલીસનું કહેવું છે કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના કર્મચારી મોહિત શર્મા અને અરુણ ત્યાગી પશ્ચિમ દિલ્હીમાં કોઈ પાસેથી પૈસા લઈને બાઈક પર ગાઝિયાબાદ તરફ જઈ રહ્યા હતા. જ્યારે તેઓ બંને મંદિરની નજીક નેશનલ હાઈવે-૯ પર પહોંચવાના હતા, ત્યારે બાઈક પર સવાર ચાર લોકોએ બંદૂક બતાવી અને તેમને રોકવાનો સંકેત આપ્યો. આ જગ્યાએ ખૂબ ભીડ છે.પોલીસનું કહેવું છે કે જ્યારે બંને કર્મચારીઓએ બાઈક સવારોને જોઈને ભાગવાનો પ્રયાસ કર્યો ત્યારે લૂંટારાઓએ તેમને બાઈક સાથે ટક્કર મારી હતી, જેના કારણે તેઓ રોડ પર પડી ગયા હતા. આ પછી ઝપાઝપી થઈ, જેમાં એક આરોપી પડી ગયો.અન્ય ત્રણ લૂંટારુઓ રોકડ ભરેલો થેલો આંચકીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.

# એક પણ આતંકવાદી છૂટવો નહીં જોઈએ, મોદીએ કાશ્મીર મુદ્દે કરી હાઈલેવલ મીટિંગ

**નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસોમાં એક પછી એક આતંકી હુમલા બાદ પીએમ મોદીએ ખુદ મોર્ચો સંભાળી લીધો છે. તેમણે સુરક્ષા એજન્સીઓ સાથે વિવિધ પક્ષે આતંકવાદીઓ સામે પુરી ક્ષમતા સાથે મુકાબલો કરવાના સ્પષ્ટ નિર્દેશ આપી દીધા છે. પીએમ મોદીએ જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિને લઈને ગુરુવારે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ પણ હાજર હતા. રિવ્યૂ મિટિંગમાં પીએમ મોદીને જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલા સાથે જ અત્યાર સુધીમાં લેવામાં આવેલા પગલા વિશે જાણકારી આપવામાં આવી હતી. પીએમ મોદીએ જમ્મુ કાશ્મીરની સુરક્ષા સ્થિતિ પર ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલ મનોજ સિન્હા સાથે પણ વાત કરી છે. વડાપ્રધાને કહ્યું છે કે, એક પણ આતંકવાદી છૂટવો ન જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે જમ્મુ કાશ્મીરની સ્થિતિની સમીક્ષા કરી હતી. પીએમ મોદીએ તેને લઈને હાઈ લેવલ મીટિંગની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે એનએસએ અજિત ડોભાલ પણ હાજર હતા. આ દરમ્યાન પીએમ મોદીએ આતંકી ઘટના સાથે આતંકવાદીઓ વિરુદ્ધ ચલાવામાં આવી રહેલા અભિયાન વિશે જાણકારી આપવામાં આવી હતી.

# કેનેડામાં નાના ઘર માલિકો આર્થિક રીતે તણાવગ્રસ્ત થવાની શક્યતા વધી

**ઓન્ટેરિયો**

ગીરો ધરાવનાર 10માંથી છ કેનેડિયનો આર્થિક રીતે તણાવગ્રસ્ત છે. નાના મકાનના માલિકો દબાણ હેઠળ હોવાની શક્યતા વધુ છે. નવા લેગર સર્વેક્ષણમાં ગીરો ધરાવનાર 18થી 34 વર્ષની વયના 68 ટકા ઉત્તરદાતાઓએ કહ્યું હતુ કે, તેઓ તેમના ગીરો અંગે ખૂબ જ અથવા અમુક અંશે આર્થિક રીતે તણાવમાં છે, જેની સરખામણીમાં તમામ મકાનમાલિકોમાં 62 ટકા છે. ગયા અઠવાડિયે બેન્ક ઓફ કેનેડાએ તેના ચાવીરૂપ વ્યાજ દરમાં ઘટાડો કર્યો હતો, જેમાં સેન્ટ્રલ બેન્કની ફુગાવા સામેની લડાઈ પછી ઋણ લેનારાઓને થોડી રાહત આપી હતી. લેગર દ્વારા સર્વેક્ષણ કરાયેલા 10માંથી ચાર કેનેડિયનોએ જણાવ્યું હતું કે, તેઓને લાગે છે કે બેંક ઓફ કેનેડાએ સાવધ રહેવું જોઈએ. કારણ કે, તે વ્યાજ દરો ઘટાડે છે, પરંતુ બીજા ત્રીજાને લાગે છે કે તે પૂરતું ઝડપથી ચાલી રહ્યું નથી. દર વર્ષે $100,000 કરતાં વધુ કમાણી કરતા પરિવારોના પ્રતિસાદકર્તાઓ સેન્ટ્રલ બેંકની સાવધાનીનું સમર્થન કરે છે તેવું કહેવાની શક્યતા વધુ હતી. લેગરે જૂન 7 અને જૂન 9 વચ્ચે 1,528 કેનેડિયનોના અભિપ્રાય લીધા હતા.

# હિમાચલ પ્રદેશ, એમપી અને ઉત્તરાખંડમાં પેટાચૂંટણી માટે ભાજપના ઉમેદવારો જાહેર

**ભોપાલ**

દેશના વિવિધ રાજ્યોમાં વિધાનસભા પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. દરમિયાન, ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ વિવિધ રાજ્યોમાં યોજાનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિવિધ બેઠકો માટેના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. તમને જણાવી દઈએ કે પાર્ટીએ હિમાચલ પ્રદેશની દેહરા વિધાનસભા સીટ માટે હોશિયાર સિંહ ચંબ્યાલને ઉમેદવાર બનાવ્યા છે. ભાજપે હમીરપુરથી આશિષ શર્મા અને નાલાગઢથી કૃષ્ણલાલ ઠાકુરને ઉમેદવાર બનાવ્યા છે. ભાજપે કમલેશ શાહને મધ્યપ્રદેશની અમરવાડા સીટ તેમજ ઉત્તરાખંડની બદ્રીનાથ સીટ પરથી રાજેન્દ્ર સિંહ ભંડારી અને મેંગલોરથી કરતાર સિંહ ભડાનાને ઉમેદવાર બનાવ્યા છે. પશ્ચિમ બંગાળની 4 સીટો, હિમાચલ પ્રદેશની ત્રણ સીટો અને ઉત્તરાખંડની ત્રણ સીટો પર પેટાચૂંટણી યોજાવાની છે. તમને જણાવી દઈએ કે દેશની કુલ 13 વિધાનસભા સીટો પર પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. તેમાં રૂપૌલી (બિહાર), રાયગંજ (પ. બંગાળ), રાણાઘાટ દક્ષિણ (પ. બંગાળ), બગડા (પ. બંગાળ), માનિકતાલા (પ. બંગાળ), વિક્રવંડી (તામિલનાડુ), અમરવાડા (મધ્યપ્રદેશ), બદ્રીનાથ (ઉત્તરાખંડ), મેંગલોરનો સમાવેશ થાય છે. (ઉત્તરાખંડ), જલંધર પશ્ચિમ (પંજાબ), દેહરા (હિમાચલ પ્રદેશ), હમીરપુર (હિમાચલ પ્રદેશ) અને નાલાગઢ (હિમાચલ પ્રદેશ).

## ભારતમાં એનડીએ સરકાર (પેજ 4નું ચાલુ)

કહેવાય છે કે આ બંને કાર્યક્રમો માટે ખાનગી હવાઈ જહાજ ખુદ પીએમ મોદીએ પટના મોકલ્યા હતા. પરંતુ બહાનાઓ કાઢી નીતિશ આવ્યા ન હતા.

જો કે, જદયુના કોઈ નેતાએ હજી સુધી જાહેરમાં નારાજગી બતાવી નથી. રાજકીય તજજ્ઞોના મતે નીતીશની સૌથી મોટી માંગ એવી છે કે બિહારમાં વિધાનસભાને ભંગ કરી શક્ય હોય તેટલી જલ્દી ચૂંટણી કરાવાય. તેજસ્વીની સાથેથી છેડો ફાડ્યો ત્યારથી નીતીશ આ માંગ કેન્દ્ર સમક્ષ કરતા રહ્યા છે. પરંતુ તે સમયે ઓક્ટો. નવે.નો વાયદો કરાયા પછી કોઈ જાહેરાત થઈ નથી. હાલમાં પણ આ જ મુદ્દે બંને પક્ષ વચ્ચે ખટરાગ છે. ભાજપ હાલમાં બિહારમાં ચૂંટણી ઈચ્છતો નથી. તે દિલ્હી વિધાનસભાને નામે હવે બિહારની ચૂંટણી પણ લંબાવવાની વેતરણમાં છે. હકીકતમાં બિહારમાં નીતિશનો કાર્યકાળ નવે.માં પુરો થાય છે. એટલે તે પહેલાં જ નીતિશ ચૂંટણી કરવા ઈચ્છે છે પણ ભાજપ કોઈ ચોક્કસ રણનીતિ હેઠળ તેવું ઈચ્છતો નથી. નીતિશકુમાર ભાજપની આ ચાલને સારી રીતે સમજી ગયા હોવાનું કહેવાય છે.

આ ઉપરાંત શિંદે જૂથની શિવસેનાના સાત સાંસદ હોવા છતાં તેમાંથી માત્ર એકને રાજ્ય કક્ષાનું મંત્રી પદ અપાયુ છે. તેથી શિંદે જૂથના સાંસદ શ્રીરંગ બર્નેએ કહ્યું હતુ કે, અમારા કરતા ઓછી બેઠકો ધરાવતાં પક્ષોને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. જ્યારે અમારા સાત સાંસદો હોવાથી એક કેબિનેટ મંત્રી અને એકને રાજ્યકક્ષાના મંત્રી બનાવાઈ તેવી ઈચ્છા અમે ધરાવતા હતા. પરંતુ નવી સરકારની રચનામાં પક્ષપાત થવા સાથે અમોને અન્યાય થયો છે. નોંધવા જેવી બાબત તો એ પણ છે કે, ટીડીપીએ તો અગાઉથી જ સ્પીકર પદની માંગણી કરી છે.

# ૧૩ રનથી વિજય મેળવી વિન્ડીઝ સુપર-૮મા, ન્યૂઝીલેન્ડ બહાર

## વિન્ડીઝ ૯/૧૪૯, રુધરફોર્ડ ૬૮*, ન્યૂઝીલેન્ડ ૯/૧૩૬, જોસેફ ૪/૧૯

**તારોબા**


મેન ઓફ ધ મેચ બનેલા શેરફાન રુધરફોર્ડની આક્રમક ઈનિંગની મદદથી વેસ્ટ ઈન્ડિઝે આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-સીની મેચમાં ન્યૂઝીલેન્ડને ૧૩ રનથી હરાવીને સુપર-૮ માટે ક્વોલિફાય કરી લીધું છે. આ સાથે ન્યૂઝીલેન્ડના વર્લ્ડ કપ અભિયાનનો અંત આવી ગયો છે. વેસ્ટ ઈન્ડિઝના નવ વિકેટે ૧૪૯ રનના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ નવ વિકેટે ૧૩૬ રન નોંધાવી શકી હતી. રનચેઝ કરનાર કિવિ ટીમે ૧૧મી ઓવર સુધીમાં ડેવોન કોનવે (૫) તથા સુકાની કેન વિલિયમ્સન (૧) સહિત ૬૩ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ન્યૂઝીલેન્ડ માટે મિડલ ઓર્ડરમાં ગ્લેન ફિલિપ્સે ૩૩ બોલમાં ત્રણ બાઉન્ડ્રી અને બે સિક્સર વડે ૪૦ તથા ટોચના ક્રમે ફિન એલને ૨૩ બોલમાં ૨૬ રન બનાવ્યા હતા. કેરેબિયન ટીમ માટે અલઝારી જોસેફે ૧૯ રનમાં ચાર તથા ગુડાકેશ મોતીએ ૨૫ રનમાં ત્રણ વિકેટ ખેરવી હતી. વેસ્ટ ઈન્ડિઝ માટે રુધરફોર્ડ ૩૯ બોલમાં છ સિક્સર અને બે બાઉન્ડ્રી વડે અણનમ ૬૮ રન બનાવીને ટોપ સ્કોરર રહ્યો હતો. આ ઉપરાંત પૂરને ૧૭ તથા અકિલ હુસૈને ૧૫ રન બનાવ્યા હતા.



## નેધરલેન્ડ્સને ૨૫ રનથી હરાવી બાંગ્લાદેશની સુપર-૮ તરફ આગેકૂચ

કિંગ્સટાઉન : શાકિબ અલ હસનની અડધી સદી બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી બાંગ્લાદેશે ટી૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-ડીની મેચમાં નેધરલેન્ડ્સને ૨૫ રનથી હરાવીને સુપર-૮ માટે પોતાનો દાવો મજબૂત કર્યો હતો. બાંગ્લાદેશના પાંચ વિકેટે ૧૫૯ રનના સ્કોર સામે નેધરલેન્ડ્સની ટીમ ૮ વિકેટે ૧૩૪ રન બનાવી શકી હતી. નેધરલેન્ડ્સ માટે એન્જલબ્રેચે ૩૩ તથા વિક્રમજિતે ૨૬ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશે ઇનિંગનો નિરાશાજનક પ્રારંભ કર્યો હતો અને માત્ર ૨૩ રનના સ્કોરે સુકાન નજમુલ સાન્તો (૧) અને લિટન દાસ (૧)ની વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર તાનઝિદ હસને ૨૬ બોલમાં ૩૫ રન બનાવ્યા હતા. શાકિબે સતત એક છેડો જાળવી રાખીને ૪૬ બોલમાં નવ બાઉન્ડ્રી વડે અણનમ ૬૪ રન બનાવ્યા હતા. નીચલી હરોળમાં અનુભવી બેટ્સમેન મહમુદુલ્લાહે ૨૧ બોલમાં બે બાઉન્ડ્રી અને બે સિક્સર વડે ૨૫ રન બનાવ્યા હતા. આર્યન દત્તે ૧૭ રનમાં બે તથા પોલ વાન મિકેરેને ૧૫ રનમાં બે વિકેટ ખેરવી હતી.

## પાકિસ્તાન ઉપર મહાસંકટ : ફ્લોરિડામાં આવેલા પૂરના કારણે બાબરસેના મુશ્કેલીમાં



### અમેરિકા અને આયરલેન્ડનો મુકાબલો, મેચ રદ થાય તો અમેરિકા પાંચ પોઇન્ટ સાથે સુપર-૮માં પ્રવેશશે

ન્યૂયોર્ક : આઇસીસી ટી૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ તબક્કામાં બે મેચ હાર્યા બાદ પાકિસ્તાને ભલે ત્રીજી મેચ જીતી હોય અને એક મેચ બાકી હોવા છતાં તે સુપર-૮માંથી બહાર થઈ શકે છે. ફ્લોરિડામાં આવેલા ભારે વરસાદના કારણે ચોમેર પૂરની સ્થિતિ છે અને પાકિસ્તાન ઉપર ટૂર્નામેન્ટની બહાર થવાનું સંકટ તોળાયું છે. ૧૪મી શુક્રવારે અમેરિકા અને આયરલેન્ડ વચ્ચે રમાનારો મુકાબલો પાકિસ્તાન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ બની ગયો છે. જો આ મેચ વરસાદ અને પૂરના કારણે રદ કરવામાં આવે તો પાકિસ્તાનની ટીમ વર્લ્ડ કપમાંથી બહાર થઈ જશે.

### ભારત-કેનેડાનો મુકાબલો રદ થવાની સંભાવના

ભારતીય ટીમ ન્યૂયોર્કથી ફ્લોરિડા રવાના થઈ ચૂકી છે પરંતુ ટીમને ટ્રાવેલિંગ દરમિયાન વરસાદના કારણે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. રોહિત શર્માના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ શનિવારે કેનેડા સામે રમવાનું છે પરંતુ ભારે વરસાદના કારણે આ મુકાબલો રદ થાય તેવી સંભાવના છે. ૧૬મી જૂને પાકિસ્તાન અને આયરલેન્ડનો મુકાબલા પણ રદ થઈ શકે છે.

## ૨૪૮ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલું નાસાઉ સ્ટેડિયમ તોડી નાંખવામાં આવશે

**ન્યૂયોર્ક**

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ માટે ટેમ્પરરી તૈયાર કરવામાં આવેલું નાસાઉ કાઉન્ટી ક્રિકેટ સ્ટેડિયમને શુક્રવારથી તોડવામાં આવશે અને પૂરું જમીનદોસ્ત કરતા લગભગ છ સપ્તાહનો સમય લાગશે. વર્લ્ડ કપમાં લો-સ્કોરિંગ મેચોવાળી રોમાંચક મેચોનું સાક્ષી બનેલું આ સ્ટેડિયમ તેની ડ્રોપ ઈન પિચોના કારણે વિવાદોનું કેન્દ્ર પણ બન્યું છે. જાન્યુઆરી મહિનામાં સ્ટેડિયમ તૈયાર કરવામાં આવ્યું. ૧૦૦ દિવસમાં તૈયાર થયેલા આ સ્ટેડિયમમાં એડિલેડની લેબોરેટરીમાં તૈયાર થયેલી ૧૦ ડ્રોપ ઈન પિચો ફ્લોરિડા લાવવામાં આવી હતી. ત્યારબાદ લગભગ ૧૨૦૦ કિલોમીટરની મુસાફરી કરીને આ પિચો ન્યૂયોર્ક પહોંચી હતી.

## વિમ્બલ્ડન સિંગલ્સ વિજેતાને ૨૭ લાખ પાઉન્ડ મળશે, બજેટ પાંચ કરોડનું થયું

### ક્વોલિફાઈંગ ટૂર્નામેન્ટની ઇનામી રકમમાં પણ વધારો કરાયો

**લંડન**

ઓલ ઈંગ્લેન્ડ ક્લબના અધિકારીઓએ જાહેરાત કરી છે કે વિમ્બલ્ડનની કુલ પુરસ્કારની રકમ વધારીને વિક્રમી પાંચ કરોડ પાઉન્ડ (લગભગ છ કરોડ ૪૦ લાખ ડોલર)ની કરવામાં આવી છે. પ્રત્યેક સિંગલ્સ ચેમ્પિયનને ૨૭ લાખ પાઉન્ડ (૩૪ લાખ ૫૦ હજાર ડોલર) મળશે. કુલ ઈનામી રકમ ગયા વર્ષની તુલનામાં ૫૩ લાખ પાઉન્ડ (૬૩ લાખ ડોલર) વધારે છે જે ૧૧.૯ ટકા જેટલો વધારો છે. દસ વર્ષ પહેલાં આ ગ્રાસ કોર્ટ ગ્રાન્ડસ્લેમ ટૂર્નામેન્ટમાં અપાયેલી બે કરોડ ૫૦ લાખ પાઉન્ડ કરતાં લગભગ બે ગણી રકમ છે.

ઓલ ઈંગ્લેન્ડ ક્લબના નવા પ્રમુખ ડેબોરા જેવાન્સે જણાવ્યું હતું કે ટિકિટોની માંગણીમાં ચાલુ વર્ષે સહેજ પણ ઘટાડો થયો નથી. આ વખતે વિજેતાઓને મળનારી રકમમાં પ્રત્યેક કેટેગરીમાં ત્રણ લાખ ૫૦ હજાર પાઉન્ડનો વધારો કરવામાં આવ્યો છે. સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં હારનાર ખેલાડીઓને ૬૦ હજાર પાઉન્ડ આપવામાં આવશે. ગયા વર્ષે આ રકમ ૫૫ હજાર પાઉન્ડની હતી.

## શુક્રવારથી યુરો કપ-2024નો પ્રારંભ : જર્મની અને સ્કોટલેન્ડ વચ્ચે પ્રથમ મુકાબલો

**મ્યુનિચ**

યૂરો કપ ફૂટબોલ ૨૦૨૪નો શુક્રવારે (ભારતીય સમય મુજબ ૧૫મીએ વહેલી સવારે ૧૨:૩૦ કલાકે) પ્રારંભ થશે ત્યારે કેટલીક મજબૂત ટીમો ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈટાલીનો તાજ છીનવવાના તમામ પ્રયાસ કરશે. જર્મની પોતાની પ્રથમ પસંદગીના મ્યૂનિચ સ્ટેડિયમમાં ઓપનિંગ મુકાબલો સ્કોટલેન્ડ સામે રમશે અને યજમાન જર્મની પોતાની શાનદાર સફર ૧૪મી જુલાઈએ બર્લિનમાં રમાનારી ફાઈનલ સુધી જારી રહેશે તેવી આશા રાખશે. જર્મની ૨૦૦૬ના ફિફા વર્લ્ડ કપ બાદ પ્રથમ વખત કોઈ મેન્સ ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટની યજમાની કરી રહ્યું છે. ૨૦૨૦માં કોરાના વાઈરસની મહામારીના કારણે એક વર્ષના વિલંબ બાદ યૂરો કપ રમાયો હતો.





# પ્રમુખ જો બાઈડનનો પુત્ર ડ્રગ્સ લેવાના કેસમાં દોષિત ઠર્યો, પૂર્વ પ્રેમિકાએ જ આપી જુબાની

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ જો બાઈડનને નવેમ્બરમાં યોજાનારી ચૂંટણી પહેલા મોટો આંચકો લાગ્યો છે. કોર્ટે અમેરિકન પ્રમુખના પુત્ર હંટર બાઈડનને ડ્રગ્સ મામલામાં દોષિત ઠેરવ્યો છે. હવે તેને 120 દિવસમાં સજા સંભાળાવાઈ શકાય છે. હંટરને અમેરિકન કાયદા અનુસાર 25 વર્ષ સુધી સજા થઈ શકે છે. અન્ય એક કેસમાં હન્ટર પર બંદૂકના લાયસન્સ માટે અરજી કરતી વખતે તેના ડ્રગ એડિક્શન વિશેની માહિતી છુપાવવાનો આરોપ છે. આ કેસમાં પણ



હંટરને દોષિત ઠેરવાયો છે. અમરિકાના ઈતિહાસમાં પહેલીવાર બનશે કે જ્યારે કોઈ સીટિંગ પ્રમુખના પુત્રને કોર્ટે દોષિત ઠેરવ્યો હોય.

ઓક્ટોબર 2018માં હંટરે કોલ્ટ કોબ્રા રિવોલ્વર ખરીદતી વખતે સાચી માહિતી આપી ન હતી. તે સમયે હંટરને ડ્રગ્સ લેવાની આદત હતી અને નિયમિત રીતે નશીલી દવાઓનું સેવન પણ કરતો હતો. તેણે રિવોલ્વર ખરીદતી વખતે ડોક્યુમેન્ટ્માં ખોટી જાણકારી આપી હતી. બીજો આરોપ એ પણ છે કે જ્યારે હંટર નશીલા પદાર્થોનું સેવન કરતો હતો અને છતાં તેની પાસે રિવોલ્વર હતી. અમેરિકન કાયદા મુજબ બંદૂક ખરીદતી વખતે નશીલા પદાર્થોનું સેવન વિશે માહિતી આપવી જરૂરી છે.

# રશિયન સેનામાં ભરતી થયેલા બે ભારતીયો યુક્રેન યુદ્ધમાં માર્યા ગયા

**મોસ્કો**

ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે રશિયન સેનામાં ભરતી થયેલા બે ભારતીય નાગરિકો યુક્રેન યુદ્ધમાં માર્યા ગયા છે. એક નિવેદનમાં જણાવ્યું કે, 'મોસ્કોમાં ભારતીય દૂતાવાસે આ મામલો નવી દિલ્હીમાં રશિયન રાજદૂત અને મોસ્કોમાં રશિયન સત્તાધીશો સમક્ષ રશિયન સેનામાં ફરજ બજાવતા તમામ ભારતીય નાગરિકોની વહેલા મુક્તિ અને વતનવાપસી કરાવવા મજબૂત રીતે આ મુદ્દો ઉઠાવ્યો છે.'

વિદેશ મંત્રીના નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ભારતે રશિયન સેના દ્વારા તેના નાગરિકોની વધુ ભરતી રોકવાની પણ માંગ કરી છે.

મંત્રાલયે ફરી એકવાર ભારતીય નાગરિકોને રશિયામાં રોજગારની તકો શોધતી વખતે સાવચેત રહેવા વિનંતી કરી છે. માર્ચમાં, વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને સાવચેત રહેવા અને રશિયન સૈન્ય એકમોમાં જીવન જોખમી નોકરીઓ કરવાનું ટાળવા સૂચના આપી હતી. સાવચેતી રાખવાની આ સૂચના રશિયન આર્મીમાં સપોર્ટ સ્ટાફ તરીકે કામ કરતા બે ભારતીય નાગરિકોના મૃત્યુ બાદ આપવામાં આવી છે.

# પાકિસ્તાનમાં સૈન્ય ઓપરેશનમાં 11 આતંકવાદીઓ ઠાર મરાયા

## આતંકી હુમલામાં કેપ્ટન સહિત 7 સૈનિકોના મોત થયા

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનની સેનાએ એક નિવેદનમાં જણાવ્યું કે આઈબી ઈનપુટના આધારે કરાયેલા દરોડામાં રવિવારે અફઘાનિસ્તાનની સરહદે આવેલા ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના લક્કી મારવત જિલ્લામાં સાત પાકિસ્તાની આર્મી સૈનિકોને માર્યા ગયેલા રોડસાઈડ બોમ્બ વિસ્ફોટના જવાબમાં તે શરૂ કરવામાં આવ્યું હતું. સૈન્યના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ વિસ્તારમાં મળી આવેલા અન્ય આતંકવાદીઓને ખતમ કરવા માટે હજુ પણ ઓપરેશન ચાલુ છે અને સુરક્ષાદળો પાકિસ્તાનમાં આતંકવાદના ખતરાને ખતમ કરવા માટે સંપૂર્ણ રીતે સંકલ્પબદ્ધ છે.

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં થયેલા આતંકવાદી હુમલામાં એક કેપ્ટન સહિત સાત સૈનિકોના મોત થયા હતા. રવિવારે લક્કી મરવત જિલ્લાના સરબંદ પોસ્ટ આવતા કાફલા પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આ આતંકી હુમલા પછી પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કડક વલણ અપનાવ્યું હતું.

# ચીનના પાર્કમાં અમેરિકાના ચાર પ્રોફેસરોને એક શખ્સે છરીના ઘા ઝીંકી દીધા : 1 ગંભીર

**જિલિન**

ચીન અને અમેરિકાએ તંગદિલી ઘટાડવા શૈક્ષણિક આપ-લે કરવાની શરૂઆત કરી છે. પરંતુ ચીન - અમેરિકા વચ્ચે દાયકાઓથી ઘૂંટાયેલું વિષ વ્યાપી રહ્યું છે, જે માત્ર સરકારો ઉપર-ઉપરથી છાવરવા પ્રયત્નો કરે છે. પરંતુ બંને દેશોની પ્રજાઓ વચ્ચે તો દાયકાઓથી બાપે-માર્યા વેરના વિષ જેવું વિષ ઘૂંટાઈ રહ્યું છે. તેને લીધે અહીંના એક પાર્કમાં અમેરિકાના જ પ્રોફેસરો ઉપર એક શખ્સે છરીના ઘા ઉપર ઘા ઝીંકી દીધા છે. તે ચારેને અહીંની હોસ્પિટલમાં દાખલ કરાયા છે તે જ પૈકી એક પ્રોફેસરને તો ગંભીર ઈજાઓ થઈ છે. તેમ અમેરિકાની અગ્રીમ પ્રસારણ સંસ્થા સીએનએન જણાવે છે. તેનાં પ્રસારણમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, તે ઘા મારનાર શખ્સની ધરપકડ પણ થઈ ગઈ છે. હુમલો કરનાર ૫૫ વર્ષનો શખ્સ છે અને તેનું નામ કુઈ હોવાનું જાણવા મળ્યું છે. અમેરિકાના આયોવા રાજ્ય સ્થિત માઉન્ટ



વર્નોનની એક ખાનગી લિબર આર્ટસ કોલેજ કોર્નેલ કોલેજના આ ચારે પ્રોફેસરો જિલિન શહેરની બીહુયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરાવે છે. તેઓને પાર્ટનરશિપ પ્રોગ્રામ નીચે ચીન મોકલવામાં આવ્યા હતા. પરંતુ સોમવારે સાંજે તેઓ એક પાર્કમાં ફરતા હતા તે દરમિયાન તેઓ ઉપર કુઈએ અચાનક હુમલો કર્યો હતો.

# ઈટાલીમાં ખાલિસ્તાનીઓની કરતૂત, મોદીની મુલાકાત પહેલાં ગાંધીજીની પ્રતિમા તોડી નાંખી

**મ્યુનિચ**

ઈટાલીમાં 13 થી 15 જૂન દરમિયાન G7 સમિટ યોજાશે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 13 જૂને G7 સમિટમાં ભાગ લેવા માટે રવાના થશે. પરંતુ પીએમ મોદીની મુલાકાત પહેલા જ ઈટાલીમાં ખાલિસ્તાન સમર્થકોએ મહાત્મા ગાંધીની પ્રતિમાને તોડી નાખી હતી.

આ પહેલા પણ ઈટાલીમાં ખાલિસ્તાની સમર્થકોએ આ ઘૃણાસ્પદ કૃત્ય કર્યું હતું. આ ઘટનાની તસવીરો સામે આવી છે, જેમાં જોવા મળી રહ્યું છે કે મહાત્મા ગાંધીની પ્રતિમા તોડ્યા બાદ ખાલિસ્તાની સમર્થકોએ ત્યાં વિરોધમાં નારા પણ લખ્યા છે. આ ઘટના પર વિદેશ મંત્રાલયે પણ પ્રતિક્રિયા આપી છે. આ બાબતે વિદેશ સચિવે કહ્યું કે, ઈટાલીમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને નુકસાન પહોંચાડવાની ઘટના નિંદનીય છે. તેમણે પ્રતિમાના નુકસાન



અંગે ઈટાલીના અધિકારીઓ સાથે વાત કરી છે. તેમજ આ મામલે જરૂરી કાર્યવાહી કરવા માંગ કરી છે. ઈટાલિયન પ્રશાસને આ ઘટના માટે જવાબદાર ગુનેગારોને ઓળખવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

# પશ્ચિમ કોંગોમાં 270થી વધુ લોકોને લઈ જતી બોટ નદીમાં પલટી, 80ના મોત

**કાંગો**

મધ્ય આફ્રિકામાં સ્થિત દેશ કાંગોથી એક દર્દનાક દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. વિગતો મુજબ કાંગોની રાજધાની કિન્શાસા નજીક નદીમાં 270થી વધુ મુસાફરોને લઈ જતી બોટ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં 80થી વધુ લોકોના મોતના સમાચારથી ચકચાર મચી ગઈ છે. નોંધનિય છે કે, દેશના રાષ્ટ્રપતિ ફેલિક્સ ત્શિસેકેદીએ બુધવારે આ માહિતી આપી હતી. પ્રાથમિક વિગતો મુજબ મુસાફરોને લઈ જતી બોટ નદી કિનારે અથડાઈ અને તૂટી અને આ દુર્ઘટના સર્જાઈ હતી.

કાંગોની રાજધાની કિન્શાસા નજીક નદીમાં એક બોટ સેંકડો મુસાફરોને લઈને કિંશાસા જઈ રહી હતી. આ દરમિયાન અચાનક માર્ગમાં એન્જીન ફેલ થવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી.

મુશી જિલ્લામાં વોટર કમિશનર રેઈન મેકરે અકસ્માત અંગે માહિતી આપતા કહ્યુ કે, આ દુર્ઘટનામાં અત્યાર સુધી 86 મુસાફરોના મોત થયા હતા. આ સાથે 185 લોકો નદીમાં તરીને કિનારે પહોંચવામાં સફળ થયા હતા. મહત્વનું છે કે, આ સ્થળ મુશીના નજીકના શહેરથી લગભગ 70 કિલોમીટર (43 માઈલ) દૂર છે.

# ફ્લોરિડામાં દારૂ પીધા બાદ સૂટકેસમાં સંતાયેલો પ્રેમી ગૂંગળાઈ ગયો

**મેક્સિકો સિટી**

અમેરિકાના ફ્લોરિડામાં એક મહિલાએ તેના પ્રેમીની હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે. આ યુવતીનું નામ સારાહ બૂન છે, મહિલાએ પોલીસને માહિતી આપી હતી કે તે લાંબા સમયથી જ્યોર્જ સાથે રિલેશનશિપમાં હતી. બંનેએ રાત્રે દારૂ પીધો અને પછી સંતાકૂકડીની રમત રમી હતી. દરમિયાન પ્રેમી સૂટકેસમાં સંતાઈ ગયો હતો. તેણીએ સૂટકેસમાં તેના પ્રેમીને શોધી કાઢ્યો હતો. પરંતુ નશાના કારણે તે સૂઈ ગયો હતો. વિચાર્યું કે પ્રેમી પોતે બહાર આવશે. પરંતુ સવારે તેણીએ તેનો પ્રેમી જોયો ન હતો. આ પછી તે સૂટકેસ તરફ દોડ્યો. જ્યારે તેણે ઝિપ ખોલી તો તેણે જોયું કે તેના પ્રેમીનો શ્વાસ બંધ થઈ ગયો હતો. ગૂંગળામણના કારણે તેનું મોત થઈ ગયું હતું.

# એલન મસ્કે ફેબ્રુઆરીમાં ઓપન-AI કંપની સામે નોંધાવેલો કેસ પાછો ખેંચ્યો

**વોશિંગ્ટન**

મસ્ક કંપનીથી અલગ થયા પછી ઓપન-એઆઈને માઈક્રોસોફ્ટ તરફથી અબજો ડોલરનું ભંડોળ મળ્યું ચેટજીપીટી તૈયાર કરનારી કંપની ઓપન-એઆઈ અને તેના સીઈઓ ઓલ્ટમેન માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ટેસ્લાના સીઈઓ એલન મસ્કે ફેબ્રુઆરીમાં ઓપન-એઆઈ કંપની સામે નોંધાવેલો કેસ પાછો ખેંચી લીધો છે.

હકીકતે અબજોપતિ ઉદ્યોગ સાહસિક મસ્કે કંપની પર આક્ષેપ કર્યા હતા કે ઓપન-એઆઈ કંપની માનવતાને લાભ પહોંચાડવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિકસાવવાના પોતાના મૂળ મિશનને પાછળ છોડી દઈને માત્ર નાણાકીય આવક કરવાના કામે લાગી ગઈ છે.

એલન મસ્કે આરોપ લગાવ્યા હતા કે લોકોની ભલાઈ માટે એઆઈ સિસ્ટમ વિકસાવવાના પોતાના લક્ષ્ય સાથે સમજૂતી કરી છે. આ કેસ ખાસ કરીને ઓપન-એઆઈ કંપનીના સીઈઓ સેમ ઓલ્ટમેન અને અધ્યક્ષ ગ્રેગ બ્રાકમેન વિરુદ્ધ દાખલ કરવામાં આવ્યો હતો. મસ્કે આરોપ લગાવ્યો હતો કે કંપની એક ઓપન સોર્સ યુનિટ રહેવાને બદલે માઈક્રોસોફ્ટની એક ક્લોઝ- સોર્સ સહાયક કંપની બની રહી છે.

# સમગ્ર દુનિયામાંથી 15 લાખથી વધુ યાત્રિકો હજયાત્રા માટે મક્કા પહોંચી ગયા

**ન્યૂયોર્ક**

આ અઠવાડિયાના અંતમાં શરૂ થતી હજયાત્રાથી પહેલા હજ જાયરીનની વધુ સંખ્યામાં સાઉદી અરબના મક્કા પહોંચ્યા છે. સાઉદી અધિકારીઓએ જણાવ્યું કે શુક્રવાર સુધી 15 લાખ કરતાં વિદેશી હજ જાયરીન મક્કા પહોંચી ચુક્યા છે. મોટાભાગના જાયરની વિશ્વના જુદા-જુદા દેશોથી વિમાન માર્ગે અહીં આવે છે. શુક્રવારે સત્તાવાર રીતે શરૂ થતી હજ માટે વધુ લોકો પહોંચવાની આશા છે. આ ઉપરાંત સાઉદી અરબમાં રહેતા હજારો મુસ્લિમો અને બીજા લોકો પણ હજમાં સામેલ થશે. સાઉદી અધિકારીયોએ જણાવ્યું કે તેમને આશા છે કે, આ વર્ષે હજયાત્રામાં સામેલ થનાર લોકોની સંખ્યા-2023 કરતાં વધુ છે.

Shreeji Bapa

|| Jay Shree Swaminarayan ||

Swami Bapa



|| INVITATION ||

# DASHABDI MAHOTSAV

## 10TH ANNIVERSARY CELEBRATION

To: ____________________

**Shree Swaminarayan Sidhhant Sajivan Mandal, Toronto Canada**
**cordially invite you & your family to celebrate with us**

## DASHABDI MAHOTSAV

**Friday**
**28th June, 2024**
**8:30 am**
Parayan & Swagat Yatra
Mahaprasad 12:30pm
**5:30 pm**
Cultural Parogram
Mahaprasad 7:30pm

**Saturday**
**29th June, 2024**
**8:30 am**
Parayan & Guest Welcome
Mahaprasad 12:30pm
**5:30 pm**
Nagar Yatra
761 Meadowvale Rd,
Scarborough, ON M1C 1T1
Mahaprasad 7:30pm

**Sunday**
**30th June, 2024**
**8:30 am**
Patotsav Vidhi
Followed by
Annakut Darshan, Kirtanbhakti,
Divya Ashirvad & Arti
Mahaprasad 12:30pm

### MAHOTSAV SPONSOR

**Manishaben Dipteshbhai Hasmukhray Joshi Parivar**
**Harshil D. Joshi – Mandal, Bavla**

FOR MORE INFO CALL:

**Haresh Patel- 416.722.4070**
**Vipul Patel - 647.671.8600**
**Dasbhai Patel 647. 828.9579**

### Venue

SHREE SWAMINARAYAN TEMPLE
**6540 Kingston Rd,**
**Scarborough, ON M1C 1L4**

Inspirator: Acharya Swamiji Maharaj
MANINAGAR SHREE SWAMINARAYAN GADI SANSTHAN
SHREE SWAMINARAYAN TEMPLE TORONTO

E: Toronto@swaminarayangadi.com | www.swaminarayangadi.com

@SGadiToronto
SwaminarayanGadi.com/NorthAmerica

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CATEGORY FOR INSIDE OR OUTSIDE CANADA CANDIDATE

DO YOU HAVE IELTS WITH 5 BAND ?

DO YOU HAVE GRADE 12 PLUS ANY DIPLOMA OR DEGREE ?

DO YOU KNOW YOU ARE ELIGIBLE FOR PR BASED - CARE GIVER CATEGORY?

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST



**AMI MEHTA**
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

**CONTACT TODAY TO KNOW MORE**

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911